ॐ

શ્રી સદ્ગોર ઈમામશાહ, તથા નાયાકાકાનો સંવાદ.

અર્થાત

પ્રેમ પાઠ.

લેખક :

સયદ બાવાસાહેબ અહમદઅલી (ખાકી).

મુ. પીરાણા.

પ્રકાશક :

સૈયદ શમ્સદ્દીન બાવાસાહેબ તથા

મુખી કાનજીભાઈ રત્નાભાઈ મુ. પીરાણા.

ઈ. સ. : ૧૯૭૭ સંવત : ૨૦૩૪

આવૃત્તિ : પાંચમી પ્રત : ૧૦૦૦

અમદાવાદ–નવપ્રભાત પ્રીં. પ્રેસમાં શા. મણીલાલ છગનલાલે છાપ્યું. ઘીકાંટા રોડ—અમદાવાદ.

કીંમત રૂા ૩–૦–૦

ૐ

શ્રી સદ્‌ગોર ઈમામશાહ, તથા નાયાકાકાનો સંવાદ.

અર્થાત

પ્રેમ પાઠ.

લેખક :
સયદ બાવાસાહેબ અહમદઅલી (ખાકી).
મુ. પીરાણા.

પ્રકાશક :
સૈયદ શમ્સદ્દીન બાવાસાહેબ તથા
મુખી કાનજીભાઈ રતનાભાઈ મુ. પીરાણા.

ઈ. સ. : ૧૯૭૭ સંવત : ૨૦૩૪
આવૃત્તિ : પાંચમી પ્રત : ૧૦૦૦

અમદાવાદ—નવપ્રભાત પ્રીં. પ્રેસમાં શા. મણીલાલ છગનલાલે છાપ્યું. ઘીકાંટા રોડ—અમદાવાદ.

કીંમત રૂા ૩-૦-૦

realpatidar.com

શ્રી સદ્‌ગોર ઈમામશાહ, તથા નાયાકાકાનો સંવાદ

અર્થાત્

પ્રેમ પાઠ

: લેખક :

સૈયદ બાવાસાહેબ અહમદઅલી (ખાકી)

મુ. પીરાણા

: પ્રકાશક :

સૈયદ શમ્સદ્દીન બાવાસાહેબ તથા

મુખી કાનજીભાઈ રત્નાભાઈ મુ. પીરાણા

ઈ. સ. : ૧૯૭૭ સંવત : ૨૦૩૪

આવૃત્તિ : પાંચમી પ્રત ૧૦૦૦

મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, નોવેલ્ટી સિનેમા પાસે–અમદાવાદ.

કિંમત રૂા. ૨–૦૦

પ્રસ્તાવના

મારા પ્રિય સ્નેહી વાચક વિરાઓ! આ પુસ્તક છપાવવાનું જે સાહસ કર્યું છે, તે ધર્મની ઉન્નતિ ઇચ્છવા, અને પ્રિય ધર્મિભાઈઓથી પુરાતન વિષય ગુપ્ત હતો, તે પ્રગટ કરવા.

આ ગ્રંથમાં જેટલા પદો છે, તેટલા તમામ ગરબી, ગરબા, રાસ વિગેરે રાગોમાં છે. કેટાક પદ તો બૈયરા લોકો ગરબામાં ખાસ ગાઇ શકે તેવા છે, જેથી લોકોને પ્રિય થાએ તેમ છે. આત્મજ્ઞાનનાં બોધનો ભંડાર છે, તેમ બન્ને પક્ષ બરાબર ધરાવે છે, એથી વાચકોને પ્રિય લાગશે.

શુદ્ધ લખાણુ નહિ હોય! કારણુ મુને લખવાનો મહાવરો નથી, છતાં લેખનું મૂળરૂપ ને રહસ્ય સાચવવા મેં પ્રયત્ન કર્યો છે.

શ્રી ઈમામશાહ બાવાના ખાસ સેવકો જે સેવામાં હાજર રહેતા હતા તેમનાં દરેકનાં વર્ણનનો અવકાશ મળે, શ્રી ઇમામગોરની પ્રેરણા હશે તો અવારનવાર છપાવીશું.

ભૂલચુક સુધારી વાંચવી, પુન્ય ભાગમાં મળવા વિન્નતિ છે.

હમારા વડિલ શ્રી નરનાથ હજરત પીર ઇમામ સૈયદ અશરફશાહ સાહેબ જેમનો રોજો હાલ ધોળકામાં છે, તેઓશ્રીનું વર્ણન દિલ્હીનાં ઔરંગજેબ બાદશાહથી ધાર્મિક વિનોદે થએલું અને કરામતની કશોટીની દશ્યે પ્રગટેલું તે છપાવી પ્રગટ કરવાની આશા છે. તે શાહ પીર પુર્ણ કરો.

લેખક :—શુભેચ્છક 'ખાકી'

વિશેષ સૂચના

હું અજ્ઞાન પણ શુદ્ધ ભાવાર્થી, અલ્પ અભ્યાશી પણ સત્સંગનો લોભી, લખવાની ટેવ નહિ હોવા છતાં ઉમ્મંગી, તેથી આ પુસ્તક લખવા સાહસ કર્યું છે, તો તે વિષે તેમાં રહેલી ભૂલો માટે સુજ્ઞ વાચકો પાસે માફી માગું છું, કારણ લેખમાં ભૂલો વિશેષ હશે, તો તે વાંચતાં શુદ્ધ વાંચવું.

શુદ્ધ ને સરળ લખવાનું કામ લેખક, અને પણ્ડિત વર્ગનું છે. આજદિન સુધી પુસ્તક કોઇ આ વિષયનું છપાઈ બાહેર પડેલું ન હોવાથી, તેમજ લખેલાં પુસ્તકો મોંઘા વેચાયે, જેથી તેનો બહોળો પ્રચાર ન થાએ, એ ભિતીએ છપાવ્યું છે. સર્વ ભાઇઓની સુગમતાને કારણે, કે સસ્તું મળવાથી દરેક જણ એનો લાભ લઇ શકે. અવકાશ મળેથી બીજા છુટા પદો છપાવીશું. ગ્રંથ તૈયાર છે. ગજલ, ગરબા, ધોળ, ગરબીયો, સંદેસા, પ્રભાત, આદિ રાગોમાં છે. તેમાં વિવેક વૃત્તિનો સંવાદ ભાગ ભજવે છે.

લેખક

શુભેચ્છક " ખાકી "

હઝરત પીર ઈમામશાહ બાવાની ઓલાદનો

સારાંશ

પંજાબ પ્રદેશમાં મુલ્તાન (ઉચ્ચ)નાં રહેવાશી હઝરત પીર સૈયદ કબીરોદ્દીન વા. સદરોદ્દીન સાહેબના અઢાર (૧૮) દીકરા તેમના નામ આ પ્રમાણે છે.

૧ ઓલિયા અલિ, ૨ નુર સાબિતઅલી, ૩ કશીરોદિન, ૪ આલમશાહ, ૫ આદીલશાહ, ૬ નુરમહમ્મદ, ૭ સેહબારઅલી, સમસાઈલિ, ૯ જાફરઅલી, ૧૦ રેહમતુલ્લાહ, ૧૧ ઇસ્લામ શાહ, ૧૨ દુર્વેશઅલી, ૧૩ ફર્મા નોદીન, ૧૪ ઇસરાઇલ ૧૫ શેરઅલી ૧૬ કલંદરશાહ, ૧૭ બાલા બલંદ, ૧૮ હઝરત પીર ઈમામશાહ સાહેબ. એ અઢાર દીકરાને ૧૯ માં એક દીકરી બાઈ બુઢાઈ સાહેબ અર્થાત્ બીબી બડી બીબી સાહેબ નામના હતા.

શ્રીમાન હઝરત પીર કબીરોદ્દીન સાહેબનાં અન્ય દિકરાઓ તેઓશ્રીનાં મરણસમે એટલે સંવત ૧૫૦૫ નાં કારતક વદિ ૪ માહે રબિયુલ આખરની તા. ૧૭ મીને દહાડે હાજર હતા, પણ શ્રી ઇમામશાહ સાહેબ ફક્ત પિતાશ્રીની આજ્ઞાથી ગુજરાત જવા નીકળેલા હોવાથી ન હોતા, પણ આશરે ૨૦૦–૨૨૫ ગાઉ દુર કશમોરા શહેર પાસે "કોટલી" ગામમાં રાત હતા, ત્યાં પોતાના પિતાશ્રીનાં અવશાનકાળનીજાણ અંતરજામીપણે થઈ. પોતે ત્રિકાળ જ્ઞાનીજન્મ કાળથીજહતાં. ગામ લોકોને પિતાશ્રીની અમ્મર લોકની લિલા સ્વિકારવાનીખબર આપી, શિષ્યમંડલમાંથી કેટલાક (૪૦) સજ્જનો સાથે લેઇ રવાના થઈ, તુર્તા તુર્ત ઉચ્ચ શહેરમાં આવી પહોંચ્યા. તેમાં વાર ફક્ત એટલીજ થઇ, કે શિષ્યો તૈયાર થઇ ઘેરથી આવ્યા, એટલીજ. તેટલામાં પોતેસંઘ સાથે આવી પોહોંચ્યા. શ્રી પીર કબીરદિન સાહેબનાં સબની ક્રિયા વીધી કરી, જનાજામાં સુવાડી શહેરના નાકા સુધી લેઈ આવેલા, કબરસ્તાને પહોંચાડવા.

શ્રી ઇમામશાહ સાહેબે શેહરનાં નાકા આગળજ સામા આવી મળી પિતાશ્રીનાં જનાજાને રોકાવ્યો. શ્રી પીરકબીરદ્દીનનાજ નાજા સાથે ઉચ્ચનાને મુલ્તાન-નાંમોટા મોટા ગૃહસ્થો, પવિત્ર પુરૂષો આદી ઘણા જ

માણસો, ૧૭ ભાઇઓ, આદિ કુટુંબ સહ હતા. તેઓ કાંઇ સમજી શકયા નહિ; શ્રી પીર ઇમામશાહ સાહેબને જનાજો અધવચમાં રોકવાનું કારણ પુછવા લાગ્યા. સાથે સાથે શિખામણ પણ દઇ લીધી, કે આમ રસ્તામાં જનાજો ન રોકાએ ! તેના જવાબમાં શ્રી પીર ઇમામશાહ સાહેબે ફરમાવ્યું, કે પિતાશ્રીની મીલ્કત વહેંચાઇ ગઈ, પણ મારી પાંતી (હીસ્સો=ભાગ) મુને મળેલ નથી, લેવી છે. જનસમુહ વિસ્મય પામી શ્રી ઇમામશાહ બાવાને ઘણી રીતે સમજાવી જનાજો ઉપાડી કબરસ્તાને લઈ જવા પ્રયત્નો કર્યા, પણ સર્વ વ્યર્થ ગયા, તેવામાં એક હેરત પમાડે તેવું (આશ્ચર્ય પમાડે તેવું,) મહાન અદ્‌ભુત ચમત્કાર જોવામાં આવ્યો. તે એકે શ્રી પીર કબીરદીનનાં સબે જનાજામાંથી હાથ કાઢી, તે હાથે માળા શ્રી પીર ઇમામશાહ સાહેબને અર્પી. તેથી શ્રીજીને સંતોષ વળ્યો નહિ, વિશેષ બીજું કાંઈ માંગવાની આકાંકશા ચાલુ રાખી, ત્યારે શ્રી પીર કબીરદીન સાહેબે પ્રત્યક્ષપણે જનાજો ફાડી,મુખ બહાર કાડી,ને માંહેથી સર્વનાં જોતાં શાકર કાઢી, શ્રી પીર ઇમામશાહ સાહેબનાં હાથમાં અર્પિ,શ્રીજી તુરત આરોગી,જનાજો ઉપાડી કબરસ્તાને જવા રવાના થયા.પિતાશ્રી દફનક્રિયા સ્વહસ્તે કરીને

સાથે જે સેવકો આવેલા તેઓને પણ સાક્ષાત દર્શન કરાવ્યા,ને પોતે કેટલોક સમય કબરસ્તાનમાંજ ગાળ્યો.

શ્રી સદ્‌ગોર પીર સુદરદિન સાહેબ જ્યારે બાર ક્રોડીનો ભરણુ લેઇ, શાહદર્ગે પધારેલાને સાથે શ્રી પીર કબીરદિન સાહેબ પણ બાળ રૂપે હાજર હતા, તે સમયે અનંત ક્રોડીના તારણુનો વર પામેલા, તેનો ખુલાસો શ્રી શાહોજીએ કરેલો; તેના પ્રતિપાદનાર્થે શ્રીપીર ઇમામશાહ સાહેબ શાહદર્ગે પધારવાના હતા, પણ શ્રીજીનાં વડીલ બેન શ્રી બાઇ બુદ્દાઈ સાહેબ, પિતાશ્રીની આજ્ઞાધિન રહી શ્રીજીનાં શિષ્યા થવા અરદાશ કરેલી, શ્રી બેન સાહેબને સત્‌ પંથ-નો ભેદ સમજાવવા પોતે ચાલીશ દિવસ રહી, સંવત ૧૫૦૫ ના પોષ માસે રવાના થઇ ગયા. સંવત ૧૫૦૬ માં શાહની કળા મેળવી, સ્વર્ગ રમણ કરી આવ્યા બાદ, 'ઉચ્ચે' પધાર્યા. એ અરસામાં જોગીઓ સાથે સંવાદ થયો, જેથી જોગી શિષ્ય થયાને; સવામણ મુદ્રિકાઓ ઉતારી. તે વચનામૃતોનું "યોગ વાણી" નામ અપાએલું છે. યોગીઓ ને ગોર અને નરની એ બંને કળા પોતે સ્વશરીરમાં બતાવી સિદ્ધ કરી આપ્યું. એવી રીતે આનન્દ વર્તાવતા વર્તાવતા ગુજરાત ભણી પધારવા રવાના થયા.

૮

ઇ. સ. ૧૪૫૪માં શ્રીજી દિલ્હી પધારેલા, મુકામ મુમલવાડામાં શાહદુલ્લાખનની મસીતમાં રાખેલો. ત્યાં પણ લોદી ઇબ્રાહિમ બાદશાહને જ્ઞાનામૃત પાઈ કરામત બતાવી હતી, ને ત્યાંના કાજીનાં મનનો ભેદ સમજી પ્રત્યક્ષ કહેલું. સાથે મસીતમાં નિમાજ પઢાવતાં મસીતના બંને મુનારા (ટોડા) નમાવી દીધા, જે માંહેલો એક મુનારો હાલ એક સિદ્ધો છે, ને એક વાંકો છે. " મન મેરા મુસલ્લાહને શાહ મારો કાજી, " એ જ્ઞાન એ સમયે કહ્યું છે.

ત્યાંથી આગળ ચાલતાં બુહાનપુર તરફ લાછોરા ગામે કેટલાક પરછા બતાવ્યા, કાશી બતાવી, જનોઇયો ઉતરાવી, દાંગના વનમાં પધાર્યા. ત્યાંનાયાકાકા, કોળી, મળ્યા, તેમને સાથે લીધા, અમદાવાદપધારી, મહંમદ બેગડા સુલ્તાનને મળ્યા, મહમ્મદબેગડે પણ શ્રીજીની કરામત જોવા ચેષ્ટા કરી ચાડા કાઢયા હતા, ત્યાં પોતે ઇમામતની સાન સાફ (પ્રત્યક્ષ) દેખાડી દિધી, જેથી બાદશાહે પોતાના પવિત્ર પુત્રી, શ્રી આદ શક્તિનો અવતાર બીબી બુઝરૂક બેગમ સાહેબનાં લગ્ને કરી શ્રીજીના પવિત્રકુળદિપક શ્રીનરનાથ ખુદાવિંદ ઇમામ શ્રીનરઅલી મહમ્મદશાહ સાહેબને અર્પ્યા,(પરણાવ્યા) તેજ હરિવૌંશની જન્મદાત્રી પ્રગટ થયા.

એ સમયમાં શ્રીજી કોચરબ પધારવાના હતા ને નદીમાં પાણીનું અતી વેગવંત પૂર હતું. નદીમાં નાવ ફરતી હોવાથી નાવે માણસ પાર થતા. શ્રીજીસાહેબે નિજામાને પોતાની વ્હેલ નાવમાં પ્રથમ લેવા ફર્માવ્યું. નિજામે આનાકાની કરી. જેથી ગાડી પાણીમાં હાંકી નહિ પાર કરી, નિજામની ભરમનાઓ ભાંગી, કોચરબ આવી બાર વર્ષ રહ્યા છે.

ત્યાંથી ગીરમથે શ્રીજી પધાર્યા, તે સમયે ત્યાં ભયંકર સાત દુકાળી દુષ્કાળ હતો. પણ શ્રીજીએ દયા કરી વર્ષાદ વર્ષાવી, લીલા લહેર કરી દીધી, અને પીરાણું ગામ પોતાનું સ્થાન પોતે વસાવ્યું, જે આ ચોથા યુગનું છેલ્લું ધામ નિર્માયું.

શ્રી પીર ઈમામશાહ સાહેબના માતુશ્રીનું નામ, આરેફા ખાતુન હતું, ને તેઓ શ્રી હરિવંશિ સૈયદની પુત્રી હતા.

શ્રીજીના ઘરમાં સ્વસ્ત્રીબીબી માતાફાતમાંસાહેબ (અજાયબ ખાતુન) હતા, ને તેઓ શ્રી સૈયદ મહમ્મદ બુખારી (પીર ભડીયાદ)ની પવિત્ર પુત્રી હતા. તેઓ-શ્રીના પવિત્ર ઓદરેથી ૪ પુત્ર ને એક પુત્રીએ જન્મ લીધો છે. ૧ શ્રી સાહેબ, તેમનો રોજો પાટણમાં, સરસ્વતિ નદિ તીરે ઘેલા ભગવાનને આરે હતો.

પણ કોઇ કાળમાં પાણી પૂરમાં આવવાથી તણાઈ ગયો છે. પણ સંવત ૧૭૫૫માં નવો, છિલ્લો સત્પંથિયો એ કર્યો છે. ૨ શ્રી બાલેશાહ સાહેબ, (ઉર્ફે નિઝાર શાહ) તેમનો રોજો ખંભાતે નારંગસર તલાવ કાંઠે છે. તેમની જોડમાં રોજામાંજ એક બીજી કબર તેઓશ્રીની બેન બીબી શમ્મશ ખાતુનની છે. ને તે બાલા બાલીનો રોજો પણ કહેવાય છે. ૩ શ્રી બાકરશાહસાહેબ, એમનો રોજો અમદાવાદમાં સારંગપુર દરવાજા બહાર છે. ૪ શ્રી નર નાથ ખુદાવિંદ ઇમામ શ્રી નરઅલી મહમ્મદ-શાહ સાહેબની કબર પીરાણે રોજામાં પોતાના પિતા-શ્રીની જોડમાં શ્રીજીની કબરની પશ્ચિમ બાજુએ છે.

શ્રી ઈમામશાહ સાહેબનો વંશ શ્રી નર અલી-મહમ્મદ શાહ સાહેબથી જ રહ્યો છે. શ્રી ખાલક શાહ, શ્રી બાલે શાહ, શ્રી બાકરશાહને શ્રીશમ્મશ ખાતુન બાઈ સાહેબ. એ ચારે સાહેબો બાળ વયમાં જ અમર લોકની લીલા સ્વિકારી ગયા છે.

શ્રી ખુદાવિંદ નરઅલી મહમ્મદશાહ સાહેબના ઘરમાં આદ્યશક્તિ પરણેત બીબી બુઝરૂક બેગમ સાહે-બજ હતા. બાકી બીજી બેદાસિયો હતા, ૧ શ્રી પરમા બાઇ સાહેબ, ૨ શ્રી જમાલબાઈ સાહેબ. ૧ શ્રી બુઝરૂક બેગમ સાહેબને બે દીકરાથી વંશ રહેલો છે. ૨ પરમા

બાઈ સાહેબને એક દીકરાથી વૌંશ રહેલો છે, ૩ શ્રી જમાલબાઈ સાહેબને દીકરો યા દીકરી કાંઈ રહ્યાજ નહોતા.

શ્રી બુઝરૂક બેગમ સાહેબ મહમ્મદ બેગડો અમદાવાદના સુલ્તાનનીદિકરી.(૨)શ્રી પરમાંબાઇ સાહેબ ને શ્રી જમાલબાઇ પોચાકાકાની દિકરીઓ થાએ.

શ્રી બુઝરૂક બેગમ સાહેબને દિકરાઓમાં રહેલો વૌંશવાલા સૈયદો, શ્રી શાહોજી ઈમામ શહાબોદ્દીન સાહેબ,તથાસૈયદપીરમુસ્તુફા સાહેબ,જેમનાં વૌંશજો જલાલશાહી,અને નુરશાહીના નામે કુટુંબો થયા છે. પણ તે પ્રગટપણે ઈમામશાહી જ ગણાએ છે.

શ્રી પરમાંબાઈસાહેબને એકજ દિકરાથી વૌંશ રહ્યો છે, જેમનું નામસૈયદ ખાન છે.અને તેમનાં વૌંશજનો સૈયદ ખાની,નામથી ઓળખાય છે.સૈયદખાની સૈયદનું શ્રી પીરઇમામશાહ સાહેબના રોજામાં, દરબાર અને કોઈબી પ્રકારના હકોમાં, કોઇબી પ્રકારનો હક્ક, હિસ્સો, કે ઇલાકો, કે કબજો નથી.

શ્રી પીરઇમામશાહ સાહેબ,તેમના શ્રી નરઅલી મહમ્મદશાહ, તેમનાં શ્રી ઇમામ શાહ શહાબોદ્દીન સાહેબ,તેમના શ્રી ઇમામ શાહ જલાલોદ્દીન સાહેબના વૌંશજનો જલાલશાહી સૈયદ થયાં.

શ્રી શાહબોદ્દીનસાહેબના નાનાભાઇ શ્રી મુસ્તુફા સાહેબના, દિકરા નુરશાહસાહેબ થયા, તેમના વોંશજો નુરશાહી કહેવાયા.

સૈયદ શ્રી ઈમામ શહાબોદ્દીનના, સૈયદ શ્રી ઇમામ જલાલોદ્દીનના, સૈયદશ્રીઇમામ મુર્તુઝાશાહના, ઇમામ સૈયદ શ્રી અશરફશાહ સાહેબ થયા. એમણે શાહનુ નુર દિલ્હીના બાદશાહ ઔરંગઝેબના દરબારમાં પ્રત્યક્ષ દેખાડયું હતું. હિ. સ. ૧૦૭૬ માં. પોતાને ત્યાં ઘણા સંકટો વેઠી કાર્ય કરવા પડયા હતા, ત્યાં સુધી, કે અગ્નિના મોટા ઢગલા ઉપર લોઢાનો તવો રાખી, તે અતીશે ઉનો થયા પછી, પોતાને તે ઉપર ઉભા રહેવું પડયું. સાથે ધાર્મિક વાદ વિવાદ પણ ઘણો થયો હતો. બાદશાહે તેઓશ્રીને સજ્જાદગી (ગાદી નશીનીના) દસ્તાવેજો, ના ફર્માનો આપ્યા, અને પિસ્તાલીશ વિઘા જમીન પીરાણા ગામ તળની બક્ષીસ આપી. તેઓશ્રીનો રોજો ધોલકામાં છે. તેમનાં દિકરા પીર સૈયદ અબ્બાસઅલી (અબાસી-મીયાં), તેમના દિકરા પીર સૈયદ બડામીયાં. તેમના દિકરા સૈયદ અલી મીયાં, તેમના દિકરા સૈયદ બાવાસાહેબ, તેમના દિકરા સયદ અલીમાયા, તેમના દિકરા સૈયદ અહમદઅલી, તેમના દિકરા સૈયદ બાવાસાહેબ, “ હાલ કાયમ. ”

લેખક પોતે.

શ્રી પરમાત્માની દયાનો આશાવન્ત.

આ ટુંક વર્ણન શ્રી ઈમામગોરની વૌંશનો છે. વિશેષ ખુલાશો જેને જરૂર હોય તેણે રૂબરૂ મળી કરી લેવો. આ ટુંક હાલ તો ફક્ત સત્પંથિયોને જાણવા માટે જ લખ્યો છે.

જલાલશાહી તથા નુરશાહી, પ્રગટ રીતે જેનો ઈમામશાહી જ કહેવાએ છે, તે સૈયદોનો શ્રી સદ્ગોર હજરત પીર ઈમામશાહ સાહેબના દરબારમાં હક્ક, હિસ્સો, કબજો, વિગેરે છે. ને વૌંશના સૈયદો પીરાણા, કાનમ, પિટલાદ, સુરતમાં જ વશેલા છે. થોડાક અમદાવાદમાં રહે છે.

લી૦ સૈયદ બાવા સાહેબ અહમદઅલી-
ના આશીર્વાદ.

સંવત ૧૯૬૨ ના આસો સુદી ૨ જે લખાણ પૂર્ણ કરી લક્ષ દેવરાવું છું કે, સર્વ વાચક વિરો ! લેખકને દુઆ આશિષથી સંભારી એના હક્કમાં એટલું કેહજો કે, જે આશાએ લેખ લખ્યો છે, તે આશા શ્રી ગોરનર પૂર્ણ કરે.

આમીન.

ૐ

સત્પંથનું સ્વરૂપ

(૧) ટેક, (૨) પ્રતિજ્ઞા, (૩) નિયમ.

(૧) સત્પંથીની ટેક

(૧)સત્ય, (૨) પુરૂષાર્થ, (૩) પ્રેમ, (૪) સમાનભાવ, (૫) ક્ષમા.

(૨) સત્પંથીની પ્રતિજ્ઞા

(૧) સત્પંથના સર્વ નિયમોનું શાંતિએ સેવન કરવું. (૨) બાળકોને સત્પંથની કેળવણી અપાવવી, (૩) અંધ-શ્રદ્ધાનો ત્યાગ કરવો.

(૩) સત્પંથીના નિયમ

(૧) શરીર શુદ્ધી. (૨) હ્રદય શુદ્ધી, (૩) વ્રત (૪) ઉપાસના (૫) ધ્યેય.

(૧) શરીર શુદ્ધી અર્થે, લાઈ, સુતક એટલે રજસ્વલાથી મરણ પર્યંતના સ્નાનાદિ પ્રયોગો. શ્રી ઈમામગોરની આજ્ઞાનુકુળ ઉતરાવવા તથા પાળવા.

(૨) હ્રદયશુદ્ધી અર્થે, માદક પદાર્થોનું ત્યાગ, (લસણ, ડુંગળી, હીંગ, તમાકુ, અફીણ, ગાંજો, ભાંગ, તાડી, ચડશ, મૌંસ, મદિરા, વ્યાજ, ગળી આદીને સર્વ પ્રકારે ત્યાગવા શ્રી ઈમામગોરના વચનાનુકુળ.

(૩) વ્રત અર્થે, શુક્રરવારી બીજ અને દશાંશ. શ્રી ઈમામગોર-ની વાકયાનુસાર પાળવી અને દેવી.

(૪) ઉપાસના અર્થે, સંધ્યા ચારે વખતની. અને પુજા–ઘટ પાટાદિની ક્રીયા શ્રી ઈમામગોરની વાણી અનુકુળ કરવી.

(૫) ધ્યેય અર્થે, આજ પ્રચલિત સમયના ધ્યેય પુરૂષ શ્રી નિષ્કલંકી નારાયણ, તેજ પરમ નિરંજનનું નુર (રૂપ) સમજી પુરી રીતે ઈમામગોરના વચનાનુકુળ માનવું.

ॐ

નાદે અલી

(ઓ ! મહંમદ) બોલાવ અલીને, જે સર્વ સ્થાને નિત્ય નવિનતા (આશ્ચર્યતા) પ્રગટાવનાર છે. મેળવિશ તું તેને મદદગાર પોતાના સારૂં સંકટમાં અને સર્વ આપત્તિઓમાં એ દુઃખો ઓગળાવી વેહવરાવી દેશે.

"આ મંત્ર ખ્યબરના યુદ્ધના સમયે **વર્તમાનયુગના સદ્ગોર પ્રહ્મા નબીમહંમદ સાહેબ ઉપર** શ્રી પરમાત્મા તરફથી આવ્યો હતો." "ખ્યબર" ના રાજા 'અલ્કમાં એ' સદ્ગોરજીનું જુજ લશ્કર ! ને ખુલ્લો મ્યદાન ! જોઈ હાંશી કરી, જેથી સદ્ગોરજીએ તેને કહ્યું કે ! "પરમાત્માની આજ્ઞાથી ચાલીશ દિવસમાં જ આ ખ્યબર ઉપર ધર્મ ધ્વજ, ઉડતો થઇ જશે."

આ બનાવને '૩૯' દિવસ વિતી ગયા, પણ ખ્યબર જીતાયું નહિ. જેથી '૪૦'માં દિવસે અલ્કમાંએ યુદ્ધ સમે ગઢની સફીલે આવી શ્રી સદ્ગોરજીની હાંશી કરીને કહ્યું : "ઓ મહંમદ ! જો આજ ચાલીસમો દિવસ છે, તમોથી એક કાંકરો પણ લેવાયો નથી ? માટે 'આવ્યા એવા પાછા ચાલ્યા જાવ !" નહિ તો એવા ભૂંડા હાલે મારીશ ! કે તમારી સ્થિતી જોઈ જગતના તમામ જીવો જાન, ખેચર જળચર ને ભૂચર તમારા હાલ ઉપર સર્વ રોશે !

સદ્ગોરજી એ ચેતવણીથી ચેતી, તુર્ત ઘોડા ઉપરથી ઉતરી, આસનિયું પાથરી પરમાત્માને અરદાસ કરે છે કે જિબરલ (અ૦) હાજર થઈ ફરમાવ્યું : આ યુદ્ધનો **વિજય શ્રી નિષ્કલંકી અલી સાહેબને** નામે નિર્માયું છે. તેમને બોલાવો ! સદ્ગોરજીએ વિનંતી કરી ઓ સાહેબ ! તું સર્વ જાણે છે, શ્રી અલી મદીનામાં છે. મદીના "૧૮" દિવસના માર્ગે દૂર છે. જિબરલે (અ૦) ફરી હાજર થઈ

વિનવ્યા, કે તમો આ મંત્ર (**નાદેઅલી**) ત્રણવાર પઢો ! એ પધારી વિજય વાવટો ફરકાવી દેશે.

શ્રી સદ્‌ગોરજીએ આ મંત્ર ભણવા માંડયો ! ત્રણવાર ભણ્યા નહિ હોય ! કે સમરાંગણમાં **શ્રી નિષ્કલંકી " અલી "** ના દર્શન થયા. તે સમયે **શ્રી અલીના હાથમાં એ જ ધ્વજ હતો !** જે ' બદર 'ના યુદ્ધના સમયે હતો. **એ ધ્વજ ઉપર ચિત્ર ગરૂડનો હતો.**[1]

---

૧ શ્રી વિષ્ણુનો ધ્વજ ગરૂડના ચિત્રવાળુંજ હોય છે. એ સનાતન નિયમ છે. ધ્વજ, શસ્ત્ર, અસ્ત્ર સર્વ શ્રી કૃષ્ણના શ્રી હરિવંશે, વંશે આવી જ રહ્યા હતા.

શ્રી સદ્‌ગોર ઈમામશાહ બાવાએ પણ, કળશ ઉપરથી અક્ષત ઉતારવાના મંત્રમાં, શ્રી હરી નરમોહંમદશા બાવાને સંબોધી " ગરૂડ-ધ્વજ " ફરમાવ્યું છે.

એ ધ્વજોને એ શસ્ત્રો, અસ્ત્રો, વંશે, વંશે આવતા. હી. સં. આ સમયે હઝરત ઈમામ અઝીઝ બિલ્લાહના સમયે આ ધ્વજોના ખજાનામાં **આગ લાગવાથી એમના કેટલાક** ધ્વજોનો અંત આવ્યો હતો. ફાતેમી દઅવતની તવારીખ પા. ૧૪૫.

શ્રી ઈમામશાહબાવા, તથા નાયાકાકાનો

સંવાદ

પદ, ૧. પહેલું.

(રાગ–ગરબી)

દાંગ મુલક અતી સારકે, વન એક શોભતું રે લોલ. ૧
તેની શોભા ન ઉત્તમ સારકે, જંગલ દીપતું રે લોલ. ૨
આંબો આંબલી કોઠી ઝાડકે, બીલી બાવળી રે લોલ. ૩
ખાખર કાચકી કંથાર બોરકે, ખેર અતી ઘણા રે લોલ. ૪
કેરડા બેયડા ઊભા ત્યાંહીકે, સિમલા શોભતારે લોલ. ૫
મહુડા સાગશિસમનાંઝાડકે, હળદરવા હીંચતારે લોલ. ૬
ઝુકે ઝઝુમે લીંમડા ત્યાંહી કે, પીપળ પીંપળા રે લોલ. ૭
હીંગોરી ઉમ્યડા સારકે, અયણી વીંકળા રે લોલ. ૮
અવળકંટીકંટાવળી ઝાડકે, ત્રાંબ વૃક્ષ શોભતારે લોલ. ૯
કેળ કદળી જાંબુ સારકે, ડાઢમ લીંબડીરે લોલ. ૧૦
નારંગી ફણુસ અપારકે, સેતુત જમરૂખીરે લોલ. ૧૧
સેફ ચિકોતરા દીશેતાંહીકે, બીજોરી જુથ્થેમળીરે લોલ. ૧૨

પ્રે. ૨

મોસંબી પપનસના છોડકે,પપિયાઅતિ ઘણારે લોલ.૧૩
બદામ કાજુ અખરોટ સારકે, લવીંગ એલચીરે લોલ.૧૪
ખારેકડી સોપારી તાડકે, ખજુરી શોભતીરે લોલ. ૧૫
ગુલાબ દાવદી કેવડા સારકે, ચંપા ચંબેલિયારેલોલ. ૧૬
ગુલમોર ગુલબાસ ગુંદી તાંહીકે, ગુલમેંહદી ધાવડીરે
લોલ. ૧૭

જાઈ જુઈ મોગરો માલતી ઝાડકે, વેલી ખીલી રહીરે
લોલ. ૧૮

ભાર અઢાર વનસ્પતિ સારકે, પાર ન પામીએરે
લોલ. ૧૯

વેલ ફલ ફુલના રોપકે, દીસે કંદ મુળિયારે લોલ. ૨૦
મોર પક્ષી કરે ત્યાં કલોલકે, બપિયા બોલતારે લોલ.૨૧
બોલે કોકલ મીઠા બોલકે, સુડા શુદ્ધ બોલતારે લોલ.૨૨
હંસ કબુતર હોલા અપારકે, હરિયલ ઉડતારે લોલ.૨૩
હુદ્દ હુદ્દ પક્ષી કરે ત્યાં કલોલકે, બગલા બોલતારે
લોલ. ૨૪

વાઘ વરૂ ચીતરા સિંહકે, લોંમડી લોંમડીરે લોલ. ૨૫
સાવડી સસલા ને શિયાળકે, ઉલ્લુક ઉડતારે લોલ.૨૬
ગીધ શ્વાન ને કાગ ચોરકે, વીંઝુ દીંછડાંરે લોલ. ૨૭
ઝરણુ પાણીનાં દીસે બહુકે, નદીયું ખળહળેરે લોલ. ૨૮
વન શોભા વરણીના જાએકે, પશુપક્ષી અતી ઘણારે
લોલ. ૨૯

ત્યાં શોભે નાયાનું ધામ કે, વનમાં મહાલતારે લોલ.૩૦
અરજી શુણજો ગોરજી સારકે, "ખાકી" વીનરેલોલ.૩૧

પદ. ૨. બીજું.

(રાગ–ગરબી)

નાયો રમેછે વનડા માંહીકે, રમે બહુ હોંશથીરે લોલ. ૧
છેટે રથ એક દીઠો ત્યાંહીકે, આવે ઝુમતોરે લોલ. ૨
શોભા તેની વરણી નજાએકે, જાણે રવીઉગીયોરેલોલ.૩
ઘોરી જોડયા ઘોળા સારકે. હીમસી ંગોટિયોરે લોલ. ૪
કળસ સોનાના ઝળકે સારકે, જગમગ જોતીયોરેલોલ.૫
ઘુઘરમાલો ઝણકે બહુકે, વાજીંત્ર જેમ વાગીયારેલોલ.૬
મનડું લલચાણુ નાયાનું સારકે,લૂટવા ચાલીયોરેલોલ.૭
જઇને ઊભો સામો તાંહી કે, વેણ મુખ બોલીયોરે લોલ.૮
કયાં રહેવું જાવું સારકે? શા કારણ આવીયોરે લોલ.૯
વન આ છે રક્ષિત સારકે,તેમાં કેમ આવીયારેલોલ? ૧૦
આજ્ઞાવિણ આવે નહિકોયકે, તમેકેમ આવીયારેલોલ. ૧૧
વણ આજ્ઞાએ આવે જેહ કે, તેને દંડદિજીયેરે લલો.૧૨
હમે વનરાજા છેયે સારકે, આવન માહેરૂ રે લોલ. ૧૩
કાઢો તમારા લુગડા દામકે,જરજેવર સાથનોરે લોલ.૧૪
બળદ ગાડી મેલોઆવારકે, નહિતર મારશું રેલોલ.૧૫

કહિ તીર ચડાવ્યો ત્યાંહીકે,મન નવ ચેતીયોરે લોલ.૧૬
ભુલ્યો નાયો તેને દિનકે,ગોર નવ ઓળખ્યારે લોલ.૧૭
'ખાકી'ની અરજી મનમાંધારકે,શરણે રાખજોરે લોલ.૧૮

પદ. ૩. ત્રીજું.

બોલ્યા ગોરજી નાયાની સાથકે, હમે વટેમાગુ'રે લોલ. ૧
દેશથી આવી દક્ષિણ જાશું કે, તારૂ'ન બગાડીયુ'રે લોલ. ૨
મે' જાણ્યો છે ધણી એકકે, વન જ'ગલ તણોરે લોલ. ૩
સચરાચારી શ્રી ભગવાન કે, દેશ પૃથ્વીતણોરે લોલ. ૪
મારૂં તારૂં કેનુ નાહિ કે, ભાવી ભોગવેરે લોલ. ૫
હું'પદ કરતા હણાઈ ગયાકે, ટળવળી કેટલારે લોલ. ૬
મારવુ'બાંધવું મનથી સારકે,જેણે ભરમાવિયોરે લોલ.૭
સરવે એક હરિ તું જાણકે, સમરથ સાથિયોરે લોલ. ૮
કરે હીંસા કપટ જારકે, ચોરી પાપિયોરે લોલ. ૯
પર નિંદા પરધનનું સુખકે, તે દિન ચારનુ'રે લોલ.૧૦
જારે યમ પકડી જાએકે, નહિ કોય સાથીયોરેલોલ. ૧૧
કુટુંબતારો ખાવા મળશેકે;નહિપાપેભાગિયોરે લોલ.૧૨
જીવ તણાઈ મરે છે જેહ કે, અબુજ અભાગિયોરે
લોલ. ૧૩

સ્વાર્થિઓ આ સંસારકે, મનથી માનજેરે લોલ. ૧૪
ધરમ રાજા લેશે હિસાબકે, પુન પાપ તોળશેરેલોલ. ૧૫
પુન ઘટી તારૂં વધશે પાપકે, નરકે નાંખશેરે લોલ. ૧૬
સગું ત્યાં આડે ના આવેકે, જયાંજમ મારશેરે લોલ. ૧૭
રોઈ રોઈ કરીશ પોકારકે,સાહેબ હું ભુલિયોરે લોલ. ૧૮
માટે તુજને ચેતાવું આજ કે, મૂક આ પાપનેરેલોલ. ૧૯
'ખાકી'દાસ તમારો સારકે, ટાળજો તાપનેરે લોલ. ૨૦

પદ, ૪. ચોથું.

(રાગ–ગરબી.)

નાચો મન સમજ્યો નહિ કે, ગોર શું બોલીયારે લોલ? ૧
બુદ્ધિ દ્વેષની જાએ કેમ કે, સંગે વીસળોરે લોલ. ૨
કહે લુગડાં ઉતારો આંહીકે, કહી તીર તાણીયુંરે લોલ ૩
ગોરજીએ સમજાવ્યો બહુ કે, તોએનાં માનીયુંરે લોલ ૪
સંગવિના સત્‌સંગના હોય કે, અંધને આરસીરેલોલ ૫
બહેરો શું જાણે સંગિત કે ? મુંગો ફારસીરે લોલ. ૬
અનુભવ વિણ અટકળનાં હોય કે, કાટે પારસ શું
કરેરે લોલ ? ૭
ચેતાવ્યો તે ચેતે નહિ કે, અભીમાન અંતરેરે લોલ ૮

સંગ વિણ ભકતી ના હોય કે, સંગ વિણશું
પામીયેરે લોલ. ૯
સંગે પાપ ને સંગે ધર્મ કે, સતસંગ અમોઘ છેરે
લોલ. ૧૦
તિર લેઇ જેવા મારવા જાય કે, તિર નવ છુટીયોરે
લોલ. ૧૧
હાથ અટકયા તેના તાંહે કે, પગ નવ હાલીયારે લોલ. ૧૨
ચિત્ત આકુળ વ્યાકુળ થાયેકે, આ તે શું ઉપન્યુરે
લોલ ૧૩
ગોરે તેને દીધી બુદ્ધ કે, પુરવ પુનઃ ફળીયારે લોલ. ૧૪
નાયે ઓળખ્યા તેને દિનકે, જુગ તારણ આવીયારે
લોલ. ૧૫
મારાં મૂકાવશે વકમકે, ભક્તિ આપશેરે લોલ. ૧૬
ગોર કહે મન થર કરી રાખકે, સમજ આ સાનમાંરે
લોલ. ૧૭
સ્વજનને તું જઈ પુછ કે, જમે જે સાથમાંરે લોલ. ૧૮
પાપકમાઈનું આ ધન કે, ખરચો છો ખાંતથીરે લોલ. ૧૯
એ પાપતે કોને શીરકે ? કહો સૌ સાચથીરે લોલ ? ૨૦
એનો ઉત્તર જલદી લાવકે, હમે અહીં થોભશું રે
લોલ. ૨૧
એમ નાયાને મોકલ્યો સારકે,'ખાકી'પૂંછવારે લોલ. ૨૨

સાખી.

નાયો ત્યાંથી ચાલીયો, ગયો પોતાને અવાશઃ
દેજો ઉત્તર માહેરૂં. પુછું છું જે ખાસ. (૧)

પદ, ૫. પાંચમું.

રાગ હિંચની ધોળ.

હિંશાઉં કરતાને વગડામાં રહેતા,
ત્યાં દરશન ગોરે દીધાંરેમાં;
ન્યેણા લગાડયા શામળિયે. ૧
કુબુધ્ધિમાંથી કબુના વિસરતા,
લૂટતાં પારકા માલરેમાં;
ન્યેણા લગાડયા શામળિયે. ૨
રથ ખેડાવી મુલ્તાનથી રે આવ્યા,
આવ્યા તે મારે કાજેરેમાં;
ન્યેણા લગાડયા શામળિયે. ૩
ગ્રહસ્થ જોણીને લૂટવાને ચાલ્યો,
તિર ચડાવીને તાણ્યારેમાં;
ન્યેણા લગાડયા શામળિયે. ૪
તીરનાં છુટેને હાથનાં વછુટે,
બંધાણા વેણુને બંધેરેમાં;
ન્યેણા લગાયા શામળિયે. ૫

ચરણુંમાં જઈને વિન્તીજ કીધી,
જાણ્યો પોતાનો દાસરેમાં;
ન્યેણા લગાડયા શામળિયે. ૬

સંદેશો એક તમુનેરે કાવ્યો,
આ પાપમાં ભાગ કુટુંબનોરેમાં?
ન્યેણા લગાડયા શામળિયે. ૭

નાયાની વિનંતી ઉરજ ધારો,
'ખાકી' દાસ સદાનો તમારોરેમાં;
ન્યેણા લગાડયા શામળિયે. ૮

પદ, ૬. છઠ્ઠું.

રાગ. હિંચની ધોળ.

કોણે ભરમાવ્યોને શિદને તું આવ્યો?
પાપમાં ભાગતે કોનારેમાં;
દવ લગાડયો પાતળિયે. ૧

પેટજ ભરવો કુટુંબને પાળવો,
તેમાં તે ભાગ મને સેનારે માં;
દવ લગાડયો પાતળિયે. ૨

સ્ત્રીને પુત્ર એ તારે ઓશીંગળ ?
એક હું ઘયડી ડોશીરેમાં;
દવ વગાડયો પાતળિયે. ૩

તારે ફાવે તેમ હમનેરે પાળવા,
તેમાંતે પાપ હમને સેના તેમાં રેમાં ?
દવ લગાડયો પાતળિયે. ૪

પુરાએ પુન સહુનારે સાથે,
કરશે તે તેને માથેરેમાં;
દવ લગાડયો પાતળિયે. ૫

હમે સહુ તારા સ્વારથી સંગી,
પેટ કાજે તને વળુગ્યારેમાં;
દવ લગાડયો પાતળિયે. ૬

ખાવું પીવું તે હમને જ વ્હાલું,
તારા લાગ્યા તે તને રેમાં;
દવ લગાડયો પાતળિયે. ૭

ડોસીની નાયાએ વાત જ સાંભળી,
સમજ્યો તે 'ખાકી' મનમાંરેમાં;
દવ લગાડયો પાતળિયે. ૮

પદ, ૭. સાતમું.

રાગ, હિંચ ઘોળ.

કૃપા કરી ગોરે દરશન દીધાં,
શરણુંમાં હમને લીધારેમાં;
વેણુ સંભળાવ્યાં શામળિયે. ૧

જુગે જુગે જીવ તપસાઉં કરતા,
ત્યારે એકવાર દર્શન દેતારેમાં;
વેણુ સંભળાવ્યા શામળિયે. ૨

કાને કુંડલ શિરતાજ બિરાજે,
હાથે તે હીરાની વીંટીરેમાં;
વેણુ સંભળાવ્યા શામળિયે. ૩

જરકસી જામાં તનમાં બિરાજે,
સાવ સોનાની મોજડીરેમાં;
વેણુ સંભળાવ્યા શામળિયે. ૪

તેજ અનુપમ એ ગોરજીનું,
લજવાણો સુરજ એથીરેમાં;
વેણુ સંભળાવ્યા શામળિયે. ૫

વાંકડી મૂછોને આંખડી રાતી,
મુખ સુકોમળ દીઠુંરેમાં;
વેણુ સંભળાવ્યા શામળિયે. ૬

હોઠ સુકોમળ ગુલાબસમ છાજે,
દીઠું તે અહોનિશ હસ્તુ રેમાં;
વેણ સંભળાવ્યા શામળિયે. ૭

ત્રિલોકીનાથ એ મુજને રે ભાશે,
ચાલતું એની શરણેરેમાં;
વેણ સંભળાવ્યા શામળિયે. ૮

નાયાના સ્વામિ પ્રગટ પધાર્યા,
બાકી શરણુંમાં તારી શોભેરેમાં;
વેણ સંભળાવ્યા શામળિયે. ૯

પદ, ૮ આઠમું.

માન શિખામણ બેટા તું મારી,
ગાંડો થયો તું સાથીરેમાં ?
વેંગ વળગાડયું શામળિયે. ૧

વનમાં ફરતોને મૃગ્યાએ રમતો,
સિંહ નાશે તારી હાંકેરેમાં;
વેંગ વળગાડયું શામળિયે. ૨

આજ અટુલો શાથી તું બેટા ?
બીધો તે એટલું સાથીરેમાં ?
વેંગ વળગાડયું શામળિયે. ૩

એ ઘડી થોભી સંતોષ લઈને,
લૂંટી લાવોતે બેટા માલરેમાં;
વેંગ વળગાડયું શામળિયે. ૪
ધીરજ ધારી હિમ્મત ના હારો,
એ છે આપણો ધંધોરેમાં;
વેંગ વળગાડયું શામળિયે. ૫
ઘણાક સાધુ ફકીર ફરે છે,
કંઈક ધૂતારા કંઈક ઢોંગીરેમાં;
વેંગ વળગાડયું શામળિયે. ૬
કે જે તું પાપનો સાથી નથી કોઈ,
જેનાં તે તેનાં સાથેરેમાં;
વેંગ વળગાડયું શામળિયે. ૭
મારૂં મારૂં કહેશોને ખાવાને વળશે,
પાપમાં ભાગ નહિ લેશેરેમાં,
વેંગ વળગાડયું શામળિયે. ૮
મન મુઝાઈ ગોર પાસે ચાલ્યો,
સર્વ તે 'ખાકી' સમજ્યોરેમાં;
વેંગ વળમાડયું શામળિયે. ૯

પદ, ૯. નવમું.

રાગ. હિંચ, ઘોળ.

મનખા જનમ મારો એળોરે જાશે,
જો ગોર ફરીને જાશેરેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૧
વેણ જાણે મુખવેદ ભણે છે,
બોલેતે અમૃત વાણીરેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૨
ફરીને જાઉં હું, ગોરજીની પાસે,
બોલ્યું તે એમનું પાળુંરેમાં
વેણે બાંધ્યો મુને શામળિયે. ૩
એવા અવલોકિક નાથ પધાર્યા,
દર્શનથી દુઃખ ભાગેરેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૪
કુટુંબ કબીલો વ્હાલો ન લાગે,
વ્હાલું મને એક નામરેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૫
ત્યાગ વૃત્તિ મારે હૃદયે વશી છે,
ટાળું જનમના દુઃખરેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૬

ખાણું પીવું મને ઘડીયેના રૂચે,
ચોટયું તે ચિત્તમાં નામરેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૭
દુઃખડાં સરવે ભાગીરે ગયાં છે,
અવસર સુખનો આવ્યોરેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૮
પુર્વ જનમનો નાયોરે દાસ છે,
'ખાકી'ની અરજી શાંભળોરેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૯

પદ, ૧૦. દસમું.

રાગ, હિંચ. ઘોળ.

જનમ જનમ મારા ઢુંડતા ગયા છે,
છેહ હજુ નવ આવ્યોરેમાં;
વાટ દેખાડી પાતળિયે. ૧
દેહી ધ્રુજે મારૂં કાળજું કંપે,
મનડું તે મારૂં મોહ્યુંરેમાં;
વાટ દેખાડી શામળિયે. ૨
અમૃત ભોજન વિષ સમ લાગે,
નીર તે જેવું સિંધ્ધવ રેમાં;
વાટ દેખાડી પાતળિયે. ૩

ઘેર નવરહું હવે ગોર મુખે જાણું.
દિલડામાં લાહે લાગેરેમાં;
વાટ દેખાડી પાતળિયે. ૪
ચિત્ત ચોરી મને પરવશ કીધો,
વેણે છે દાણા પ્રાણરેમાં;
વાટ દેખાડી પાતળિયે. ૫
તમે સૌ મારા સ્વાર્થિ સંગી,
દુઃખમાં ભાગ નહિ કેનારેમાં;
વાટ દેખાડી પાતળિયે. ૬
માયા બંધનને પાસે પડયોતો,
ગોરે તે મુજને ચેતાવ્યોરેમાં;
વાટ દેખાડી પાતળિયે. ૭
માયાને બાંધ્યો જીવ અદ્ધર થયો તો,
ન્યેણાતે ગોરે આલ્યારેમાં;
વાટ દેખાડી પાતળિયે. ૮
'ખાકી 'ની અરજી રૂદિયામાં રાખો,
મહાદનના તમે સાથીરેમાં;
વાટ દેખાડી પાતળિયે. ૯

પદ, ૧૧. અગીયારમું.

રાગ, હિંચ, ધોળ.

ડોસી રોઈ નાયાનેરે વળગી,
હમને ન મૂકી જાશોરેમાં;
દવ લગાડયો ડુંગરીયે. ૧
હમે સઉને આશા તમારી,
દુઃખ દરિયામાં ન નાખોરેમાં;
દવ લગાડયો ડુંગરીયે. ૨
બાળ વૃદ્ધ સૌ રોતા ટળવળતા,
કોને તે તમે સોંપ્યારેમા;
દવ લગાડયો ડુંગરીયે. ૩
મરવું અવતરવું સૌનેરે માથે,
તેમાંતે શું તમે બીધ્યારેમાં ?
દવ લગાડયો ડુંગરીયે. ૪
મુર્કી નાંખીને તનેરે ભરમાવ્યો,
હવે હમે શું કરશુંરેમાં?
દવ લગાડયો ડુંગરીયે. ૫
હરિ ભજનમાં દુઃખડાં છે મોટાં,
તે નહિ સેવાય તુજથીરેમાં;
દવ લગાડયો ડુંગરીયે. ૬

હાડ બળી તન પંજર પડે છે,
રોમે રોમે તે લાયે લગારેમાં;
દવ લગાડયો ડુંગરીયે. ૭

એ દુઃખ સેહવું અતીરે કઠણ છે,
ઉછરેલ છે તું સુખમાંરેમાં;
દવ લગાડયો ડુંગરીયે. ૮

મારૂં માનીતું એનેરે મુકી દે.
રમવું જમવું સુખમાંરેમાં;
દવ લગાડયો ડુંગરીયે. ૯

'ખાકી'નો સ્વામી વનમાં રહ્યા છે,
નાયાને ચેન નવ થાયરેમાં;
દવ લગાડયો ડુંગરીયે. ૧૦

પદ, ૧૨. બારમું.

રાગ, હિંચ, ધોળ.

તારૂં સઉ મે સાંભળ્યું રે માડી,
અનંતે તું પાપ મને દેછેરેમાં;
માયા લગાડી પાતળિયે. ૧

લોક કુટુંબ સૌ સ્વારથે વળગ્યા,
પિંડમાં જ્યાં સુધી પ્રાણુરેમાં;
માયા લગાડી પાતળિયે. ૨
રમવું જમવું હસવું ફરવું,
જ્યાં સુધી ગાંઠમાં નાણુરેમાં;
માયા લગાડી પાતળિયે. ૩
સ્વપ્નાતરનું સુખ મેં જાણ્યું,
અમ્મર સુખને મોહ્યોરેમાં;
માયા લગાડી પાતળિયે. ૪
હરિ ભજન વિના દુઃખનું રે મુળ છે,
લોક કુટુંબ સૌ સાથીરેમાં;
માયા લગાડી પાતળિયે. ૫
પુરવ પુનઃમારૂં ઉદય થયું છે,
ત્રિલોકી નાથ મને ભેટયારેમાં;
માયા લગાડી પાતળિયે. ૬
ભેદ બતાવી ભય દેખાડયો,
સંસાર ધાત સુણાવી રેમાં;
માયા લગાડી પાતળિયે. ૭
કરણીની ભૂલથી આઘેર આવ્યો,
આ મળ્યો તે મારો સાથીરે;
માયા લગાડી પાતળિયે. ૮

રોતી કકળતી ડોશીને મૂકી,
નાયો આવ્યો તે ગોરની પાસેરેમાં;
માયા લગાડી પાતળિયે. ૯

'ખાકી' ઇચ્છે સેવા તમારી,
દાસને દરશન દેજોરેમાં;
માયા લગાડી પાતળિયે. ૧૦

સાખી.

માયા જાણી કારમી, નાયો ચતુર સુજાણ,
પ્રેમ ગાંઠ સજ્જડ પડી, વાગ્યા રૂદિયે બાણ. (૧)

પદ, ૧૩. તેરમું.

રાગ. હિંચ, ગરબી.

મારા ગુરૂજીને દઉં વધામણીરે,
પ્રભુ આપે પધાર્યા શિરોમણીરે;
મારા ગુરૂજીને દઉં વધામણીરે. (ટેક)
મારા તનડાના તાપને ટાળવારે,
મારા હાડ હરીને છે ગાળવારે;
મારા ગુરૂને દઉં વધામણી ૧

મારૂં ડગમગ સરવે મૂકાવિયું રે;
હરિયે એકજ ચિંત્ત થોભાવિયું રે.
મારા ગુરૂજીને દઉં વધામણીરે. ૨
હરી આવ્યા પહેલો, હું જાણતોરે,
સેવકાઈના પદને પામતોરે;
મારા ગુરૂજીને દઉં વધામણીરે, ૩
સાહેબ આવ્યા તે સાચા સોબતીરે,
વાગી જુગમાં અભે નોબતીરે;
મારા ગુરૂજીને દઉં વધામણીરે, ૪
દીનાનાથ દયાળને નમીયેરે,
એના વચન સરવે સમરિયેરે;
મારા ગુરૂજીને દઉં વધામણીરે. ૫
સગું કુટુંબ સરવે ચોરછેરે,
માયા લાલચે થયા ઢોરછેરે;
મારા ગુરૂજીને દઉં વધામણીરે. ૬
બોલે મીઠું ને ખાવા ધાયછેરે,
ના હોય નાણુ તો મારી જાયછેરે;
મારા ગુરૂજીને દઉં વધામણીરે, ૭
જોઇ જુગત વિચારી ચાલવું રે;
ભેટી ગુરૂજી અભેપદ પામવું રે;
મારા ગુરૂજીને દઉં વધામણીરે, ૮

નાચો આવ્યો તે ગુરૂની આગળેરે,
નામી શીશને કંઠે ગાગળેરે;
મારા ગુરૂજીને દઉં વધામણીરે, ૯

સાહેબ માફ ગુનો કરો માહેરોરે,
મેં અપમાન કીધો તાહેરોરે;
મારા ગુરૂજીને દઉં વધામણીરે. ૧૦

નાયા કાકાએ વિનવ્યા નાથનેરે,
'ખાકી' રાખશે તે તારી લાજનેરે,
મારા ગુરૂજીને દઉં વધામણીરે. ૧૧

પદ. ૧૪. ચૌદમું.

રાગ, હિંચ, ગરબી.

હવે ઉગારો ગુરૂજી અંધનેરે,
હું તો પડયો છું ભવ બંધનેરે,
હવે ઉગારો ગુરૂજી અંધનેરે. (ટેક)

આવાજી મને દુઃખ અતી પડયુંરે,
કુટુંબ તે ફોલી ખાઇ ગયુંરે;
હવે ઉગારો ગુરૂજી અંધનેરે. ૧

મેં તો મેલ્યો આવા કુડા સાથનેરે;
આવી ચરણે નમું છું નાથનેરે;
હવે ઉગારો ગુરૂજી અંધનેરે; ૨
મને અવળે પાટે બાંધિયોરે,
પાપ ચોરીને કરમે સાંધીયોરે;
હવે ઉગારો ગુરૂજી અંધનેરે. ૩
મારા રૂદિયામાં હોળી અતીબળેરે,
મારી સર્વેને કરૂં પરલેરે;
હવે ઉગારો ગુરૂજી અંધનેરે. ૪
મને કુડે તે કર્મે વલગાડીયોરે,
માર્ગ એક તે એજ દેખાડીયોરે;
હવે ઉગારો ગુરૂજી અંધનેરે. ૫
મને ભૂલ પડાવી વાટમાંરે,
મને ખોટ ઉપજાવી ખાટમાંરે;
હવે ઉગારો ગુરૂજી અંધનેરે. ૬
તમેં મેહેર કરી મુજ ઉપરરે.
મારૂં ભવિષ તે હવે ઉઘડેરે;
હવે ઉગારો ગુરૂજી અંધનેરે. ૭
દીનાનાથ દયાળુ છો ઘણારે,
દયાસાગર નથી કંઈ મણારે,
હવે ઉગારો ગુરૂજી અંધનેરે. ૮

નાયાકાકાની વિનંતી સાંભળીરે,
રાખો શરણે 'ખાકીને' હે ધણીરે!
હવે ઉગારો ગુરૂજી અંધનેરે. ૯

પદ, ૧૫. પંદરમું.

રાગ, હિંચ. ગરબી.

ચરણ નહિ મૂકું સ્વામી તમ તણા રે,
મારા પાપ વધ્યા છે અતી ઘણા રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ તણા રે. (ટેક)

સ્વામી આવું તે હું તમ સાથમાં રે.
હવે નહિ રહું હું આ જાગમાં રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ તણા રે. ૧

હવે આપો તમારા ધર્મને રે,
મારા છોડાવો પુરેવ કર્મને રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ તણા રે. ૨

જે આજ્ઞા આપો તે કિજીયે રે,
માની વચન અખંડ સુખ લિજીયે રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ તણા રે. ૩

મન ભાવે તે મુજને કહો કથી રે,
જવા દેવાનો હું તમને નથી રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ તણા રે. ૪
ખરી કસોટીયે હવે રળશું રે,
લાવી સરવે તમ આગળ ધરશું રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ તણા રે. ૫
આપ વચને કપટ પર હર્યું રે,
હવે એથી શું કહું તમને ઘણું રે?
ચરણ નહિ મૂકું સ્વામી તમ તણા રે. ૬
ભાવે ભક્તિ કરીશું આપની રે,
દિન રાત તે સેવા નાથની રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ તણા રે. ૭
ભુલાવ્યો કદી હવે નહિ ડગું રે,
મેં જાણ્યું નથી કોઈ સગું રે,
ચરણ નહિ મુકું સ્વામી તમ તણા રે. ૮
કુટુંબ કબીલો સહુ છે કારમું રે,
મુવા પછી નહિ કરે બારમું રે;
ચરણ નહિ મુકું સ્વામી તમ તણા રે.
નાયાકાકાની અરજી સાંભળો રે,
'ખાકી'ના સ્વામી આવી મળો રે;
ચરણ નહિ મુકું સ્વામી તમ તણા રે. ૧૦

પદ, ૧૬. સોળમું.

રાગ. હિંચ, ગરબી.

કીયા દેશ થકીરે તમે આવીયારે ?
સંદેશો તે મારો લાવીયારે ?
કીયા દેશ થકીરે તમે આવીયારે ? (ટેક)
રહેવાસી તમે તે કીયા દેશનારે ?
છો સાથી તે મારા હમ્મેશનારે ?
કીયા દેશ થકીરે તમે આવીયારે ? ૧
કીયે કારણિયે તમે નીસર્યા રે ?
મારા ચિત્તડામાં તમે આવી વશ્યારે ?
કીયા દેશ થકીરે તમે આવીયારે ? ૨
કોણ નાત તમારી જાતડીરે ?
પુછું કેહેજો તે સાચી વાતડીરે ?
કીયા દેશ થકીરે તમે આવીયારે ? ૩
કુળ જાત તમારી કોણ છે રે ?
સાથે કેટલાક તે પરોણા છે રે ?
કીયા દેશ થકી તમે આવીયારે ? ૪
તમો જાઓ છો કીયા દેશમાં રે ?
છો કેમ તે આટલા આવેશમાં રે ?
કીયા દેશ થકી રે તમે આવીયા રે ? ૫

જુગો જુગની વીગતું કહાવજોરે,
મારા મનડાની હોંશ પુરાવજોરે;
કીયા દેશ થકીરે તમે આવીયારે ? ૬
તમે નીકળિયા કીયે કારણેરે ?
મને રાખજો આપને બારણેરે;
કીયા દેશ થકીરે તમે આવીયારે ? ૭
સ્વામી અરજ હમારી સ્વીકારજો,
આ વિનન્તી ઉર ધરજો;
કીયા દેશ થકી રે તમે આવીયા રે ? ૮
વને વને ફરવામાં આપને શું કામ છે રે ?
અહિં રહો આ રૂડું ધામ છે રે;
કીયા દેશ થકી રે તમે આવીયારે ? ૯
રૂડા ચણાવું મન્દિર માળિયા રે,
રૂડા ચિત્રને આરસ ઢાળિયા રે;
કીયા દેશ થકી રે તમે આવીયારે ? ૧૦
નાયાકાકાએ વીનવ્યા ગોરને રે,
નહિ રાચે તે 'ખાકી' ઓરને રે;
કીયા દેશ થકી રે તમે આવીયા રે ? ૧૧

પદ, ૧૭. સત્તરમું.

રાગ, હિંચ. ગરબી.

કહું નાયા તને વધામણીરે,
દેશ પંજાબ છે શીરોમણીરે;
કહું નાયા તને વધામણીરે.
શેહેર મુલ્તાન છે ત્યાં શોભતું રે.
ત્યાં નિત્ત નિત્ત વાગે નોબતું રે;
કહું નાયા તને વધામણીરે, ૧
પીર કબીરદીન આપ છેરે,
મારા દાદા સુરદીન આપ છેરે;
કહું નાયા તને વધામણીરે. ૨
પિતા તે સ્વર્ગે સીધાવિયારે,
ગુજરાત જવાનું કહિ ગયારે;
કહું નાયા તને વધામણીરે. ૩
માટે આવ્યા હમે આ વનમાંરે.
હમે છૈયે મહમ્મદી જન્મારે,
કહું નાયા તને વધામણીરે, ૪
હમે ફર્યા તે દેશ જોવા કારણેરે,
આજ આવ્યા તમારે બારણેરે;
કહું નાયા તને વધામણીરે. ૫

વનવન ફરવામાં વેણ પળાયેછેરે,
વિસરેલાને યાદી અપાયછેરે;
કહું નાયા તને વધામણીરે. ૬
પહેલાં તે તો કેટલુંક ફરીયારે,
ચાર ટોળીથી જીવ તારિયારે;
કહું નાયા તને વધામણીરે. ૭
પંચમ વેળાનો ટોળ બાંધવોરે,
ભકતુનાં તે સંગને સાંધવોરે;
કહું નાયા તને વધામણીરે. ૮
સત પંથ તે હમે પાળીયેરે,
અખંડ સુખ મહા પદ માળીયેરે;
કહું નાયા તને વધામણીરે. ૯
દેશ દેશ ફર્યા બોધ આપવારે,
ત્રિવિધીનો બોજો કાપવારે;
કહું નાયા તને વધામણીરે. ૧૦
બુરહાનપુરથી હાલી આવીયારે;
હમે જાતે તે સૈયદ કાવીયારે;
કહું નાયા તને વધામણીરે. ૧૧
કુળ હાશમી મારૂં કહીયેરે,
સદ્દબોધ તે પ્રેમે લઇએરે;
કહું નાયા તને વધામણીરે. ૧૨

પીર 'ઇમામશાહ' મારૂં નામ છેરે,
પરોણ સાથે વેહેલ નામછેરે;
કહું નાયા તને વધામણીરે. ૧૩
'ખાકી'ને તે સેવામાં રાખજોરે;
અભેદપદ તે તેને આપજોરે;
કહું નાયા તને વધામણીરે. ૧૪

સાખી

ગુરૂજી તૈયાર થયા ચાલવા, નાયો પલ્લવ સાહે;
સાથે લેજો વાલમાં નિરાધાર નવ રેહેવાયે. (૩)

પદ. ૧૮. અઢારમું.

રાગ. હિંચ.

સાથે હું આવું તમારી,
વાલમજી સાથે હું આવું તમારી;
ચોટયાં તે ચિત્તડે મારી,
વાલમજી સાથે હું આવું તમારી. ટેક.
મધુર વચનને હું મોહીનેરે,
ઘાતે વાગ્યા મુનેકારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૧
માતાજીને હું પુંછવા ગયોતોરે,
લાગ્યા તે વેણ અકારીરે;
વાલમજી સાથે હું આવું તમારી. ૨

લોભ કપટ દંભ દઇનેરે,
ભાર મૂકયો મને ભારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૩
જુગ્તે જુગત મેં જાણીરે,
થઈ બુદ્ધિ છે એની નઠારીરે;
વાલમજી સાથે હું આવું તમારી. ૪
ભજન ભાવ મુને સૂઝવા નાંહીધુંરે,
કહે થઈ રહી વસ્તુઓ સારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૫
એક સંતાડેને એક મુકેરે,
એક ખાંતે ખરચે ધન ભરી;
વાલમજી સાથે હું આવું તસારી. ૬
નાણું થઇ રહેતારે વીંટી વળીનેરે,
પોકાર કરે દુઃખકારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૭
પાંતીએ પાપનીએ ના કહેછેરે,
સુખમાં વળગે ભારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૮
ઉધાઈ સમ્ તે વળગેરે,
ખાંતે ખાયછે તે ડંખમારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૯

સાથીછો સાચા હંમેશનારે,
ચર્ણ નહી મુકું આ વારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૧૦

સંસાર સઘલું નવ રૂચેરે,
વિષ સમ લાગે નારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૧૧

'ખાકી' તે વ્યાકુળ થયોછે રે,
નાંયો સંગ આવે મોરારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૧૨

પદ. ૧૯. ઓગણીસમું.

રાગ. હિંચ.

સાથે લેવાનો તને ભાઈ,
નાંયા સાથે લેવાનો તને ભાઈ;
રહેજે તું દી થોડા યાંહીં,
નાંયા સાથે લેવાનો તને ભાઈ. ટેક

માયાનો પાસ તને પરબળ બેઠારે,
કાટ ઉતરશે તારો યાંહી;
નાંયા સાથે લેવાનો તને ભાઈ. ૧

દેશ વિદેશ મારે ફરવુ રે,
તેથી રાખું છું, તને ચાંહી;
નાંયા સાથે લેવાનો તને ભાઇ. ૨
વાણુ દઉં તે તું પાળજે રે,
ફરજે તું દી થોડા ચાંહી;
નાંયા સાથે લેવાનો તને ભાઇ. ૩
વિવેક વૈરાગ્ય કદીયે ના ચુકતોરે,
માન શિખામણુ મારી;
નાંયા સાથે લેવાનો તને ભાઇ. ૪
ઉત્તપત્તી સઘળી એક હરિનીરે,
ઘટો ઘટમાં એકજ સાંઇ;
નાંયા સાથે લેવાનો તને ભાઈ. ૫
જીવની હીંશા કદીયે ન કરવીરે,
કામને મારવો સાહી;
નાંયા સાથે લેવાનો તને ભાઇ. ૬
ઉત્તપત્તી સ્થિતી પરલેરે,
એ સરવે તે સાહેબ માંહી;
નાંયા સાથે લેવાનો તને ભાઇ. ૭
વાદવિવાદ અહંકાર તજજેરે,
ભક્તિ સાહેબની ધારી;
નાંયા સાથે લેવાનો તને ભાઇ. ૮

કરતા હરતા શ્રી શાહો છેરે,
તે તો રાખજે મનમાં ધારી;
નાંયા સાથે લેવાનો તને ભાઈ. ૯

ધ્યાન તે ધણીનું ધરજેરે,
જુગે જુગ રમ્યો મૂરારી;
નાંયા સાથે લેવાનો તને ભાઇ. ૧૦

આશા ત્રશનાં દિલે ન ધરવી,
પરનિંદા એ જુઠને વારી;
નાંયા સાથે લેવાનો તને ભાઇ. ૧૧

કઠોર વચન કદીએ ના કહેવુંરે,
દોષ બુદ્ધિ તે દૂર ધારી,
નાંયા સાથે લેવાનો તને ભાઇ. ૧૨

પર નારનો સંગ ના કરવોરે;
'ખાકી' તે દુઃખનું મુળ જાણી;
નાંયા સાથે લેવાનો તને ભાઇ. ૧૩

પદ. ૨૦. વીસમું
રાગ. હિંચ.

વાત એક સાંભળ મારી,
કહું તને વાત એક સાંભળ મારી;

રાખ તનડાના તાપને વારી,
કહું તને વાત એક સાંભળ મારી. (ટેક)

એક માટીનું સ્થુલ બન્યું છેરે,
આગ પવન ને પાણી;
કહું તને વાત એક સાંભળ મારી. ૧

તેજ ધરીને કાય બાંધીરે,
એમા માંહી વશ્યા મોરારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૨

પાંચ તે ચોર માંહી વસેરે,
કામ ક્રોધ લોભ જુઠ ભારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૩

મોહ ને કબજે કરવોરે,
એમ રહેવું તે મમતાને મારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૪

સંતોષ સમતા કદીયે ના ચૂકવીરે,
રાખ માયાથી મનડું વારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૫

સ્નેહ એક સાચું સાંઈનુ રે,
જેણે ઉપની મેદની સારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૬

પ્રેમ વીના કોઈ પાર ન પામેરે,
માહાપદ તે જે સુખકારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૭
અતી વહેવાર મિથ્યા જાણવોરે,
જેમાં લોભ કપટ હોયે ભારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૮
દેહ કારણે અન્નજળ લેવુંરે,
હરી પ્રસાદ સમ એ ધારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૯
હરવું ફરવું હરીની પ્રદક્ષિણારે,
સૂવું બેશવું દંડવંત જાણી;
કહું તને વાત એક સાંભળ મારી. ૧૦
કારણ કર્મ તે એક જ જાણવારે,
થાશે તો આનન્દ ભારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૧૧
ચેસ્ટાઓ સઘળી હરીને સમર્પીરે,
તજી દેવું તે હુંપદ કાઢી;
કહું તને વાત એક સાંભળ મારી. ૧૨
સાહેબ સેવામાં 'ખાકી' રહે છેરે,
જેવું તેવું તે મન માની;
કહું તને વાત એક સાંભળ મારી. ૧૩

પદ. ૨૧. એકવીસમું.

રાગ. હિંચ

રાખજે વાત મન ધારી,
શુંદિર એક રાખજે વાત મન ધારી,
કહું જીવ સ્વભાવ વિસ્તારી,
શુંદિર એક રાખજે વાત મન ધારી. (ટેક)

સ્વભાવ જીવમાં જેટલા જડે છેરે,
તેમાં શુભ અશુભ લો ધારી;
શુંદિર એક રાખજે વાત મન ધારી. ૧

અશુભ સ્વભાવે કરીનેરે,
જીવ દુઃખ પામે છે ભારી;
શુંદિર એક રાખજે વાત મન ધારી. ૨

શુભ સ્વભાવે સુખ થાય છે રે;
મહાલે તે મહાપદ માંહી;
શુંદિર એક રાખજે વાત મન ધારી. ૩

ચાર સ્વભાવની વિગત લેજેરે.
તે કહું તને વિસ્તારી;
શુંદિર એક રાખજે વાત મન ધારી. ૪

એક પશુને બીજે સિંહનોરે,
ત્રીજે ભૂત દેવ ચોથે ધારી;
શું દિર એક રાખજે વાત મન ધારી. ૫
તૃષ્ણા ભોગ અભિલાષારે,
પશુપણું તે લેજે વિચારી;
શું દિર એક રાખજે વાત મન ધારી. ૬
ખાવું પીવું ભોગ કામાદિકનાંરે,
તે તો થાએ અંતે દુઃખકારી;
શું દિર એક રાખજે વાત મન ધારી. ૭
ક્રોધનો સ્વભાવ એ સિંહનોરે,
એ તો લક્ષણ છે હિચકારી;
શું દિર એક રાખજે વાત મન ધારી. ૮
ઘાતકી ઈર્ષા કવેણથીરે,
મન વચન કર્મે એ ભારી;
શું દિર એક રાખજે વાત મન ધારી. ૯
પ્રેતનો તો ભાવ એ છે રે,
છલ કપટ ને દંભ ભારી;
શું દિર એક રાખજે વાત મન ધારી. ૧૦
પ્રપંચે અતી પસ્તાશોરે,
એથી જાશો તે નરકે મારી;
શું દિર એક રાખજે વાત મન ધારી. ૧૧

દેવ સ્વભાવ જે દેહિમાંરે,
બુદ્ધિ દીસે એક જ સારી;
શું દિર એક રાખજે વાત મન ધારી. ૧૨
શુદ્ધબુદ્ધિ શુભ કામનીરે,
વિદ્યા વૈરાગી ને ભલાઈ;
શું દિર એક રાખજે વાત મન ધારી. ૧૩
'ખાકી' તે વિનવે સાહેબનેરે,
જેણે રચી આ મેદની સારી;
શું દિર એક રાખજે વાત મન ધારી. ૧૪

પદ, ૨૨. બાવીસમું.

રાગ. હિંચ

મનડું રાખવું વારી,
માયાથી મનડું રાખવું વારી;
માયાથી મનડું રાખવું વારી. (ટેક)
જીવરાજા દેહ મંડળનોરે,
તેની સેના અતી સુખકારી;
માયાથી મનડું રાખવું વારી. ૧

ઉત્તપત્તી જીવની કીધીરે,
તેનું કારણ કહું વિસ્તારી;
માયાથી મનડું રાખવું વારી. ૨
ભલાઈ જીવની શોધવીરે,
એ છે ઘણું અતી સુખકારી;
માયાથી મનડું રાખવું વારી. ૩
શુદ્ધ સાહેબની કરવીરે,
જેણે રચી છે રચના આ સારી.
માયાથી મનડું રાખવું વારી. ૪
તેની રચનાએ મોહીનીરે,
શોધવું હોય જે સુખકારી;
માયાથી મનડું રાખવું વારી. ૫
રચના આ સરવે સાહેબનીરે.
ઓળખ ઇન્દ્રિયોને સારી;
માયાથી મનડું રાખવું વારી. ૬
પાંચ તત્વનું શરીર છે રે,
વળી પિત કફ વાયુ દુઃખકારી;
માયાથી મનડું રાખવું વારી. ૭
જેથી કરી ભય નાશનોરે,
જેમ ભુખ પયાસ બહુ ભારી;
માયાથી મનડું રાખવું વારી. ૮

અગ્ની જળ સિંહ શત્રુરે,
તે પણ અતીશે નાશકારી;
માયાથી મનડું રાખવું વારી. ૯

શરીર અર્થે અન જળ રચીયુ રે,
તે લેવું નીમિત્ત ધારી;
માયાથી મનડું રાખવું વારી. ૧૦

એ જાતની સેના શરીરમાં રે,
સ્થુલ સુક્ષમ એ જો ભારી;
માયાથી મનડું રાખવું વારી. ૧૧

સ્થુલ તે હાથ ભાશેરે,
સુક્ષમ તે પ્રેમ ક્રોધ જાણી;
માયાથી મનડું રાખવું વારી. ૧૨

જેથી કરી જય થાય છે રે,
તે તો બુદ્ધિ છે સાત્વિક સારી;
માયાથી મનડું રાખવું વારી. ૧૩

'ખાકી'યે સ્વામી ઓળખ્યારે,
તેથી રહ્યું છે મનડું માની;
માયાથી મનડું રાખવું વારી. ૧૪

પદ. ૨૩. તેવીસમું.

રાગ. હિંચ. ધોળ.

ઓળખી લેજે મૂરારી,
જીવ તું ઓળખી લેજે મૂરારી;
રચનાંને ચિત્તડે તે ધારી,
જીવ તું ઓળખી લેજે મૂરારી. (ટેક)

પદાર્થે એથી દેહ રચી છે;
એમાં શોભે છે બારબારી;
જીવ તું ઓળખી લેજે મૂરારી. ૧

જે નેત્રોથી દ્રષ્ટે પડેછેરે,
હાડમાંશને ત્વચા સારી;
જીવ તું ઓળખી લેજે મૂરારી. ૨

સુક્ષ્મ તે તો ચૈતન્ય શોભે રે,
તેને જાણે છે મેદની સારી;
જીવ તું ઓળખી લેજે મૂરારી. ૩

તે તો બુદ્ધિની આંખે જોવાયેછેરે,
માન વાત તું નાયા મારી;
જીવ તું ઓળખી લેજે મૂરારી. ૪

સ્થુળ નેત્રથી દૂર રહે છે રે,
નિજ રૂપ તેજ તારૂં ભારી;
જીવ તું ઓળખી લેજે મૂરારી. ૫
ગુણ છે જેટલા શરીરના રે,
રાખ તેટલા આધીન ભાઈ;
જીવ તું ઓળખી લેજે મૂરારી. ૬
ચેતન તે પરદેશી જાણવો રે,
તે કામે આવ્યો છે આંહી;
જીવ તું ઓળખી લેજે મૂરારી. ૭
એની ઓળખાંણે રહ્યો છે રે,
ઉત્તમ જીવ તો અધિકારી;
જીવ તું ઓળખી લેજે મૂરારી. ૮
પૂર્વેનો પુનઃ પાપ ખમવો રે,
સુખ દુઃખ તે દેહના ધારી;
જીવ તું ઓળખી લેજે મૂરારી. ૯
ભાગી અભાગી તેને કહે છે રે,
કર્મા કર્મે તે લેજે ધારી;
જીવ તું ઓળખી લેજે મૂરારી. ૧૦
શરીર તે આધીન રહે છે રે,
તેથી લેવી તે ઓળખાણ ભારી;
જીવ તું ઓળખી લેજે મૂરારી. ૧૧

સ્વભાવનીઓળખાણ જાણવીરે,
એ જ કૂંચી તો મનમાં ધારી.
જીવ તું ઓળખી લેજે મૂરારી. ૧૨

એ જ પુર્ષાતન કરવું રે,
ઓળખ જે ચેતન નામી;
જીવ તું ઓળખી લેજે મૂરારી. ૧૩

એ ઓળખાણે બ્રહ્મ જાણવો રે,
જે અમુલ્ય રત્નની ખાણી;
જીવ તું ઓળખી લેજે મૂરારી. ૧૪

'ખાકી' આવ્યો આ દેશમાં રે,
તે તો પરદેશી જાણવો માની;
જીવ તું ઓળખી લેજે મૂરારી. ૧૫

પદ. ૨૪. ચોવીસમું.

રાગ. હિંચ.

વાત એક ચિત્તડે રાખી,
લેજેભાઈવાતએકચિત્તડેરાખી;
કઠોર કુવેણને શાંખી,
લેજે ભાઈ વાત એક ચિત્તડે રાખી. (ટેક)

જીજ્ઞાસુ તે જુગમાં કહેવાયછે રે,
મેલે પરથમ પાપને ત્યાગી;
લેજે ભાઈવાત એક ચિત્તડે રાખી. ૧
પરથમ અપેક્ષા ધર્મની થાય છે રે,
કેહેનિશ પાપનું કયાંથી ?
લેજે ભાઈવાત એક ચિત્તડે રાખી. ૨
નિશપાપ તે દેવ કહેવાયે છે રે,
પાપ રૂપ અશુર લેજે જાણી;
લેજે ભાઈ વાત એક ચિત્તડે રાખી. ૩
તેથી ભય સાહેબનું રાખવું રે,
જાશે તે પાપ એથી નાશી;
લેજે ભાઈવાત એક ચિત્તડે રાખી. ૪
પાપનો ત્યાગ એ લક્ષણ મનુષ્યનું રે,
અશુર પાપમાં રહે માની;
લેજે ભાઇ વાત એક ચિત્તડે રાખી. ૫
જેરે પુરૂષે મનશા ત્યાગીરે,
રહે વ્યતિત્ત પાપોથી જાગી;
લેજે ભાઇ વાત એક ચિત્તડે રાખી. ૬
ઉત્તમ મનુષ્ય તેને કહેવોરે,
રહે સાહેબથી જે જાગી;
લેજે ભાઇ વાત એક ચિત્તડે રાખી. ૭

પરથમ ઉત્તપત્તી જીવનીરે
તે તો નીચ પણેથી લાગી;
લેજે ભાઈ વાત એક ચિત્તડે રાખી, ૮
આદીથી બળ ભોગનું રે,
તેથી શુદ્ધ બુદ્ધી તે શત્રુ લાગી;
લેજે ભાઈ વાત એક ચિત્તડે રાખી. ૯
બુદ્ધિનું બળ ત્યાં નહિ ચાલે રે,
એ પાછળથી તે આવી;
લેજે ભાઇ વાત એક ચિત્તડે રાખી. ૧૦
બાળપણાથી ભોગે ઘેર્યો રે,
હૃદય રૂપી તે એ ગઢ ભાઈ;
લેજે ભાઇ વાત એક ચિત્તડે રાખી. ૧૧
મન સ્વભાવ તેને વળગ્યો રે,
તેને ખચિત્ત લેજે માની;
લેજે ભાઇ વાત એક ચિત્તડે રાખી. ૧૨
નિર્મળ બુદ્ધે ન્યાય પ્રગટેરે,
જીવ ભોગોને એસે ત્યાગી;
લેજે ભાઇ વાત એક ચિત્તડે રાખી. ૧૩
પુરૂષાર્થની અપેક્ષા થાય છેરે,
નાયા રહેજે તું ચિત્તમાં જાગી;
લેજે ભાઈ વાત એક ચિત્તડે રાખી. ૧૪

ચો દિશ શાંઇની 'ખાકી' ભાળેરે.
જેણે લીધું છે એક જ માની;
લેજો ભાઇવાત એક ચિત્તડે રાખી. ૧૫

સાખી

ચિત્ત નિર્મળ રાખજે, અંતર એક જ નામ;
સબ ઘટ સરખો જાણજે, ભવતારણ ભગવાન. [૪]

પદ, ૨૫. પચીસમું.

રાગ. વેળાવલ.

નાયા પાળજે એકજ વાણ, સતૂપંથ જાળવી. ટેક
ધ્યાનધરજેગુરૂજીનુંસાર,અંતરબીકનાઆણવી.નાયા.૧
ધર્યું સાહેબે અવતાર, ભક્ત લેશે જાળવી. નાયા. ૨
નરજીપ્રગટ આવે સાર,તને દેખાડું ભાળવી. નાયા. ૩
નાયા જાણજે દશમો અવતાર, શંકા મન ન આણવી.
નાયા. ૪
જેણે ઓળખ્યા શ્રી નકલંક, લેશે તેને જાળવી.
નાયા. ૫
જેથી નરજી પરશન હોય, વરતી તેમાં તાણવી.
નાયા. ૬

હમે નાયા જાશું નિર્વાણ, રહેજે ભાઇ જાળવી.
નાયા. ૭
તને સાથે નહિ લેવાય, અહીં થોડી વખત ગાળવી.
નાયા. ૮
વળતા આવીશું હમો ચાંહી, લેશું તારે જાળવી.
નાયા. ૯
ફરજે તું આટલા માંહી, વાણી તારે આ પાળવી.
નાયા. ૧૦
રાખજો તું શ્રણું માંહે, 'ખાકી'ની ચિંત્તા આણવી.
નાયા. ૧૧

સાખી

નાયો વિનવે ગોરને, રથ જોડયો જે વાર;
ભૂલી ન જાશો, વાલમાં, એક તારો આધાર.[૫]

પદ, ૨૬. છવીસમું.

:રાગ, હિંચ. વણઝારનો

ગુરૂજીયે રથ જોડીયો, મેં જોડતાંદીઠો સાહેબજી. [ટેક]
રથ તમારો છોડો, છોડાવનાર નાયો સાહેબજી; ૧

ઘડી એક ઉભલા રહોતો, હું પાણી લાવું સાહેબજી.
દાતણ કરતાં જાઓ, પાણી લાવનાર નાયો સાહેજી.૨
ઘડી એક ઉભલા રહોતો, હું નાવણ લાવું સાહેબજી;
નાવણ કરતા જાઓ, તે લાવનાર નાયો સાહેબજી.૩
ઘડી એક ઉભલા રહેતો, હું જામા લાવું સાહેબજી;
જામા લાવનાર નાયો, ગુરૂને મન ભાયો સાહેબજી.૪
ઘડી એક ઉભલા રહેતો, હું પાથ્રણ લાવું સાહેબજી.
પાથ્રણ લાવનાર નાયો, ગુરૂએહાથેસાહ્યોસાહેબજી.પ
ઘડી એક ઉભલા રહોતો,હું ભોજન લાવુંસાહેબજી;
ભોજન કરતાં જાઓ, તે લાવનાર નાયો સાહેબજી.૬
ઘડી એક ઉભલા રહેતો. હું ફુલડાં લાવુંસાહેબજી;
ફુલડાંલાવનારનાયો, ગુરૂશું ચિત્ત લાયો સાહેબજી.૭
ઘડી એક ઉભલા રહોતો, હું સેવા લાવું સાહેબજી;
સેવાલાવનારનાયો,'ખાકી'ને મન ભાયો સાહેબજી.૮

સાખી

નાયો વનમાં ટળવળે, ગોરજી ચાલ્યા જાયે;
જેમ દાવાનળ પ્રગટયું, તેમ નાયો વ્યાકુળ થાયે.૬

૫૬, ૨૭. સત્તાવીસમું

રાગ. ભરથરીનો

ગુરૂજી મુકી મુને કયાં ગયા ? દિલડે લાગી લાયેજી;
એકલો શું મેલી ગયા ? જીવું કોને આધારજી ?
સાહે થજો સ્વામી માહેરા. ૧
ચિતડું તે સાથી ચોરીયું ? શું મારો અપરાધજી ?
ભાવે ભેટો લઈ બાથમા, સહાય કરો દીનાનાથજી;
સાહે થશો સ્વામી માહેરા. ૨
પાપી પુરો છું વિશ્વમાં જાણ્યા નહિ જુગદિશજી;
હાથ ઝાલો ગુણ સાગરા, ભમિયો દિવસ રાતજી;
સાહે થજો સ્વામી માહેરા. ૩
વન વિકટ બીહામણું ! ચો દિશ ખાવાને ધાયેજી;
સગાંકુટુંબ બેની બાંધવા, આભરણે લાગે અંગારજી;
સાહે થજો સ્વામી માહેરા. ૪
દર્શને દેઇને લોભાવિયો, માર્યા ન્યણાના બાણજી,
કાળજું મારૂં રે કોરીયું ? વેધ્યા મમ્ર પ્રાણજી;
સાહે થજો સ્વામી માહેરા. ૫
લોહ બાણ જેને વાગીયા, તેતો બચ્યા કંઈ એક જીવજી;
પ્રેમે વેધેલો જીવ નહિ બચે, લાગી કાળજે ચોટજી,
સાહે થજો સ્વામી માહેરા. ૬

પ્રે. ૫

દેહ ધ્રુજે છે માહેરી, આંખે શોણિત ધારજી;
ગાત્ર મારારે ગળી ગયા, ઘાયેલ થયો સરદારજી;
સાહે થજો સ્વામી માહેરા. ૭
કંપ વાયુ પ્રગટયો, થરથર કંપે શરીરજી;
શુદ્ધ નથીરે શરીરની જુગ આ ખાવાને ધાયજી;
સાહે થજો સ્વામી માહેરા. ૮
દયાનિધિ દયા કરો, દર્શન દેજો દીના નાથજી;
એક ઓશિંગળ તાહેરે, બીજે સૂઝે નહિ કાંઈજી;
સાહે થજો સ્વામી માહેરા. ૯
જુગ જુઠાણું જાણતો, કષ્ટ વેઠતો નહિ કાંઈજી;
સાથે રહેતો મારા સ્યામને, દિન રાત કરતા સેવજી;
સાહે થજો સ્વામી માહેરા. ૧૦
દયા સાગર શિરોમણી, શકળ ગુણ ભંડારજી;
અરજી મારીરે સાંભળો, બોલાવો ચરણની પાસજી;
સાહે થજો સ્વામી માહેરા. ૧૧
એવું હતું જાણુંરે, નહોતો લેવો સાથજી ?
દર્શન દેઈ ઘેલો કેમ કર્યો ? હવે કેમ રહું નાથજી ?
સાહે થજો સ્વામી માહેરા. ૧૨
કર્મ મારા નવ જોજો સ્વામી, જોજો આપનું વેણજી;
વેણ બાંધ્યા મુને લઈ જજો, આ વન ખાવા ધાએજી;
સાહે થજો સ્વાથી માહેરા. ૧૩

કુવે ઉતરતાં વ્રત તુટિયો, સાહેર બેડી વિખરાયેજી;
વનડે દાવાનળ સળગિયો, ઘરમાં લાગી આ લાયેજી,
સાહે થજો સ્વામી માહેરા. ૧૪
આધારે હવે કોને રહું ? નિરાધાર નહિ રહેવાયજી;
સજ્જન વછોવા કેમ સહું ? વળી જેનો આધારજી;
સાહે થજો સ્વામી માહેરા. ૧૫
પંખી સરવે ઉડી જજો; જઇને કહેજો આ વાતજી;
દાસ દુભાણો દુઃખથી ગોરજી વિયોગ ના સહેવાયજી;
સાહે થજો સ્વામી માહેરા. ૧૬
કોકિલા તું બોલાવને, તારો મીઠો સ્વરજી;
તારે શબ્દે શાહો બોલશે, સોને મઢાવું તારી ચાંચજી;
સાહે થજો સ્વામી માહેરા. ૧૭
મોર તું ટઉકીયો, કંઇક દીઠા મારા નાથજી;
બોલ વીરા તુજને વીનવું, લળી લાગું તને પાયજી;
સાહે થજો સ્વામી માહેરા. ૧૮
વનચર વીરારે લોભીયા, કેમ લોભે લજવાવોજી,
દેખાડો દીના નાથને, કાંઈ વશ્યા એ કિર્તારજી !
સાહે થજો સ્વામી માહેરા. ૧૯
ભાવ ભેટાને ઓ ભુધરા ! ભવે ભવનો દાસજી
ઓધારણ ત્રિલોકના, ગુરૂજી આપ કિર્તારજી;
સાહે થજો સ્વામી માહેરા. ૨૦

વેણે બાંધ્યો શાંઇયાં, નાયો નહિ જાયે બારજી
દાસ 'ખાકી'રે વિનવે, લજ્જા રાખણ હારજી;
સાહે થજો સ્વામી માહેરા. ૨૯

સાખી

લજ્જા રાખણ શાંઇયા, દર્શન દેજો પુર;
ઘટો ઘટે વશી રહ્યા જ્ઞાની ને હજુર

પદ. ૨૮. અઠ્ઠાવીસમું.

રાગ. ગરબી.

સખી સોમે સરજનહાર, સુખડાં દેજોરે;
મારાં દુખડાં કરજો દૂર, દર્શન દેજોરે. ૧

સખી મંગળે મહા સુખધામ, અખંડ અવિનાશીરે;
જપિએ નિશદિન સાર, તે ટાળે ફાંસીરે. ૨

સખી બુધ્ધે શુધ બુદ્ધ એક, સાહેબની રાખોરે;
આપ્યો જેણે આ દેહ, તેશું પ્રેમ બાંધોરે. ૩

સખી બ્રેહસ્પતે બહુ નામ, તેનાં કહિયેરે;
જપીયે અજંપો જાય, મહા સુખ લઇયેરે. ૪

સખી શુક્રરે શોભે સાર, બીજવ્રત પુરોરે;
જે કરશે નરને નાર, નહિ રહેશે અધુરોરે. ૫
સખી શનીયે સકળ ગુણ જાણુ, ઘટો ઘટ બોલોરે;
સહા વાયક જાણે જેહ, મહાપદમાં ડોલેરે. ૬
સખી રવીએ ઉગ્યા ભાણ, નાંયો વિનવેરે;
દર્શન દેજો નાથ, 'ખાકી' સેવે રે. ૭

પદ. ૨૯. ઓગણત્રીસમું.

રાગ. ગરબી.

સખી કારતગે કંથ કિર્તાર, મુજને મળજોરે,
મારા ભવનાં બંધન સાર, પરલે કરજોરે. ૧
સખી માગસરે મેલી નાથ, હવે નવ જઇએરે.
એક ઓશિંગળ જેહ, દુઃખ તેને ના દઇયેરે. ૨
સખી પોષે સોષે ઉર, વ્રિહે દુઃખ પીડે રે;
દર્શન વિના નાથ, જીવડું તલખે રે. ૩
સખી માહે મારો શાહ, આવી મળશે રે;
તેંયે થાશે અતી આનંદ, કલ્પવૃક્ષ ફળશે રે. ૪
સખી ફાગણે ફુલ્યા ફુલ, બહુ ભાંતી રે;
મારે અંગે થાયે ઉકળાટ, ધડકે છાતીરે. ૫

સખી ચૈત્રે ચિત્ત વ્યાકુળ, ગુરૂ ગમ સારૂં રે;
વિનવું હું વારોવાર, દુઃખ બહુ પામું રે. ૬
સખી વેશાખે વાયુપુર, પ્રેમનો ચાલે રે;
અલબેલો દીનાનાથ, રૂદિયામાં સાલે રે. ૭
સખી જેણે જેણે હઠ, એક જ માંડી રે;
લાગી સાંઈથી જેની ટેક, તે કેમ જાયે છાંડી રે ? ૮
સખી અસાડે આવ્યો, વરસ વરસવા કાજે રે:
વહે નદિયું તે ઘમ્ઘોર પૃથ્વી ધ્રુજે રે. ૯
સખી શ્રાવણે સરવડ થાયે, વરસે છબોકેરે;
મને તજી ગયા છે નાથ, કાળજું કંપે રે. ૧૦
સખી ભાદરવે ભરપૂર, ભડ ભડ ગાજે રે;
રગે રગે કંપે અંગ, દિલડું દાઝે રે. ૧૧
સખી આસોએ આ ઠામ, ફરી ફરી થાકયો રે;
મારે આંખે આંસુ ધાર, શાહો મારો જાગોરે. ૧૨
સખી માસે પુરા બાર, પુરણ કીધારે;
આ નાંચો ફરે ચોદિશ, પ્રેમનાં બીધા રે. ૧૩
સખી ગાયે શીખે આ માસ, પુરા બારે રે;
'ખાકી' તેને ના લોપે કામ, વિયોગ ના પામેરે. ૧૪

પદ, ૩૦. ત્રીસમું

રાગ. ગરબી

સખી પડવે પ્રેમનો પંથ પુરણ પહેલો રે;
જે ચડિયોરે આ પંથ, આનંદ સેહલો રે. ૧
સખી બીજે બહુ ગુણવંત, અખંડ અવિનાશીરે,
ઘટો ઘટ બોલે નાથ, જંબુદ્વીપનો વાશી રે. ૨
સખી ત્રીજે ત્રિભોવન નાથ, ત્રવેણી ત્રસ્ટે રે;
વશી રહ્યો નિજ ધામ, ઓળખાયે સુરતે રે. ૩
સખી ચોથે ચતુરા નાથ, ચોદિશ વશીયરે;
જેને ગોર નર મળીયા સાર, તે રંગે રસીયોરે. ૪
સખી પાંચમે પુરણ પ્રેમ; જેને હ્રદે વશીયો રે;
ઉગ્યો સોળ કળાનો સૂર, કાળજ ખસીયોરે. ૫
સખી છઠ્ઠે છલબલ દુર, મનની કરજો રે;
સત્ ગોરનું એક જ ધ્યાન, હ્રદેમાં ધરજો રે. ૬
સખી સાતમે સાત સાહેર, સેજે તરશે રે;
ટળશે ચોરાશી ફંદ, ગુરૂજીને વરશે રે. ૭
સખી આઠમે અલખ દાતાર, અલબેલો સ્વામીરે;
ભક્તિ વસ ભગવાન. અંતર જામી રે. ૮

સખી નોમે નવનિધ, નવધા ભક્તિ રે;
ટાળે ત્રિવિધીનાં તાપ, આપે મુક્ત રે. ૯

સખી દશમે દયાદાન, ગુરૂજીને દઇયે રે;
તનમન ધનને શિષે ભક્તિ લઇયે રે. ૧૦

સખી એકાદસે અવિનાશ, જંબુએ પળિયારે,
આવી ટાળો હમારા દુઃખ ભાવે ભળિયા રે. ૧૧

સખી બારસે બ્રહ્મ અવિનાસ, તજી કેમ જમે રે;
મુને મારેલ મોહનાં બાણ, સરણે લઇયે રે. ૧૨

સખી તેરસે ત્રિધા તાપ, તનનાં વારો રે;
જાંબુદ્વીપના નાથ, હાથ મારો ઝાલો રે. ૧૩

સખી ચૌદસે ચઉદ ભૂવન, ડોલવા લાગ્યા રે;
નાંયાએ માંડયો તપ, ગોર મન જાગ્યા રે. ૧૪

સખી પુનમે પૂરણ પુન, નાંયાનાં ફળિયાં રે;
'ખાકી'ને મળીયા ગોર, ચોરાસી ફેરા ટળિયારે. ૧૫

સાખી.

કલ્પાંત કરે નાંયો અતી, આંખે શોણિત ધાર;
અનજળ તો રૂચે નહિ, ધાર્યો પ્રેમ સણગાર. (૮)

પદ. ૩૧. એકત્રીસમું.

રાગ હિંચ. ગરબી.

ગોરજી કારતક મહીનો કીમિયોરે,
એવો અણ શોભતો સંસાર રે દયાળ;
પીરજી પરગટ પધારજો રે, ૧

ગોરજી માગશરે મનડું માહેરૂં રે,
ચિત્તડે ચોંટયા ચતુરશુ જાણરે દયાળ;
પીરજી પરગટ પધારજોરે. ૨

ગોરજી પોશે પ્રેમે પહોંચાડજોરે,
મારા દિલડે માનેલ હામરે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૩

ગોરજી માહ માસે હોંસ એવડી રે,
રાખજો ચરણની માંહેરે દયાળ,
પીરજી પરગટ પધારજો રે. ૪

ગોરજી ફાગણે ફર્યા કુદડીરે,
ફર્યો હું દિન ને રાતરે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૫

ગોરજી ચેતરે ચિત્ત ઉલટયો રે,
તજીયાં અન્ન જળ વસ્ત્ર આહાર રે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૬
ગોરજી વૈશાખે વિષ ટાળજો રે,
ટાળો જનમ મરણના દુઃખરે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૭
ગોરજી જેઠે જેઠે જેટલું વિનવું રે,
તેટલું ધરજો મારૂં ધ્યાનરે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૮
ગોરજી આસાડે આવ્યો મેવલો રે,
મારા નયણે આંસુ ધારરે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૯
ગોરજી શ્રાવણે સરવડ માંડીયું રે,
હ્રદયે પ્રગટયો પ્રેમ અંકુર રે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૧૦
ગોરજી ભાદરવે ભય ભાંગીયો રે,
હજુયે ના મળિયા દીનાનાથ રે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૧૧
ગોરજી આસોએ અતી અકળાવિયો રે,
હજુયે ના મળિયા દીનાનાથ રે દયાળ;
ગોરજી પરગટ પધારજો રે. ૧૨

ગોરજી 'ખાકી'ની વિનંતી સાંભળો રે,
નાંચો વિનવે દિનને રાતરે દયાળ;
પીરજી પરગટ પધારજોરે ૧૩

પદ. ૩૨. બત્રીસમું.

રાગ. હિંચ. ગરબી.

ગોરજી પડવે પંથ દેખાડિયો રે,
તજી મુને ચાલ્યા કેમરે દયાળ ?
પીરજી વેહેલેરા પધારજો રે. ૧
ગોરજી બીજે બળવંત સાથીયો રે,
મારા બાળો ભવના અંધરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૨
ગોરજી ત્રીજે તળશું એકલો રે,
મારે અંગે ઉભરેલ લાએરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૩
ગોરજી ચોથે ચિત્ત ચીતવો રે,
આવો દેવોને દિદ્દાર રે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૪
ગોરજી પાંચમે પુરો આશને રે,
ઘણા વિત્યા વરસને માસરે દયાળ;
પીરજી વેહેલેરા પધારજો રે. ૫

ગોરજી છઠ્ઠે વહેલા આવજો રે,
વરસ વીત્યા ફરતાં બાળરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૬
ગોરજી સાતમે સેવા કીજીયે રે,
હવે એકલું રહ્યું નહિ જાયેરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૭
ગોરજી આઠમે આવો આ ઠામમાં રે,
મુજ દાસની કરવા સારરે દયાળ;
પીરજી વહેલેરા પધારજોરે. ૮
ગોરજી નોમે નેમ નહિ ટુટશેરે,
ચોંટયા ચિત્તડે ચતુરશુજાણરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૯
ગોરજી દશમે દીશ ભુલીયો રે,
એક ચોંટયું શબ્દનું બાણરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૧૦
ગોરજી એકાદશી એક વાતડી રે,
સાલે મારા રૂદિયા માંહેરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૧૧
ગોરજી બારસે બળ બાંધવા રે,
મેં તો જડિયા જીકરના બંધરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૧૨

ગોરજી તેરસે તીરથ દેહનું રે,
તેમાં રમવું દિવસ રાતરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૧૩

ગોરજી ચૌદસે ચો દિશ શોભતો રે,
તારો સચરાચારી રંગરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૧૪

ગોરજી પુનમે ચંદ ઉગિયો રે,
નાંયા 'ખાકી'નો સરદારરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો. રે. ૧૫

પદ, ૩૩. તેત્રીશમું

રાગ. હિંચ, ગરબી.

ગોરજી સોમે સૂરજ ઉગિયો રે,
તેના પ્રગટયાં પરબળ નુરરે દયાળ;
સદેશો ના આવીયો રે. ૧

ગોરજી મંગળે ગંગા ઉલટી રે,
ચાલ્યાં અવળે પૂર નીરરે દયાળ;
સંદેશો ના આવીયો રે. ૨

ગોરજી બુદ્ધે શુદ્ધ ઉડી ગઈરે,
હજુયે ના લાધ્યો પારરે દયાળ;
સંદેશો ના આવીયો રે. ૩
ગોરજી બ્રેહસ્પત વિત્યો વાતમાં રે;
રથડે:થાઓને અશવારરે દયાળ;
સંદેશો ના આવીયો રે. ૪
ગોરજી શુક્રરે હવે શું એ કરૂં રે ?
મારા તનડામાં લાગે તાપરે દયાળ;
સંદેશો ના આવીયો રે. ૫
ગોરજી સનીયે સરવે છુટિયું રે,
મારા શોહ માયાના બંધરે દયાળ;
સંદેશો ના આવીયો રે. ૬
ગોરજી રવીયે રથ ખેડવો રે,
આવો દાંગ મૂલક મોઝારરે દયાળ;
સંદેશો ના આવીયો રે. ૭
ગોરજી અરજી 'ખાકી'ની શુણજો રે,
નાંયો નિવવે વારમ્ વારરે દયાળ;
સંદેશો ના આવીયો રે. ૮

સાખી.

કાગડ મોકલો ગોરજી, પહોંચે મનના કોડ;
વિનતી સાંભળો માહેરી, નથી જગતમાં જોડ. (૯)

પદ, ૩૪. ચોત્રીસમું

રાગ. ગરબી.

શાહોજી અલખ દાતાર, મારે ઘેર આવોને;
હું લળી લળી લાગું પાયે, મારે ઘેર આવોને. (ટેક)

દરશન કાજે દયા કરી ઘેર આવોને,
મારા દુઃખ દારિદ્ર જાયે, મારે ઘેર આવોને. ૧
જંગલ જંગલ શોધિયા, ઘેર આવોને,
પામ્યો નહિ હજુ પાર, મારે ઘેર આવોને. ૨
શેરિયે પથરાવું ફુલડાં, ઘેર આવોને,
કંકુના પાથરણ સાર, મારે ઘેર આવોને. ૩
પોઢણ આપું ઢોલિયા, ઘેર આવોને,
ઓઢણ આપું ચીર, મારે ઘેર આવોને. ૪
દાતણ આપું શોભતાં, ઘેર આવોને,
નાવણ આછા નીર, મારે ઘેર આવોને. ૫
સેવ સુંવાળી લાપસી, ઘેર, આવોને,
સાથે ગળગળિઓ કંસાર, મારા ઘેર આવોને, ૬
ભાત પીરશું ભાવથી, ઘેર આવોને,
ઘેબર ખાજા સાથ, મારે ઘેર આવોને. ૭

બાસુદી પુરી પીરશું, ઘેર આવોને;
શિખંડ જલેબી નાથ, મારે ઘેર આવોને. ૮
દુધપાક પેંડા ભાવથી, ઘેર આવોને;
સુતરફેણી બરફી સાર, મારે ઘેર આવોને. ૯
ભજીયાને ભાજી રાંધીયા, ઘેર આવોને,
શાક કર્યાં તૈયાર, મારે ઘેર આવોને. ૧૦
કરી કડી કચોળિયો, ઘેર આવોને;
દાળ દુધી સાથ, મારે ઘેર આવોને. ૧૧
બદામ કાજુ દ્રાક્ષડી, ઘેર આવોને;
લાવું મેવો અપરંપાર, મારે ઘેર આવોને. ૧૨
મુખવાસ આપું શોભતા, ઘેર આવોને;
જમજો નિત્ત નિત્ત નાથ, મારે ઘેર આવોને, ૧૩
નાંયાના સ્વામી સાંભળો, ઘેર આવોને;
'ખાકી' વિનવે વારેવાર, મારે ઘેર આવોને. ૧૪

સાખી

ભોજન લાવું ભાવથી, ભવ તારણ ભગવાન,
વાલમ વહેલા પધારજો, જમવા શું હિર શ્યામ. (૧૦)

પદ, ૩૫. પાંત્રીસમું

રાગ, હિંચ. ઘોળ.

કેમ દઉ તમને રે હરી જાવા ?
રહેજો મારા અંત્તશકરણમાં આવા. (ટેક)
સાથે વ્હાલા વનડે ગયા છો મેલી ?
કેમ દુઃખ જાયે રે હો હેલી ? કેમ દઉ—૧
સાને વ્હાલા મનડું તે મારૂં ચોર્યું ?
કાળજું પ્રેમે રે હો કોર્યું. કેમ દઉ—૨
સાને વ્હાલા દરશન દીધાં પહેલાં ?
હવે કેમ કીધાં રે હો ઘેલાં ? કેમ દઉ—૩
ગોરજી વિયોગ તારો સાળે,
પ્રેમરસ તારૂં રે મુને બાળે. કેમ દઉ—૪
સત્ ગુરૂસેવા તે તારી કરશું,
લોકડિયાથી રે નહિ ડરશું. કેમ દઉ—૫
મારા મનડામાં હોંસ છે મોટી,
છેદજો વાસ્નારે હોય ખોટી. કેમ દઉ—૬
ચિત્તડું નિર્મળ કરજો મારૂં,
નામ નહિ મેલું રે શાહતારૂં. કેમ દઉ—૭
ધારી ધારી વાટ જોઉં છું વહાલા,
ભાંગો રૂદિયાના રે હો તાળા. કેમ દઉ—૮

પ્રે. ૬

આવાજી વાર લગાડો શાને ?
નહિ રહે ચિતડું રે હવે ઠામે. કેમ દઉ—૯
ગોરજી સેવકથી કેમ રૂઠયા ?
બાંધેલ વેણના રે નથી તુટયા. કેમ દઉ—૧૦
સ્વામી અરજ શુણજો કાને,
નાંચાનું મનડું રે જેમ માને. કેમ દઉ—૧૧
ભવ બંધન કૂપમાં ડુલ્યો.
જુગચારે રે હું ભૂલ્યો. કેમ દઉ—૧૨
જ્યારે સંચિત્ત મારૂં ફળશે,
મહા દુઃખ મારૂં રે હો ટળશે. કેમ દઉ—૧૩
'ખાકી'ની વિનંતી શુણજો,
સંકટ સરવેરે હો હરજો. કેમ દઉ—૧૪

પદ, ૩૬. છત્રીસમું

રાગ, હિંચ. ધોળ.

કેમ ગયા મેલી રે હો બાવા ?
મુને ધાયે છે આ જુગ ખાવા. (ટેક)
જ્યારે મુને મેલીને જાવું'તું વહાલા ?
શાને કીધા રે આવા ચાળા. કેમ ગયા—૧

ચિત્ત મારૂં સાહેબજીથી લાગ્યું,
ભાગ્ય મારૂં રે હો જાગ્યું. કેમ ગયા—૨
થયો હું એક ઓશિંગળ તારે,
વેણુલા તારારે મુને સાળે. કેમ ગયા—૩
જાણે ઘુઘર માળું ઝણુકે,
ગોરજી આવેરે એ રણકે. કેમ ગયા—૪
મારે ચિતડે ચટપટ થાયે,
લાગે અંગમાં રે હોય લાયે. કેમ ગયા—૫
પીરજી દરશન દેવા ધાવો,
બુડતી બેડીને હો સાવો. કેમ ગયા—૬
જુગે જુગમાં ભટકી મરિયો,
માહ જળધારી રે આ દરિયો. કેમ ગયા—૭
ગોરજી પાર લગાડો બેડી,
બુડતાં લેજો રે હો તેડી. કેમ ગયા—૮
વહાલા મુને નામ ને વહાલું લાગે,
ભાવટ જેથી રે હો ભાગે. કેમ ગયા—૯
ગોરજી નામ ઈમામશાહ તારૂં,
કાર્મ ના બગડે રે હો મારૂં. કેમ ગયા—૧૦
કીયે દેશ પધાર્યા મેલી ?
ધાજો દુઃખમાં રે હો બેલી. કેમ ગયા—૧૧

હવે મુને ભીડ પડી છે ભારી,
વાટ એક જોઉં છું રે હો તારી ! કેમ ગયા—૧૨
હું પ્રેમે બંધાણો પ્રિતે,
ચોંટયાં મારે રે હો ચિતે. કેમ ગયા—૧૩
નાંયો દુરબળ દાસ તારો,
કારજ એના રે હો સારો. કેમ ગયા—૧૪
'ખાકી' ભાવ ધરે જે પ્રિતે,
ગોરજી ભેટે રે ભલી રીતે. કેમ ગયા—૧૫

સાખી

ભાવ 'ખાકી' રાખવો, ભજવા ભવતારણ ભગવાન.
પ્રેમે પગ ગુરૂ પુજવા, ગુરૂ ગોવિંદ જ જાણ. (૧૧)

પદ, ૩૭. સાડત્રીસમું

રાગ. વેળાવલ.

દુઃખડાં કેમરે સેહેવાશે? નાથ વિયોગી નહિરે રહેવાશે(ટેક)
જનમ દુહાગણ હુઇ જે નારી, ધિક્ક પડયો અવતાર,
વિહેં દુઃખ મુજ પીડે, મળો શાહોજી લાલ,
દુઃખડાં કેમરે સેહવાશે! નાથ વિયોગી નહિરે રહેવાશે.૧

કોને કહું વિનંતી મારી ! મુજ અબળા અવતાર;
નાથ નિરંજન એક અવિનાશી, મહમ્મદશાહ દાતાર.
દુઃખડાં—૨

જનમજનમ મારાં ઢુંડતાં ગયા, હજુએ ના લાધ્યો પાર;
આશા મુજને એક તમારી, શ્રીનિષ્કલંકી અવતાર.
દુઃખડાં—૩

કરણી હમારીના જોજો સ્વામી, કરતાં ના આવડે કાંયે,
એક ઓશિંગળ હું તો તમારી, ઝાલોને મુજ બ્હાંયે.
દુઃખડાં—૪

નથી કીધું નથી દીધું, નથી લીધું કંઇ સાથ,
અબળા અવળાનાંઅવગુણ શાંખી,રાખો ચરણુનીપાસ.
દુઃખડાં—૫

આધારણ ત્રિલોકનાં, સમ જુગ સરજન હાર,
દાસ 'ખાકી' રે વિનવે, ઉતારો ભવપાર. દુઃખડાં—૬
નાંયાના સ્વામી સ્વામી પ્રગટ આવો, દેવાને દિદાર;
જુગોજુગનો ભુલેલો જીવડો, શરણે છું કિર્તાર.
દુઃખડાં—૭

સાખી

પ્રગટ આવો વાલમાં, વેળા વહિ વહિ જાયે;
દયા સાગર શિરોમણી, ઝાલ્યા તમારા પાયે. (૧૨)

પદ, ૩૮. આડત્રીસમું.

રાગ, બિહાગ, વેલાવળનો.

વાલમજી વહેલા વળજો, દુઃખડાં સરવે હરજો;
અવગુણ સઘળા ચિત્ત નવ ધરજો. વાલમજી—૧
વાલમજી વેગે આવો. મન વાંચિત્તા ફળ લાવો;
અલખ નિરંજન કાવો. વાલમજી—૨
નકલંકી રૂપ તમારૂં, મન હરી લીધું હમારૂં;
અવલોકિક રૂપ કામણ ગારૂં. વાલમજી—૩
હમો અવગુણનાં ભરિયા, આપ નિરંજન દરીયા;
એવા અમુલ રતનનાં ભરિયા. વાલમજી—૪
વાલા વિયોગ નવ શેહવાયે, એ દુઃખડાં કોને કેહેવાયે?
આ કાળજડું બળી જાયે. વાલમજી—૫
છેલ્લું રૂપ તમારૂં, ભાંગો દુઃખ હમારૂં;
નરમહમ્મદશાહ નામ તમારૂં. વાલમજી—૬
અરજ 'ખાકી'ની સુણજો, દુઃખડાં સરવે હરજો;
શરણમાં રાખી લેજો. વાલમજી—૭
નાંચો દાસ તમારો, કારજ એનું સારો;
ભવ બંધન સરવે બાળો. વાલમજી—૮

પદ. ૩૯. ઓગણચાલીસમું.

રાગ. બેહાગ. વેળાવલ.

ભીડપડી મૂરારી આવો નકલંક અવતારી,
અવલોકિક મૂર્તિ તમારી. ભીડપડી-૧
કરતા યુગમાં કેમ આવ્યા ? કોને તમને તેડાવ્યા ?
આજનાં આવોતો થાશો ઠગરાયા ? ભીડપડી-૨
શંખવાને કેમ હણિયે ? દોશ તેનો શો ગણિયો ?
અમરિષ એવો શો ગણિયો ? ભીડપડી-૩
પ્રહલાદે શું આંધી લીધા, એવા કામણ સેને કીધા ?
હરણકંશથી જરા નવ બીધા ? ભીડપડી-૪
એવા છો બળવંતા, નરમહમ્મદશાહ ગુણવંતા;
નિજ નામને વંદા તે વંદા. ભીડપડી-૫
એવા અનેક કામ તમારા, ભક્ત અનેક ઓધાર્યા;
આજના આવો તો કઇએ ધુતારા. ભીડપડી-૬
કોલ સેનો લીધો ? દુઃખ દાવાનળ દીધો;
તું કોનાથી બીધો ? ભીડપડી-૭
અરજ કેમના શુણે કાન, કંઈક હમારૂં માન;
'ખાકી'ને દાસ નિરંતર જાણ. ભીડપડી-૮

સાખી

દાસ જાણજે 'ખાકી'ને, સેવે નિશદિન સાર;
આશા એક જ તાહરી, અનંતના સરદાર. (૧૩)

પદ, ૪૦. ચાલીસમું.

રાગ. ભજન.

વેગે વહેલા આવોરે, ભીડું મારી ભાંગવા રેજી;
આજે નરમહમ્મદશાહ દાતાર, વેગે વેહેલા—ટેક.

સંસાદિક બંધનરે, નિત્ત દમેરેજી,
આવી આપ છોડાવો મૂરાર. વેગે વેહેલા-૧

સુરતા મારીરે, પરવરતીને પાલે પડીરેજી,
એવા અવગુણ સહ્યા નવ જાયે. વેગે વેહેલા-૨

મુજનેરે, દેહીના દુઃખ અતી દમેરેજી,
પંચભૂત વાર્યા નવ જાયે. વેગે વેહેલા-૩

દયા દાન મુજનેરે, રૂચે નહિરેજી,
વિવેક વૈરાગ નવ ભાયે. વેગે વેહેલા-૪

છે તું ઓરોરે, નથી વેગળોરેજી,
પણ અંધારે ગોથાં ખવાયે. વેગે વેહેલા-૫

મળેરે સતગુરુ, અનુભવીરેજી,
તેંયે જીવ ઇશ્વર એકજ થાયે. વેગે વેહેલા–૬

એવા અલ્બેલોરે મારા નાથછેરેજી,
નામતે ગુણનાં કહેવાયે. વેગે વેહેલા–૭

નામ રૂપતારૂંરે કેવી રીતે ઓચરૂંરેજી?
જે અલખનિરંજન કહેવાંયે. વેગે વેહેલા–૮

તે આજેરે અરબી રૂપે આવિયોરેજી,
જાંબુદ્વિપે લીધો અવતાર. વેગે વેહેલા–૯

શોળ કળાએરે સૂરજ ઉગીયોરેજી,
ગોર ઇમામશાહને દરબાર. વેગે વેહેલા–૧૦

કરણુ કલફ મારે જે નર રમીયોરેજી,
તે આવ્યો અનંત કરોડી કાજ. વેગે વેહેલા–૧૧

શાએ કીધીરે કરોડા કરોડનીરેજી,
તેમ 'ખાકી'ને લેજો ઓધાર. વેગે વેહેલા–૧૨

સાખી

નાંચા નિર્મળ ચિત્તથી, રૂદિયે આનંદ ધાર;
ભક્તિભાવે હરિ મળે, ચેતો ચેતનહાર. (૧૪)

પદ, ૪૧. એકતાલીસમું.

રાગ. વૈદ્રભી વનમાં વલવલે.

સમરણ કરતા દિન ગયા, હજુએ ના લાધ્યો પાર;
ગુરૂજી કયારે આવશે ? ૧
વન વિકટ બિહામણું, ચોદિશ ખાવાને ધાયે. ગુરૂજી-૨
વાઘ વરૂને શિયાળવા, ચિતરા ફરેરે ચોદીશ. ગુરૂજી-૩
રીંછ વાંદરને શાહુડી લોંકડી દેછેરે ફાળ. ગુરૂજી-૪
સાંપચીતલને રીંછડા, અગિયર મહામુખફાટ. ગુરૂજી-૫
જંગલમાં બહુ જીવડા, ગુરૂજી જુવેછેરે વાટ. ગુરૂજી-૬
મારે હૈયડે હોળી બળે, ચિત્ત વ્યાકુળ થાયે. ગુરૂજી-૭
મોર પોપટ બોલે ઘણા, ધરે તમારીરે આશ. ગુરૂજી-૮
ચિત્તડે મારે ચોંટી રહ્યા, વિત્યા દિવસને માસ. ગુરૂજી-૯
ઓધારણ ત્રિલોકના સબ જુગ સરજન હાર. ગુરૂજી-૧૦
વેણે બાંધ્યો મુને વિઠલા, થયા આપ અલોપ. ગુરૂજી-૧૧
ઘરબાર મુજને મુકાવીયો, મેલ્યું તારે વિજોગ. ગુરૂજી-૧૨
રોઇરોઇનયને નીર ખુટયા, ચાલે શોણિત ધાર. ગુરૂજી-૧૩
બાણ માર્યા મુને કારમા, કાળજે છેદ અપાર. ગુરૂજી-૧૪
ઘણ વિખુટી મૃગલી, ચરે અન્નનાં ત્રણ. ગુરૂજી-૧૫

નીર વિખુટી માછલી, છાડે ઘડીએકે પ્રાણ. ગુરૂજી-૧૬
જીવ કઠોર મારૂં કેટલું ? હજુયે ના મૂકે તંત.ગુરૂજી-૧૭
ડગડગ ઊઠે ડુંગરા, સુજે નહિ મુને પંથ. ગુરૂજી-૧૮
દાહ, દઈ મુને શું ગયા ? રીશ કરો નહિ કંથ.ગુરૂજી-૧૯
ચરણ ઉઠે નહિ ચાલવા, થરથર કંપે શરીર.ગુરૂજી-૨૦
વરસ વિત્યા કંઈ માસનાં, રહેતી નથી હવે ધીર ગુ.-૨૧
મેળો કરો મારા નાથજી, વેળા વહિવહિ જાયે.ગુરૂજી-૨૨
ચિતડે ચોંટયા હવે કેમ ખશો, ભલે શીષ જો જાયે.ગુરૂજી-૨૩
નાંચા અરદાશ એટલી, દાસને દેજો દીદાર.ગુરૂજી-૨૪
'ખાકી' સેવક સેવશે, સેવા તમારીરે સાર. ગુરૂજી-૨૫

પદ, ૪૨. બેતાલીસમું.

રાગ. સેદખાનની વિનંતીનો

દર્શન દેજો દીનાનાથ; દાસી છું. નાથ દર્શન દો;
સાહે થાઓ સરજનહાર; દાસી છું. નાથ દર્શન દો. [ટેક
ભવે ભવ મારા વિજોગે ગયાં છે;
સંજોગ કરો સ્વામીનાથ;
દાસી છું. નાથ દર્શન દો–
ચારે જુગની ચેલી તે હારી,
પરણો પ્રેમે પ્રેમ નાથ. દાસી છું, નાથ. ૨

બંધન મારા આવી છોડાવો,
માયાના પાસ જુગ નાથ. દાસી છું, નાથ. ૩
કરોળિયોરે તારે બંધાણો,
તેવી થઈ મુજ ઘાત. દાસી છું, નાથ. ૪
તાંતણો તેણે પેટેથી કાઢયો,
તેથી થઈ તેમાં ઘાત. દાસી છું, નાથ ૫
માયા બધન તેવું જ જાણો,
તેવો કુટુંબનો સાથ. દાસી છું, નાથ. ૬
વિંછણને જેમ બચલે ખાધી,
તેમ ખાયે પરીવાર દાસી છું નાથ. ૭
ગુનાહ હમારા જોજો ના સ્વામી,
દયા કરોને દાતાર. દાસી છું, નાથ. ૮
દીન વચન દિનતાના જાણો,
દુર્બળ મુજ અવતાર. દાસી છું, નાથ. ૯
ભવબંધનમાં આવી ફસ્યો છું,
ફાંસી કાટો દીનાનાથ. દાસી છું, નાથ. ૧૦
ચરણ કમળ મારાં ચિત્તડે ચોંટયા,
લેહી લાગી દીનાનાથ. દાસી છું, નાથ. ૧૧
વિકટ વાટે હું રે પડયો છું,
તમે ઝાલો મારો હાથ. દાસી છું, નાથ. ૧૨

વિલંબ હવે ના કરશો સ્વામી,
નહિ રહે બાજી હવે હાથ. દાસી છું, નાથ. ૧૩
કેઈયે બંધાણા ? શું ફંદે ફસાણા ?
વાર ઘણી થઈ નાથ. દાસી છું, નાથ. ૧૪
આકુળ વ્યાકુળ કાળજું કંપે,
ધારણ કેવી રહે નાથ ? દાસી છું, નાથ. ૧૫
વનવગડામાં મેલી ગયા છો,
કંઈક કરો કૃપાનાથ. દાસી છું, નાથ. ૧૬
પાલ ફુટી નાર વહી ગયા છે,
કેમે વળે મારો સાથ ? દાસી છું, નાથ. ૧૭
વર્ષા રૂતુમાં વીજરે ચમૂકે,
વાદળે માંડી ઘમઘોર. દાસી છું, નાથ. ૧૮
સરદ રૂતુમાં ઝાકળ મારે,
બરફ કરે છે ઢોર. દાસી છું, નાથ. ૧૯
ઉનાળે ઊફલાટ જ ઊઠે,
રોમે રોમે ઉઠે લાયે. દાસી છું, નાથ. ૨૦
એટલા કષ્ટ કાયા કહે છે,
પણ મનયાં આનંદ થાયે. દાસી છું, નાથ. ૨૧
ગુરૂજી મળતાં વિઘ્ન જાશે,
જાશે પ્રલેકાળનું પાપ. દાસી છું, નાથ. ૨૨

નાંયો તમારો સેવક સદાનો,
'ખાકી' આપનો દાસ. દાસી છું, નાથ. ૨૩

પદ, ૪૩. કિબત્ત. ૧

એસો રોશન ઉજિયારો, જાપે ભહાન શશીકો વારો,
કબીર દીનકો પ્યારો, જાને નાઉંફખર મેં પાયોહે.
પ્રેમશું બનાયો, કર્તા આપહી રચાયો;
દ્રસ્ટ પડત બ્રહ્માયો, સેસ્ટકો ગુરૂ કાયો હે.
આયે હો કૃપાલ, માયે લીજીયો સંભાલ;
કબીર દીનકે લાલ, મેને તેરોહી જશ ગાયો હે,
અહમદ નીરધારા કહે, તેરોહી આધાર;
નાવ કીજીયો નિહાર, મન ઈમામોદિન સમાયો હે. ૧

પદ. ૪૪. કિબત્ત. ૨.

સાચે નર મેરે, નાવ મેરીકો લગાઓ,
બેઠી હું કિનારે મોએ તે રોહી શહારો હયે.
પડી હું ઓથાહ, નહિ પાવત હે થાહ;
ઘેરી ભંવરને આયે, નહિ સૂજત કિનારો હયે.

ઉતરૂંગી પાર, મેં તો ઠહારી મજધાર;
જિનકો સહારો, વો ઇમામોદિન કો પ્યારો હે.
અહમદ તું ચિંત્તા અબ્મતકર;
મન અપને મેં ઉતરેગો પાર, નરમેરો મમ્રવારો હે. ૨

સાખી.

નાંયે વિનંતી અતી કરી, કીધી ત્રણુસેને સાઠ;
ગુરૂજી મન ચેતીયા, રચ્યો લેવાનો ઠાઠ. (૧૫)

પદ. ૪૫. પિસ્તાલીસમું

રાગ–ગરબી

ગોરજી ફરીયા મુલક ચોવીસકે, આવ્યા વનમાંરેલોલ ૧
નાંયો વિલાપ કરે છે ત્યાંહીકે, હજીયે ના આવીયારેલોલ.૨
મન મળવાની મોટી હોંસકે, પાર કેમ પામિયેરે લોલ.૩
ના આવ્યા ચતુર શુજાણકે, ટળીવળી મરશું રે લોલ.૪
ગુરૂ સમજ્યા નાયાની સાનકે, રથ ખેડાવ્યા રે લોલ.૫
આવ્યા આવ્યા નાંયાના દેશકે, ભક્ત તારવા રે લોલ.૬
ગોરે દીઠો નાંયો તાંહીકે, ફરે જ્યાં ફેરમાં રે લોલ. ૭
પડયો પગરવટે ખાડકે, માથાસમ ગરીયો રે લોલ. ૮

પ્રેમનો બાંધેલો જીવકે, દેહભાન ભુલીયો રે લોલ.૯
તેને શુદ્ધ દેહની નાંહિ કે શુર્તા શાહોથી રે લોલ. ૧૦
તેને તે ગોરજી પાસે જાઇ કે, બોલાવે પ્રેમથીરે લોલ.૧૧
ભાઇ નાંયા તું તો જાગ કે, હમે આવ્યા તેડવારેલોલ.૧૨
ધન્ધન્ તારી માત તાતકે, ધન્ કુળે ઉપન્યો રેલોલ.૧૩
તારી સઘળી પેઢી સારકે, કુળ તારૂં ઓધર્યું રેલોલ.૧૪
ગોરે સમજાવ્યોબહુવાર કે, ત્યારે આંખઉઘડીરે લોલ.૧૫
જ્યારે દીઠું ગોરનુંમુખ કે, આનંદ ઉલટયોરે લોલ.૧૬
લાગે ગુરુજીને નમી પાયકે, બન્યોપ્રેમ ઘેલડોરેલોલ.૧૭
બોચરે જાવા હવેનહિ દઉં કે,ઝાલ્યો આ છેડલોરેલોલ.૧૮
ગોરે જોયું પ્રેમ ભરપૂર કે, બોલ્યા વાતડીરે લોલ. ૧૯
'ખાકી'ની અરજી સાંભળો તાતકે, રાખજો લાજડીરે
લોલ. ૨૦

પદ. ૪૬. છેંતાલીસમું.

રાગ ગરબી.

ગુરૂ બોલ્યા ત્યાં નિરવાણકે, નાયા સાંભળો રે લોલ. ૧
રૂદિયું તારૂ પવિત્ર સારકે, તન થયું નિર્મળું રે લોલ. ૨
હવે ચિંતા તારી ટાળકે તને લેશું સાથમાંરે લોલ. ૩

નહિ મૂકું તને હવે રાનકે, રહે જો બેલડારે લોલ. ૪
યુગયુગ કરો રાજકે, અવિચળ પદ પાંમીયારે લોલ. ૫
મનની ટાળોને અધીરાઈકે, થાશો ગોઠિયારે લોલ. ૬
હવે ચાલો ગુજરાત દેશકે, બાપે પઠાવિયારે લોલ. ૭
કરવુ છે ત્યાં કેટલુ કામકે, શાહો જીયે મોકલ્યારે લોલ. ૮
ચોકડી સવલીનો રચવો ઠાઠકે, અનંતનો સંઘ સાધવોરે લોલ ૯
વિશ્વ કુંવારીનો છે કાજકે, તોરણ બાંધવોરે લોલ. ૧૦
નરજી પ્રગટ આવે ત્યાંયેકે, રચવો માંડવોરે લોલ. ૧૧
કેટલીક રચના રચવી તાંહેકે, ભક્તોનો ભ્ય ભાંગવોરે લોલ. ૧૨
અનંતનો છેલો ભરવો ભ્રણકે શાહોજીઆગળેરેલોલ. ૧૩
તેથી ચાલો નાંયા સાથકે, પંથ છે વેગળોરે લોલ. ૧૪
ત્યાંથી લીધો નાંયો સાથકે, ચાલે હોંશથી રે લોલ. ૧૫
'ખાકી'ની કરજો એવી સાએકે, અવિચળ સારથી રે લોલ. ૧૬

પ્રે. ૭

પદ, ૪૭. સુડતાલીસમું.

રાગ. ગરબી

ગુરૂજી ચાલ્યા નાંયાને લેઇકે,ગુજરાત આવીયારે લોલ.૧
આવ્યા અમદાવાદજ શહેરકે, શાહને મન ભાવીયારે લોલ. ૨
અમદાવાદે રહ્યા કંઈ દિન્કે,કોચરબે આવીયારે લોલ.૩
પરછા પૂર્યા ત્યાં અતિ સારકે,પાર નાં પામીયેરે લોલ.૪
ગુરૂજી રહ્યા ઝાઝા દિનકે, વળતા આવીયારે લોલ. ૫
આવ્યા તે ગિરમથે ગામકે, પાદરે ઉતર્યા રે લોલ. ૬
મેઘ વર્ષાવ્યો તેને દિનકે, સપ્ત કાળી ટાળીયો લોલ. ૭
વળતાં વસાવ્યું પીરામા ધામકે,વાઘ નસાડીયોરે લોલ.૮
કુંવારકા ક્ષેત્ર જાંબુદ્વીપકે, ગંગા સાબર કાંઠડેરે લોલ.૯
હિમપુરી નગરી શોભે સારકે,દુઃખડા ત્યાં ટળેરે લોલ. ૧૦
સાથે સેવક બીજા ચારકે, સાંભળો નામને રે લોલ. ૧૧
ભાભા રામને કીકી બાઇકે, શાણો શોભતા રે લોલ. ૧૨
હાજર બેગ હજુરે સારકે, આનન્દ માલતા રે લોલ. ૧૩
અનેક ચરિત્ર ગુજીરૂના સારકે,પાર નાં પામીયેરે લોલ.૧૪

મુડામાંધી મુઠી એક કે, કણુ એકમણુથી રે લોલ. ૧૫
નાંયાકાકાનું વર્ણન એક કે, ગુરૂજી નામનું રે લોલ. ૧૬
ગાયે સિખે સાંભળે જેહકે, ત્રિવિધ તેના ટળેરે લોલ. ૧૭
જેણે ઓળખ્યા શ્રી નકલંક કે, યુગો યુગે અવતર્યારે
લોલ. ૧૯
દશે રમીયો દીન દયાળકે, તેને જે વર્યારે લોલ. ૧૯
પાંમશે મુક્ષને દિદારકે, 'ખાકી' એમ ઓચરેરે લોલ. ૨૦

પરચૂરણ પદ

પદ. ૧. લું.

રાગ, ગરબી. (પુનમ ચાંદની નો)

ગુરૂભેટયા મુને ભાવે ભવ તરવારે, લેશે સેવકની સંભાળ,
ભાવે ભજીયે પીરશાહ નેમનેરે.
મનુષ્ય દેહ ફરી કેવી રીતે આવશેરે, વેળા વીતેછે આવાર.
ભાવે ભજીયે પીરશાહ નામનેરે. (ટેક)

સુખ સંપત સરવે મળી; મળિયો મનુષ્યા દેહ;
ભવતારણ ભેટીયા, તોઓ ના લાધો છેહ.
જુઠી માયા એ મનબાંધીયુ રે, તેથી પડશેચોરાસીની જાળ;
ભાવે ભજીયે પીરશાહ નામનેરે. ૧

સંચિતે સરવે મળ્યું, મનુષ્યને ભરતખંડ;
સફળ તે જો થાયે નહિ, તો પડશે દેવનો દંડ.
હળીમળીસાથેસહુનેચાલવુ રે, ભજવાએકજદિનદયાળ;
ભાવે ભજીયે પીરશાહ નામનેરે. ૨

કુટુંબ કબિલો કારમું, ચોદિશ ખાવા ધાયે;
મૂરખ તે શું મોહી રહ્યો, જન્મ અકારત જાયે.

આરૂં તારૂં મૂરખે મન માનીયું રે, પણસર્વે એકજદયાળ;
ભાવે ભજીયે પીરશાહ નામનેરે. ૩

જુગત્તિ જુગની જાણવી, આદે અંતની રીત;
જે પંથે વિષ્ણુ વળ્યા, તે શું દેવું ચિત્ત.
વાટે વાટે જાવું આપણેરે, જે વાટે હોય ગોપાળ;
ભાવે ભજીયે પીરશાહ નામનેરે. ૪

અખિન્નાનંદ આનંદ કંદ, વિશ્વ વ્યાપક જેહ;
સગુણ રૂપે આવીયા, ખોળી કાઢો તેહ.
વેદ વાણી યુગ સાથે સાંધવીરે, જોવા ગોર બ્રહ્મ દયાળ;
ભાવે ભજીયે પીરશાહ નામનેરે. ૫

નાંયાની અરજી ચિત્ત ધરી, ગુરૂજી આવ્યા ત્યાંહે;
પુરવના સંજોગથી, ઝાલી તેની બાંહે.
'ખાકી' સેવા નિસદિન કીજીયેરે, ભેરાખી વેદનીભાળ;
ભાવે ભજીયે પીરશાહ નામનેરે. ૬

પદ, ૨. જું.

રાગ. આશાવરી, ભેરવી, એમાં

કોઈ નહિ સંગીરે, જગતમે કોઈ નહિ સંગી;
કાયે ફીરે નવરંગી ? જગતમે કોઇ નહિ સંગી. (ટેક)

માત પીતા અરૂ સુત બન્ધુ, સ્વારથ કે સંગી;
અંત સમે પોકાર કરે પન, હે દિલ બે રંગીરે. જગ૦ ૧

બેન ભાનેજા કુટુંબ કબીલા, અરૂ ત્રિયા તંનકી;
છાંડ ચલ્યો હંસા જબતનકો, કહો હૈ ફિર કિનકીરે;
જગ૦ ૨

તનયા તનકી પુત્ર વધુ સબ, શક્તિ જબ તનકી;
ઝર જેવર સબ ગિન્નેલાગે, ગતી ભંગ હુઇ જનકીરે;
જગ૦ ૩

મિત્ર મીલાપી દોશ બિરાદર, મિલન સબ ઝરકી;
ગ્રથ ગયેશે ભાવનાં પુંછે, કેહ! કોન તેરા સંગીરે. જગ૦ ૪
આઠું પહેરજો સંગમે રહેવે, સેવાનાં જાને તિન્કી;
મૂરખ ભ્રમમે ફીરા ભુલાના કાહે મરે ભટકીરે. જગ૦ ૫
અવશર હાથું ફિર નહિ આવે, જો જાયે ઘડી અબ્કી;
ચેત ચેત મુરખ અભાગી, કર સેવા રબકી. જગ૦ ૬
ભાવ ભજન હિરદે ધરલે, સુરતા એક અનહદકી;
ચરન ગુરૂકે 'ખાકી' સેવે, લવના પ્રેમ પદકીરે. જગ૦ ૭

પદ, ૩. જું.

રાગ. ગોડી, કલ્યાણી

સમરન એક શુભાનારે ભાઈ, (૨)
ઘટ ઘટ એક અવિચળ નિશદિન;
વસી રહ્યો દિલ જાનારે ભાઈ. (ટેક)
સકળવ્યાપિક સબ ઘટ બોલે,
બોલન ચાલન ન્યારારે ભાઈ;
રંગે રંગે અધિક અનુપમ,
એકસે એકહે ન્યારારે ભાઈ. સમરન૦ ૧
આકાશ રચિયા પૃથ્વી બનાઈ,
કીધા સકળ પાશારારે ભાઈ;
પવન પાણી અગ્ની સરજી,
રહ્યો સબશેં ન્યારારે ભાઈ. સમરન૦ ૨
ઈશ્વર તિધર જીધર ઉધર,
બોલે બોલ બસારારે ભાઈ;
કોન કહે તું યાંહી નહિ?
જીધર તિધર કિર્તારારે ભાઈ. સમરન૦ ૩
અધીક નેહડા મીલના કઠનહે,
વાટ વિકટ લોહ ધારારે ભાઈ;

શિષહી જીવ પ્રાણુના ભાવે,
તોહી પાવે કિર્તારારે ભાઈ. સમરન૦ ૪

પ્રેમ રસ પીવે શોપદ પાવે,
પામે સરજનહારારે ભાઈ;
વિના પ્રેમે રખડી મરીયા,
પડયો ભવકૂપ મોઝારારે ભાઈ. સમરન૦ ૫

લાજે લજવાણા મુરખ અભાગી,
ભમે ભવ સંશારારે ભાઈ;
લક્ષ ચોરાશી તિન શિર ચોંટી,
જિનેના જાણ્યો શાહ અવતારારે. ભાઈ. સમરન૦ ૬

પૃથ્વી પગ વિષ્ણુ નવ ધારે,
રશાતળ હોયે સંસારારે ભાઈ;
પ્રગટ સ્વામી યુગે યુગ રમીયા,
સો નવ જાણે લોક ગંવારારે. ભાઈ. સમરન૦ ૭

નાંયા કાકા દાસ તીહારા,
ગુરૂજી રક્ષન હારારે ભાઈ;
'ખાકી' ભાવે કૃપા કરશે,
અલેખ એક દાતારારે ભાઈ. સમરન૦ ૮

પદ, ૪. ચોથું.

ગરબો (ચાલોને સાહેલી સૌ સાથ, જલ ભરવાને) એ રાગ.

ચાલો ચાલોરે હાંહાંરે, ચાલો ચાલોરે રૂષિવર સાથ,
હરિને ભજવાને.
લિયો લિયોરે હાંહાંરે લિયો લિયોરે, સમરણી હાથ;
પીરશાહ જપવાને. (ટેક.)
ફરતાં ફરતાં નામ ધણીનું, ઉમંગ અંગના માયરે;
અલીચિત્ત ધરવાને. ચાલો ચાલોરે૦ ૧
હરણાકંશ માર્યો પ્રેહલાદ તાર્યો, કરી અલીયે શાહે;
ભક્ત જીવ જોવાને. ચાલો ચાલોરે૦ ૨
દશશિરરોળ્યો,ભભિક્ષણરાખ્યો,હરિચંદનીકીધીશાહે;
રમત રમવાને. ચાલો ચાલોરે૦ ૩
અનેક રૂપ અન્ત જુગમાં લીધાં, તારવા મુનિવર અપાર;
ભક્ત સાએ કરવાને. ચાલો ચાલોરે૦ ૪
અલી આજે નર મહમ્મદશાહ આવ્યા, ગુપ્ત રહ્યા
આલમાંહે;
દીધા કોલ પાળવાને. ચાલો ચાલોરે૦ ૫
સમરણ કરીયે દિલ ના ડરીયે, કરશે રૂષિવરની સાએ;
વિધન હરવાને. ચાલો ચાલોરે૦ ૬

મન થર કરવું ચિત્ત ત્યાં ધરવું, સુરતાત્રિવેણી માંહે;
એક રસ થાવાને. ચાલો ચાલોરે૦ ૭

મન મારીને મેદા કરવો, સુરતી શલ્યા માંહે;
ધિરજ ધરવાને. ચાલો ચાલોરે૦ ૮

સુખ દુઃખ સહેવું મુન રહેવું, કહેવું ન કાંયે;
અમ્મર પદ પામવા. ચાલો ચાલોરે૦ ૯

એટલું કરશો શાહાને મળશો, સરવત્ર એકજ થાયે;
" ખાક " ગુણ થવાને. ચાલો ચાલોરે૦ ૧૦

અમ્મર ગુરૂ વાણી 'ખાકી' કહેજાણી, કરેરૂષિવરનીસાહે;
વિમરસ કરવાને. ચાલો ચાલોરે૦ ૧૧

પદ, ૫. પાંચમું.

રાગ, (યશોદાના જાયા)

ફાતમાના જાયા ડાહ્યા, બાકરશાહના વિરારે,
વારે આવો વહેલા મારા. હૈયા કેરા હીરારે.
જગદિશ્વર આશા તારી, આવોરે.
હાંરે હાંરે વાલા આવોરે.......૨.......(ટેક.)

વિનતી શુણજો માહેરી, શ્રી હરી મોરાર;
જગ તારણ દુઃખ હરણ, નર મહમ્મદશાહ દાતાર.
ફાતમાના૦ ૧
કોલ પાળવા આવીયા, ગોર ઈમામશાહને ઘેર;
દયાળુ દાતારજી, અન્નંતર કરી મેહેર. ફાતમાના૦ ૨
એતો રાન્યો પલકમાં, ગર્વથી કાઢયો દુર;
ગર્વ હરજ જગતના, તાણી લીધું નુર. ફાતમાના૦ ૩
ભાભા રામને રાખીયો, રથ સોંપ્યો તે હાથ;
મુક્તિ દીધી પલકમાં, હેતે લીધો સાથ. ફાતમાના૦ ૪
નાંચો લીધો રાનથી, મહા હત્યારો અપાર;
તેને તાર્યો પલકમાં, ના લાગી વાર. ફાતમાના૦ ૫
હાજર બેગ હજુરમા, ઈરાની રાજકુમાર;
આદે અંત્તના ભક્તને, પુન્યશાળી અવતાર. ફાત૦ ૬
'ખાકી'દાસ છે આપનો, રાખજો તેની લાજ;
છેડો ઝાલ્યો આપનો, કઠણ વેળામાં મહારાજ. ફાત. ૭

પદ, ૬. ઠું.

રાગ. ગરબી.

આવી અરજ સૂણો મૂરાર,
બુડાયે મારી નાવડલી;

તારો આવી અલી સરદાર,
બુડાયે મારી નાવડલી. (ટેક.)
હું તો આવ્યો છું તારી શરણુમાં.
લાજ તે તારી કહેવાયે. બુડાયે૦ ૧

અવતાર લીધા જેરે કારણીયે,
તે કોલ પાળો કિર્તારરે;
દુઃખ દરિયાનો પારના આવે,
સંસાર સમુદ્ર મોઝાર. બુડાયે૦ ૨

જહાં જોઉં ત્યાં તેવા દીશો,
નર મહમ્મદશાહ અલી આપરે;
ઇમામશાહ ઘેર પંડે પધારી,
કૃતાર્થ કીધા અપાર. બુડાયે૦ ૩

સંસાર ભલ્યો તારા આરાધથી,
વળગ્યો પાખંડે અપારરે;
ચરપટ કરતો કાળિંગો ચાલે,
રાખે સર્વે તેનો આધાર. બુડાયે૦ ૪

જ્યારે શરણ પ્રેહલાદે લીધો,
પ્રગટ થયા મૂરારરે;
નૃસિંહ રૂપે કૃતા યુગમાં,
પ્રગટયા સ્થંભ મોઝાર. બુડાયે૦ ૫

કરણુ કલકની રમતો તમારી,
બુજી શકેના ગમારરે;
પાર પાલકમાં તે તો,
રાખે તુજ ઉપર આધાર. બુડાયે૦ ૬

અમૃત શરીખા વેણુ તમારા,
પીધેથી અમ્મર થાયેરે;
જાણ્યું અજાણ્યું કરશે જે નર,
નિશ્ચે તે પરલે જાયે. બુડાયે૦ ૭

આપનો સેવક 'ખાકી' સદાનો,
છો સત્‌ચિત આનન્દ સ્વરૂપરે;
ચારે જુગનો ભૂલેલો જીવડો,
કરો હરી એકજ સ્વરૂપ. બુડાયે૦ ૮

પદ, ૭ મું.

રાગ, કાફી

વિશ્વ વાશી વિષ્ણુથી નેહ બાંધ્યું,
જાગી જોત સ્લરૂપે ચિત્ત સાંધ્યુંરે. (ટેક.)
ખટપટ સરવે આઘીરે મૂકી;
કરમેથી જીવ છુટયો;

જ્ઞાનનું ઘરેણું અંગે આ રોપ્યું તારે,
તિમ્મર સરવે ટળ્યોરે. વિશ્વ૦ ૧

ત્રવેણી સંગમ નીચેરો મૂકી,
આગળ વાટજ લીધી;
ત્રણ કોશ પર ગામ અનુપમ,
ત્યાં સુર્તાએ અચરજ દીઠું રે. વિશ્વ૦ ૨

એથી આઘેરોરે દેશજ કહીયે,
ત્યાં સુર્તા બળ અટકે;
વાધ્યો ત્યાંથી જોત નિહાળી,
અમ્મર કુપે દ્રષ્ટ પટ્કેરે. વિશ્વ૦ ૩

અનેક રૂપે નરજી આવ્યા,
દશમે મેંહેદી પરમાણું;
જે નકલંકી નારાયણ વિષ્ણુ,
તે તેને નિશ્ચે જાણું રે. વિશ્વ૦ ૪

એટલા નિશાન જ્યારે નીચોરા મુકયા,
આઘેરોશાહ મારો ઠટકે;
વિઘ્ન વિનાશક 'ખાકી' તણો,
મહમ્મદ માથે અલી તોરો લટકે. વિશ્વ૦ ૫

પદ, ૮. મું

રાગ, કાફી, ધીરાના રાગની

મુજને નામ વ્હાલુ રે પીરશાહ મુકું નહિ,
એવું અમૃત પીધુ રે, તેને હવે થુકું નહિ. (ટેક.)

જેમ મૃગ વિંધ્યો વિણાએ, મોરલીયે વિંધ્યો નાગ;
વાશનાએ ભમ્મર વીંધાંણો, પતંગ બળી થયો રાખ,
મન મારૂં વીધ્યું રે, બીજે કંઇ ભાળુ નહિ;
એયો અનુપમ હિરલોરે, કાચે કરી આપું નહિ. મુજને. ૧

સાએ કરી જગદિશ્વરે, રાખ્યા કરોડા કરોડ;
એવો અનુપમ ઢોલોરે, નથી જગતમાં જોડ,
તે મૂરખ પસ્તાણોરે, જેણે વિશાર્યો રાગે કરી;
ભૂલાવ્યો તે ના ભૂલેરે, જેને રગે રગથી અલગો નહિ.
મુજને. ૨

જ્યાં ત્યાં રૂપજ તેનું, જોતી સમ્ ભરપૂર;
ચિત્ત વિચીત્ર તેથી ના સૂઝે, સબઘટ તેનું નુર,
સમ્રણે સાએ કીધીરે, હાજર ઉભો રહી;
તે નુર નારાયણનુ રે, ઘટો ઘટ બોલે જઈ. મુજને. ૩

એકજ શાંઇ રમત ઘણેરી, જહાં તહાં ભરપુર;
મૂરખ મન ચેતી ના શકયો, તેથી પડીયો દુર,
નામે તે ઓળખાણોરે, અરબી રૂપે સહી;
અલી સાએ કરજોરે, 'ખાકી' બીજે જાએ નહિ. મુ. ૪

પદ, ૯ મું.

રાગ, ગરબી

ગુરૂજી ને વિનવું રે, તન મન ધન વારી,
અર્પું શિશ ગુરૂ ચરણે રે, હિમ્મત દિલધારી. (ટેક.)
જીલ્લે અમદાવાદમાં, તાલુકે દશક્રોઇ;
ગામ પીરાણામહાં, કુંવારી ધરાજોઇ.
જોઇ મન હરખ્યુરે, ગુરૂ આનન્દકારી;
ચિત્ત મારૂં ચોટયુંરે, દિલે આનન્દધારી. ગુરૂજી. ૧
પ્રગટ પીર ઇમામશાહ, ગોર બ્રહ્મા અવતાર;
નર અવતારે આવીયા, નર મહમ્મદ શાહ દાતાર.
જોઇ મોહ પામીરે, દીલે આનન્દ ધારી;
હાજર બેગ હજુર છેરે, જાઉ હું બલીહારી ગુરૂજી. ૨
ધામ શોભે સરસ, સદાવ્રત આપે નિત્ત;
હું દાસ છું તમૂ તણો, ચરણ કમળની પ્રીત.

એમની વૌંસના રે, સૈયદો છે ભારી;
પીરાણે એ રહેછેરે, તે સરવે હક ધારી. ગુરૂજી૦ ૩
કાનમ સુરત પીટલાદમાં, રહે છે સૈયદ જન;
નામ સર્વના દેતો નથી, ધરજો સાચે મન.
યાત્રાએ લોક આવે છે રે, ઘણા નર ને નારી
નામ આપ ચરણે રે, તન મન ધન વારી. ગુરૂજી૦ ૪
પરછા ઘણા પુરીયા, કહેતાં ના આવે પાર;
કાશી દેખાડી પલકત્રાં સંઘ પામ્યો દિદાર,
ધર્મ સૌ પાળે છે રે, ઘણા નર ને નારી;
ઉત્તમ અવતારી રે, મનહર સુખકારી. ગુરૂજી૦ ૫
'ખાકી' કર જોડી કહે, રાખો ચરણની પાસ;
દાસ તમારો જાણીને, ઓધારો જુગરાય;
દાસ આપનો વિનવેરે, બન્ને કર જોડી;
આચ ધારી તમારીરે, જપે તન મન વારી. ગુરૂજી૦ ૬

પદ, ૧૦. દસમું

રાગ. ગરબી

શાહોજી ભજવું રે, તન મન ધન વારી;
પીરશાહ નિત્ય જપવું રે, લેશો ભવ જળ તારી. (ટેક.)

પ્રે. ૮

ધ્યાન ધર્મપર રાખીને, ધર્મ પાળું સદાયે;
મન મારૂં ચોંટી રહ્યું, નિત્ત નિત્ત લાગું પાયે.
મોહ, મદ તજીનેરે, કરૂં ભક્તિ દિલધારી;
અમને તારી લેજોરે, ભવજળ છે ભારી. શાહોજી૦ ૧
મચ્છ આદિ રૂપ ધરી, ભક્તની રાખી લાજ;
પાંચ કરોડી તારીયા, કરતા યુગે મહારાજ.
ત્રેતા યુગમાં આવ્યોરે, હરિચંદને તારી;
સાત કરોડી સીધ્યારે, ભવજળથી ભારી. શાહોજી૦ ૨
દ્વાપુર યુગમાં આવિયા, તાર્યા યુધિષ્ટિર રાયે;
નવ કરોડી ઓધર્યા, લાગ્યા શાહોને પાયે,
અમને તારી લેજોરે, પ્રેહેલાદ લીધો તારી;
સાએ સેવકની કરજોરે, તમ વિના દુઃખીભારી. શાહોજી૩
પીર સુદરદિન આવી, તાર્યા કરોડી બાર;
કાગળ નાવે ઉતારીયા, સેવકને ભવપાર.
અન્નંત ઓધારશોરે, દશમાં અવતારી;
નકલંકીરૂપ ધરશોરે, અન્નંતના ઓધારી. શાહોજી૦ ૪
'ખાકી'દાસ છે આપનો, આદે અંતની રીત;
મન નિર્મળથી ભજું, ચરણ કમળની પ્રીત.
દાસ આપનો જાણીરે, સૌએ થાઓ મોરારી,
વિઘ્ન મમ્ હરજોરે, અચળ દાતારી. શાહોજી૦ ૫

પદ, ૧૧. મું.

રાગ, ગરબો.

સખી પડવે તે પંથે સીધાર્યારે,
અઘોર વનના તે મારગ ઝાલ્યારે;
સાથે હાજર બેગતે આવ્યા,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૧

સખી બીજે તે વનમાં બિરાજોરે,
ત્યાંનો એક લૂટારો રહેછેરે,
નામ કહેતાંતો નાંયો કહે છે,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૨

સખી ત્રીજે ત્રિભોવનના જાણ્યારે,
લૂંટવા કાજે હૈયે હર્ષ આણ્યારે,
જેવા તીર ચડાવીને તાણ્યા,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૩

સખી ચોથે ચતુરાઈ કીધીરે,
હાથ ઉંચારહો એ આજ્ઞા દીધીરે.
પછી અમ્મર દ્રષ્ટિ કીધી,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૪

સખી પાંચમે અમૃત સીંચ્યો,
નામ ગુણવંત નાશિરદ્દીન કીધોરે;
શિષ્ય જાણીને સાથે લીધો,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૫

સખી છઠ્ઠે આવી પોંત્યારે,
આવી આશન સાબર ત્રષ્કે કીધારે,
નીર ચોદિશ ત્યાંતો દીઠાં;
વિશ્વપતી ગોર હૃદયમાં રહેજોરે. ૬

સખી સાતમે લીલા ત્યાં લીધીરે,
પૂર ફાડીને વાટજ લીધીરે;
ત્યાં તો પાર તે ગાડી કીધી,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૭

સખી આઠમે ગિર્મથે આવ્યારે,
ત્યાંતો સરવેને મન ભાવ્યારે;
લાવી વર્ષાદ ધાન નીપાવ્યા,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૮

સખી નોમે તે કૃપા કીધીરે,
તીર નાખી જગ્યા તે લીધીરે;
સાવજે ચર્ણરજ શિર લીધી;
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૯

સખી દસમે દરગા બંધાવેરે,
ત્યાં તો મજુર સરવે આવેરે;
સર્વે લોકોને મન ભાવે,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૧૦

સખી એકાદશી તે કહીયેરે,
ત્યાંતો નિશદીન આનન્દ લૈયેરે;
અહાર નિંદ્રા તજી બેસી રહિયે,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૧૧

સખી બારશે રોજો ચણાએરે,
મજુરોને આનન્દ ન માએરે;
ગાદી હેઠેથી નાણુ અપાએ,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૧૨

સાખી તેરસે મજુર વિચારેરે,
ગાદી હેઠે તે નાણુ કાવેરે;
રાતે આવું તો સૌ હાથ આવે,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૧૩

સખી ચૌદસે ખોદી થાકયોરે,
પછી બમણે દામે આનન્દ વ્યાપ્યોરે;
સ્વામી દ્રષ્ટે નવનિધે થાપ્યો,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૧૪

સખી પુનમે સંઘ શોહાવેરે,
યાત્રાળુ તે કાશીયે જાવેરે;
ગુરૂ પ્રતાપે દર્શન પાવે.
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૧૫

સખી પુનમચંદ અલી કહીયેરે,
તેની કૃપાએ આનન્દ લૈયેરે;
એના દર્શને અમર થૈયે,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૧૬

સખી ઇમામ અદ્રષ્ટ આવેરે,
તેતો આલે અખંડ શોભાવેરે,
તેનો પાર તે કોઈ ના પાવે;
વિશ્વપતીગોર હૃદમાં રહેજોરે. ૧૭

સખી પંદર તિથી થઈ પૂરીરે,
એતો 'ખાકી'એ હર્ષ શું જોડીરે;
કૃષ્ણપક્ષ દશમે થઈ પુરી,
વિશ્વપતી ગોર હૃદયમાં રહેજોરે. ૧૮

પદ, ૧૨ મું

રાગ ગરબો

સખી પડવે અબોલા ના રહિયેરે;
અવગુણુ તે સઘલા સહિયેરે;
નરમહમ્મદશાહ દર્શન દેયે,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે. ૧

સખી બીજે તે બહુ નામીરે,
કરોડી અનંતના આપ સ્વામીરે;
હું અરજ કરૂં શિષ નામી,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે. ૨

સખી ત્રીજે સકળ ગુણુ ભરિયારે,
એવા આપ અક્કલના દરિયારે;
આજે કળયુગનો વર વરિયા;
શ્રી નકલંકી નાથ દર્શને દેજોરે. ૩

સખી ચોથે ચરિત્ર બહુ કરીયારે,
કરતા યુગમાં પ્રેહલાદ તરીયારે;
એવા સાતે હરિચંદ વરિયા,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે. ૪

સખી પાંચમે પાંડવ આવ્યારે,
શ્રી બુદ્ધ હિમાળે સિધાવ્યારે;
નવ કોડી અભય પદ પાયારે,
શ્રી નકલંકી, નાથ દર્શન દેજોરે. ૫

સખી છઠ્ઠે કલિયુગમાં આવ્યારે,
બાર કોડી સુંદર દિન લાવ્યારે;
એવા અનેક ભક્ત ઓધાર્યા,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે. ૬

સખી સાતમે સેવી સુખ લૈયેરે,
આત્મ એક દુઃખ કેને ના દૈયેરે;
માહા વાયક સમજી રહિરે,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે. ૭

સખી આઠમે આનંદ લૈયેરે,
કામ ક્રોધ લોભ તજી દૈયેરે;
વાઢી વિકાર બ્રહ્મમાં ભળિયે,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે. ૮

સખી નોમે 'હુ' પર હરીયેરે,
દયા ક્ષમા યે આનન્દ લૈયેરે;
વિવેક વૈરાગે ભવ સાગર તરીયે,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે. ૯

સખી દશમે દયાળ ઓળખાયારે.
તેના રૂપે અજંપો જપવોરે;
શાહા રૂપે ધ્યાનજ ધરવો,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે. ૧૦

સખી એકાદશી નિષ્ફળ જાશેરે,
બીજ શુકરવારી બહુ ફળશેરે;
તેત્રીસ કરોડીમાં જઇ ભળશે,
શ્રી નકલંકી નાથ દર્શન દેજેરે. ૧૧

સખી બારસે બાહેર કેમ ભમીયેરે,
સઘળા હરીજનથી મન ડરીયેરે;
અંત્ર ટાળી બ્રહ્મ વરને મળીયે,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે. ૧૨

સખી તેરસે તિરથ સાચોરે,
પડી રહેશે તે પિંડ કાચોરે;
જઈ સત્ય સંગતમાં રાચો,
શ્રી નકલંકી નાથ દર્શન દેજો. ૧૩

સખી ચૌદસે ચો દિશ બીતીરે,
બીજા સરવે ફોગટિયા મોતીરે;
મોતી સાચા તે લેજો ગોતી;
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે. ૧૪

સખી પુનમે પ્રેમરસ મીઠા રે,
શાહા પીર દરબારે દીઠા રે;
લાગે પીરશાહ 'ખાકી'ને મીઠા;
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે. ૧૫

પદ. ૧૩. મું.

રાગ. ભજન ચલતીનું

જગમાં જીવવું થોડું રે હંસા, જવું છે વહેલું મોડું, (ટેક)
પવન લહેરે પર સ્વાર છે ને, મરણ આવે દોડયું.
છોડાવ્યું નહિ છુટે, જ્યારે જમે ડોકું તોડયું રે. હંસા;
જવું છે વહેલું મોડું. ૧
સગા કુટુંબી સરવે સંગી, જ્યાં લગી ગાંઠમાં નાણું.
જરવિના કોઇના બોલાવે, એવું આ કમઠાણું રે. હંસા;
જવું છે વહેલું મોડું. ૨
નિચિંન્ત સુતો જરા ન જાગ્યો, કયાં રહેવું ? કયાં જાવું ?
દીધેલો કોલ તે કેમ વિશાર્યો ? માયામાં લપટાણું રે, હંસા;
જવું છે વેહેલું મોડું. ૩
સંત સમાગમ કદી નાં કીધો, અંતર હેત ના આણ્યું.
વિષે સુખમાં લિન થયો પણ, નથી એથી અજાણ્યું રે. હંસા
જવું છે વેહેલું મોડું. ૪

સગાં સંબંધી વહેરી તારા, તેમાં મન બંધાણું.
અતી પ્રેમે પોકાર કરે પણ,ટાલેહરિભજનનું ટાણું રે.હંસા
જવું છે વહેલું મોડું. ૫

વારે વારે હરિ આવિયા, તોએ તેં નાં જાણ્યું !
કહે'ખાકી'આકલજુગમાં,નરમહમ્મદશાહનામમવાણુરે.
હંસા જવું છે વહેલું મોડું, ૬

પદ, ૧૪. મું.

રાગ. ભજન.

જગસે નહિ ડરૂંગા બે, શુમરન ખુબ કરૂંગાજી.[ટેક]
એક નિરંજન જો અવિનાશી, જગ ઓધારણ આયાઃ
શ્રી નિષ્કલંક નારાયણ વિષ્ણુ; ભેદ તિસકા પાયા.
જગસે નહીં ડરૂંગા બે— ૧

લાજ ના જાણું મરજાદ ના જાણું, ના જાણું અંતરમાયા.
એક અવિચળ નિશદિનજાનું. જો રૂપ ધર કર આયા;
જગસે નહિ ડરૂંગા બે— ૨

મેં જાનું કે વોહી જાને, જીસ્ને રૂપ સમાયા;
જુગોં જુગમે રમકે શાંઈ, રૂપ અલીકા ધરાયા;
જગસે નહિ ડરૂંગા બે— ૩

યેહ સંતન કે મત્ જગતમે, જો રૂપ વિષ્નુકા પાયા;
જુગમે જો હી રૂપ હરીકા, વોહી અભેપદ કહેવાયા.
જગસે નહિ ડરૂંગા બે— ૪
વોહી રૂપ આજ અવિનાશી, મહમ્મદ નામ ભણાયા;
ઈમામશાહકે ઘરકો પધારી, પીરશાહ ખુદ જપવાયા,
જગસે નહિ ડરૂંગા બે— ૫
મેહેર કરના દાસકે ઉપર, 'ખાકી' ચરનમે આયા;
એસી કૃપા દયાલકી હો, ના લોપે મોહ મદ માયા?
જગસે નહિ ડરૂંગા બે— ૬

પદ. ૧૫. પંદરમું.

રાગ, ભજન.

વન વન નહિ ફીરૂંગાબે, કે બ્રહ્મસેમીલા રહું ગાજી.[ટેક]
અડશઠ તિરથ અબ નહિ જાઉં, ઉજડ ઘરસે માયા;
અડશઠ તિરથ આન રહે સબ્ બ્રહ્મમેં ધામ બનાયા.
વન વન૦ ૧
એકહી તિરથ બ્રહ્મ નિરંતર, અણઘટ ઘાટ ઘડાયા;
વિકાર સગલે દુર કીયે તબ, બ્રહ્મા નામ ભણાયા.
વન વન૦ ૨

બંકનાલ મુકામહી બનાહે, એકા દસ ફીર આયા;
મેહલ ઝલકે માહ સુનકા, અનહદ નાદ સુણાયા.વન૦૩
દ્વાદશ ચક્કા તો દેખા તમાશા,કમલ એક નજરૂં આયા;
એકહિ પાંખડી ઉસકી કહિયે, તામે ઠાઠ રચાયા.વન૦૪
અજબ તમાસા અજબ નગરકા, સતૂગોરને સમજાયા;
પ્રેમપંખીપરસ્વારકરકે,સુનશિખ્ખરપરચડવાયા.વ૦૫
સાબર કાંઠે કુંવાર કામે, નગર એક આપ બનાયા;
આદ બ્રહ્મ ઇમામશાહ ઘર, આદ નિરંજન આયા.વ૦૬
નર મહમ્મદશાહ નામ ઉસીકા, જેથા અલી કેહલાયા,
પીરશાહ જાપ ઉસીકા જપીયે,યેહી ઉસીકી માયા.વ૦૭
લીયા ધરમ સતપંથ ઉસીકા, દાસકા દાસ કહેલાયા;
'ખાકી' સેવા ઉસકી જાને, મહાપદમે જો પાયા.વન૦૮

પદ. ૧૬. સોળમું.

રાગ. ભજન.

લગત મોકુ સાંઈ સમરનકી ચટકી,
નાખું કાલ કરોધકું પટકી. (ટેક.)
બનકે બેરાગન સબ જુગ ઢુંઢું,
ઢુંઢું ખોલકે ખિડકી. લગત૦ ૧

ખિડકી ખોલકર માંહી જાવું તો
રાખે રોહ પાંચ ચોર પકડી. લગત૦ ૨
ચોર હઠાવન મુજ હાથ આઈ,
સત્ય સમશેર પકડી. લગત૦ ૩
શિળ સંતોષકું આગેહી રખકર,
સબ ચોર બાંધું મેં જકડી. લગત૦ ૪
અનુભવી મુરશદ પાયા જબહી,
તો સાહેબ બતાયા પકડી. લગત૦ ૫
પીરશાહ નામ નિશદિન જપલે,
તો રાહ અવીચળ પકડી. લગત૦ ૬
સેવા કરલે આલ અલીકી,
'ખાકી' રાહમાં નહિ રહે અટકી. લગત૦ ૭

પદ, ૧૭. સત્તરમું.

રાગ. ભજન

બની મેં તો મુર્તા દોરીકી નટડી,
બાંધું મેં તો પંચ ભુત જકડી. (ટેક.)
ઈંગલા પીંગલા કે બાંસ બનાયે,
ઉપર નાખી સૂર્તાકી રસડી. બનીમેંતો૦ ૧

જ્ઞાનવૈરાગકે ખીલે લગાયે,
બાંધી દોરી હે જકડી. બનીમેં તો૦ ૨

સત સંગતકા ઢોલ બનાયા,
ચોબ વિવેકકી લકડી. બનીમેં તો૦ ૩

ધ્રુલલિલ્લાહસેં ફુંક બજાઈરે,
સાંસ સુરનાઈ પકડી. બનીમેં તો૦ ૪

ચોટ હમારી ગગન મંડલકી,
બ્રહ્મ મુરત વહાં દરશી. બનીમેં તો૦ ૫

રૂપ અનુપમ વોહ નરજીકે,
શિરપાઘકે કલગી લટકી. બનીમેં તો૦ ૬

પીરશાહ શબ્દ અનુપમ હિરલા,
ખોજે જા ઝવેરીકી હટડી. બનીમેં તો૦ ૭

'ખાકી' ખેલે આપ અકેલા,
લગીસુન શિખરકી ચટકી. બનીમેં તો૦ ૮

પદ, ૧૮. અઢારમું.

રાગ. ભજન. ચલતી.

ખેલો સંતો અજબ મ્યદાના,
પાયા હમને નરમહમ્મદશા સુલ્તાનારે. (ટેક.)
અનુપમ આપ અલેખ અવિચળ, કરનહાર સબ જહાંનાં
અંત્તર આપ એકહી બિરાજે, પીરશાહ શબ્દ પરમાનારે.
ખેલો સંતો૦ ૧
ત્રિવેણી તિરથ અજબહે ઘટમાં, કાયે ફીરો વેરાના ?
મહા વાયક્કા ભેદ પીછાણી લો, શાહબિના શમ્શાનારે.
ખેલો સંતો૦ ૨
મૃગ કસ્તુરી વનવન ભટકે, ભેદ કસ્તુરીના જાના;
એસા તુજમાં સાંઇ બીરાજે, મેરમ ગુસ્સે લા ધ્યાનારે.
ખેલો સંતો૦ ૩
વેદ પડીપડી અરથના સીજે, જબલગ અંત્તર નહિ જાના
મુરખ ભટકે ભટક મરે, બ્રહ્મ વચન શું નહિ ધ્યાનારે.
ખેલો સંતો૦ ૪
સદ્ગુરૂ ચરણે 'ખાકી' રે વિનવે, માનો સંત સુજાન,
પરીબ્રહ્મ આપ ઘટોઘટ બોલે, પ્રેમરસ પીહો મસ્તાનારે.
ખેલો સંતો૦ ૫

પદ, ૧૯. ઓગણીમું.

રાગ. કાફી, ભજન.

સુરતા સમાણી, સત્ગુરૂ ચરણે;
અખંડ સુખ લીધું, ટાળ્યા જમને મરણે.
બીજે કેમબોલું ? શું દિર વર મળિયા;
ગુરૂજીના પ્રતાપે, ચોરાસી ફેરા ટળીયા. (ટેક.)
વેદે વખાણ્યા ને જુગમાંહી જાણ્યા, જા બુદ્ધિપે પળિયા;
જુગો જુગમાં રમત તમારી, અરબી રૂપે અવત્તરીયા;
સુરતા૦ ૧

રૂપ તમારૂં કેવી રીતે વીનવું ? નરજી અઢળક ઢળિયા;
તમતેજે ચંદ્ર સૂરજ લજવાણા, જુઓ રાહુએ ગળિયા.
સુરતા૦ ૨

સદ્ગોર ઇમામ આપે અવિચળ, સુગુણ શામળિયા;
'ખાકી' દાસ તમારો વિનવે, અરજી સુણોને પાતળિયા.
સુરતા૦ ૩

પદ, ૨૦. વીસમું.

રાગ. ધોળ.

ભજીલોને ભાવેરે, મનહર મુરારી;
અલી અવિનાશીરે, નકલંક અવતારી. ભજીલો૦ ૧
અભયપદને લેવું રે, આ ભયપદને મૂકી;
આત્મ ઓળખાવોરે, માયાને મુકી. ભજીલો૦ ૨
કોલ કેમ વિશાર્યોરે ? પ્રભ વેણ ગયો ભૂલી;
વિષ્ણુ રૂપ નાં જાણ્યું રે, એ છે મોટી સુળી. ભજીલો૦ ૩
કહેતો કે નવ ભુલું રે, જો બાહેર નીશરૂં ?
અર્પું સર્વ સાહેબનેરે, પલ એક નવ વિખરૂં. ભજી૦ ૪
માયા સર્વે કાચીરે, જો જે અંતર આણી;
કહે કોણે ભોગવીરે ? છે એકે એધાણી ? ભજીલો૦ ૫
ભજીલોને ભાવેરે, વિષ્ણુ રૂપ પ્રમાણી;
લેજો સોળ કળાઓરે, મહમ્મદશાહ એધાણી. ભજી૦ ૬
ભટકતો રહેજેરે, નથી કંઈ બીજો આરો;
'ખાકી' આજ કલિયુગમાંરે, શ્રી અલોનો વારો. ભ૦ ૭

પદ. ૨૧. એકવીસમું

રાગ. ગોડી.

મુજાવર શાહ મેહમાનારે, ભાઈ મુજાવર પીર મેહમાના.
તેત્રીસક્રોડીદેવમુજાવરઆયે,હુવાઅબહીકિલ્લાના(ટેક)
સેવાસંતકી નિશદિનકરના, જો હોય અવિચળ ઈમાના.
દુર્મતી આપે ડાહ્યા થાવે,ઉલટ જાવે ઈમાના. મુજાવર૦૧
અતી અદકારી મનુષ્યઉપકારી,સૃજનહારસબજહાનાં.
શોહી આયા યુગ યુગ રમકર, કરને ભક્ત કામાં.
મુજાવર૦ ૨
વોહી નિરંજનઆપઅવિનાશી,રખલે શોહી નીશાંનાં;
ક્રિયા કૃતવ્ય સબતનકે કરના, વચન ગોર પ્રમાનારે;
મુજાવર૦ ૩
મેલા શાહકા તબહી પાવે, સેવે અલેખ એકહી ધ્યાના;
આલેઆલે ચલકર આયા, જો મહમ્મદશાહ કહેલાના,
મુજાવર૦ ૪
વોહી અલી જો યુગયુગ રમિયા, શોહી પીર ઘર આના;
તન મન ધન શાહ ચરને ધરનાં, છાંડ દે કુલ તન
અભિમાના, મુજાવર૦ ૫

આલતિસકી અમ્મર જાનો, રહ્યો શાહ તિસ્મે નિદાના;
સેવા આલ અલીકી કીજે, વચન ગોર પ્રમાના.
મુજઘર૦ ૬

ભુલ્યા નર શો ફેરા ખાવે, ઓર જાવે ચોરાસી ઠામા;
અન્નત યુગમે રમતાં સાંઇ, 'ખાકી'સેવાતિસકી જાના.
મુજઘર૦ ૭

પદ. ૨૨. બાવીસમું.

રાગ ગોડી.

ચેતચેત મનઅબ શાહ દરશનકી વેલારે; ભાઈ ગોર
દરશનકી વેલા,
આપ અવિનાશી સરજનહારા, કરલે તિસકા મેલા;
ચેતચેત૦ (ટેક)

ચિત્ત નિર્મળ મનવશ કરલે, પામો આપોઆપ સવેલા,
ગોર નર જાહેર બેલી બેઠા, આપોઆપ અકેલા.
ચેતચેત૦ ૧

મારગ દોહેલા કઠન મુકામાં, ગઢ ચડના હે દોહેલા;
સોહી મારગ સેજે પાવે, હોય મુર્શદ અલ્બેલા.
ચેતચેત૦ ૨

લક્ષ ચોરાસી ફિર ફિર થાકયો, તબહી પાયો મનુષ્યદેહા;
આ અવશરમેં ચેતજ પ્રાની, નહિતો કઠન હોયગી વેલા.
ચેતચેત૦ ૩

એરંગરસિયાસમજુમબશિયા, વશિયાઅંતરઅકેલા;
નિર્ગુનઆપેઅલખ અવિનાશી, બતાવેગુરશદ શોહેલા
ચેતચેત૦ ૪

જો ગુન જાને શોહી પિછાને, મૂરખ ખાવે હેલા;
આલ અલીથી મક્કર પડીયા, તીશે હોયે જમકા હેલા.
ચેતચેત૦ ૫

અનુભવી હોયે વોહી જુગજાને, લક્ષન ત્રીસ માંહેલા;
નિર્મળ ચિત્ત આપહી જ્ઞાની, બ્રહ્મ કુલકા જો હો વેલા.
ચેતચેત૦ ૬

વાણી નિર્મળ નહિ અભિમાની, કામ રહિત અકેલા;
પુરન લક્ષન ત્રીચહો જીસમા, શોહી કરાવે મેલા,
ચેતચેત૦ ૭

સમરન કરના દિવ નહિ ડરના, ધરના ધ્યાન અલબેલા;
માનમમતાતજકર રહેના, સમરલેસાંઇ 'ખાકી' અકેલા.
ચેતચેત૦ ૮

પદ ૨૩. તેવીસમું.

રાગ ભજન.

(નાથ કયેશે ગજકો બંધ છુડાયો) (એ રાગ)

શાહો તમે અન્નત ઓધારણ આવ્યા;
શાહ પીર સત્ય જપાવ્યા. શાહો૦ (ટેક)
સુદરદીન શંગજ લેઈને, શાહ દર્ગે સિધાવ્યા;
કાગલ નાવે બાર કોડી, દરિયાને પાર લગાવ્યા.
શાહો૦ ૧
સંઘ શવળો સાચો દેખી, મન માંહે મલકાયા;
વીંટ વજ્જર વાટે ઉઠી, મોટપે મન પસ્તાયા. શાહો૦૨
મોટપ ટાળી તપ ધર્યું ત્યારે, શાહોજી આપજ આવ્યા;
શિર બંધ તેતો પોતાનાં શિરનું, સદ્ગોર શીર ધરાયા.
શાહો૦ ૩
નિર્ખિ નરને નિર્પાગ પોતે, પીર કબીર દીન આવ્યા;
આંકની પાધ વાટે વણેલી, શાહો સન્મુખ લાવ્યા.
શાહો૦ ૪
અર્દાશ એવી અંતરે રાખી, શાહોજી મન હર્ષાયા;
અન્નતનો વર પીરને આપી, નામ હશનશાહ ધરાયા.
શાહો૦ ૫

પીરજી તેતો પ્રેમથી બોલ્યા, પિંડ લાવી પસ્તાવા;
કલજુગ માંહે અન્નત કરોડી, કેમ આવો હો ડાહ્યા ?
શાહે૦ ૬

હેતે હરજી હસીને બોલ્યા, તમ પર મહા બ્રહ્મ જાયા;
તે ઘર માંહે રમત હમારી, નામ મહમ્મદ મચાયા.
શાહે૦ ૭

એક નુરને એકહી તન્ન, ઈંદ્ર ઇમામ દીન કાયા;
એ ઘરમાં આપણ રમશું, નિશ્ચિંત મમ્ ભાયા.
શાહે૦ ૮

અંત પ્રયંત એહીજ ઘરમાં, મહમ્મદ મેંહેદી ભાણાયા;
એવા વચને અદ્રષ્ટ આપે, હરિવૌંશ તે તો પુજાયા.
શાહે૦ ૯

વિનત્રે ખાકી નિર્મળ નુરને, શરણે રાખો હોરાયા;
નિશદિન સેવા નાથ તમારી, નાથ અનાથ નાં કાવ્યા.
શાહે૦ ૧૦

પદ, ૨૪. ચોવીસમું.

રાગ. ગરબો.

સત્પંથ સદા એજ સાચોરે, પુરા પ્રેમે મુનિજી આજ
રાચોરે;
હાથ જોડી શાહેજી પાશે જાચોરે, થાઉ સત્પંથી નવ
રહું કાચોરે, સત્પંથ૦ (ટેક.)

વેદ અનાદી જે કહે, અખંડ ધર્મ સોહાગ;
મૂર્ખ અધુરે વળી રહે, પૂરે નવ જાગરે.
રૂપવિષ્ણુનાંસોએસાચારે, આવ્યાદશેતેનવરહ્યાપાછારે;
દેવ યાનીમાં ના હોય ખાંચોરે, સત્પંથ સદા એજ
સાચોરે. ૧

વર્ણન એ વેદો કહે, અખંડ રૂપ અમાપ,
ખંડ ખંડ જે તેને લહે, તે સતિયાને દે શ્રાપરે!
મતી મંદ થઈ મન ડોલેરે, રૂપ દશમની નિંદા બોલેરે!
રૂપ દશમને મુનિજી રાચોરે, સત્પંથ સદા એજ
સાચોરે. ૨

ચારે વેદો એ એકના, અંગ ભાગ વિભાગ;
નાસ્તિક એવી ટેકના, ટાળવા સોધે લાગરે

ચોથો વેદ જે અંગે લાવેરે, પૂરા પ્રેમે એ રૂપને ગાવેરે;
અમ્મર વાણી એ દેવને રાચોરે, સત્પંથ સદા એજ
સાચોરે. ૩

નિંદાએ નાસ્તિક રહે, હોય ન વેદનું ભાન;
છંદ કુછંદને આસ્તિક કહે! ગાન તાનમાં
ગુલ્તાનરે !

વાલમિકીએ વાણી હઠાવીરે,સત્ય શોધ તે દશાની
બતાવીરે.
સાત સંવતમાં જન્મેલેજાચોરે. સત્પંથ સદા એજ
સાચોરે. ૪

સાબર ત્રસ્ટે સ્યામજી, સંકલ્પ વેદનો સારઃ
સાબર ગંગા નામથી, લહે જગ એકા તારરે.
ચરણ વિષ્ણુનાં જે સ્થળે હોય રે, તિર્થ યાત્રાનો
ધામતે જાએરે;
ચડો પંથે ન પગ મૂકો પાછોરે, સત્પંથ સદએજ
સાચોરે. ૫

કાળિંગાને ટાળવા, દેહ ધરે આવાર,
તેવા સ્થળને માળવા, ચાલો તે સૌ આપારરે.
કાગ ભૂશુંડે પક્ષ નવ રાખીરે, વાત સાચી જે પોતે
દાખીરે;
ગુરૂડજીએ જે જ્ઞાનજ જાચ્યોરે, સત્પંથ સદા એજ
સાચોરે. ૬

દેવયાની પંથ એ, વાણી ચારે ગાએ;
નહિ ભાષાનો અંતરો, દ્વેષ તણો નહિ ઠાએરે.
એવે પંથે ચડી જઈ જાચોરે, ત્યારે મળશે તે ધણી
સાચોરે;
'ખાકી' ખોટાથી નવ ખાઓ ખાંચોરે; સત્પંથ સદાએ
સાચોરે. ૭

પદ. ૨૫, પચીસમું.

રાગ, ગરબો.

જેને લગ્ની સાહેબ શું લાગીરે, એને હૃદેતે પ્રેમ
જોત જાગીરે;
તેની ભ્રમણાતે સરવે ભાગીરે, એણે માયા જંજાળ
ઝટ ત્યાગીરે.
જેને૦ (ટેક)

રૂપ અનુપમ જે લહ્યા, કહ્યા વેદે નિસ્તારરે.
જે રૂપે નર ઓળખો, તેનો કહું વિસ્તારરે.
રગેરગે વીંધાએ વૃહ બાણેરે, લાગે શાહ સુર્તાની તાણેરે;
તેની સુર્તા તે સ્વપ્નાથી જાગીરે, જેને લગ્ની સાહેબ
શું લાગીરે. ૧

સૃષ્ટી સમેના માનવી, મૂરખના સરદાર;
જ્ઞાન દેવા દિલ્માધારી, પધારિયા કિરતારરે.
રૂપમ્ રૂપમ્ વેદ જેને બોલેરે, જેનાસોનેતેદશ ભેદ ખોલેરે;
તેની સોધ એને ચિત્ત જાગીરે, જેને લગ્ની સાહેબ શું
લાગીરે. ૨

વખતે વખતે આવીયા, સરજ્યાની કરવા સાર;
મચ્છ કચ્છ ને વ્યારાહ થયા, શ્રી નૃસિંહ એ દાતારરે,
તેને જાતને ભાંત નહિ વાલીરે, વેલા વેલાનીકળા ન્યારીરે
એવા રૂપની હોય તેને તાલીરે, જેને લગ્ની સાહેબ શું
લાગીરે. ૩

વામન ફર્શુરામજી, રામ કૃષ્ણ દાતાર;
બુદ્ધા રૂપે શ્રી નાથજી, પાણ્ડવના આધારરે.
પાંણ્ડવતારણનરનાથઆવ્યારે, મલેચ્છમાટીનું કાવ્યારે;
હરિ કળાની રઢ તેને જાગીરે, જેને લગ્ની સાહેબ શું
લાગીરે. ૪

નકલંક રૂપે નર નાથજી, અરબના સરદાર;
કલજુગ તારણ આવિયા, ભારથનાં ભરથારરે.
સરદસતમ્મદીનાસ્યામબોલેરે, વેદસામતેસત્યભેદખોલેરે
અલી રૂપની ખોજ તેને જાગીરે, જેને લગ્ની સાહેબ શું
લાગીરે. ૫

ચાલીશ જામે પરવરી, રમશે દીનાનાથ;
આગમ આ આલમ તણી, શુણજો સરવે સાથરે.
એ વાણીઅગમભેદખોલેરે,નબીનુરસદ્‌ગોરજીબોલેરે;
ખંતખોળની તેને જાગીરે, જેને લગ્ની સાહેબ શું
લાગીરે. ૬

બત્રીશે મહમ્મદ માવજી, પરિવાર પીર ઇમામ,
છત્રીશે અશરફ શાહોજી, વૈરાટે વિશ્રામરે.
હારેહારે ગણીવાતબોલેરે,જ્ઞાનગુંજહૃદયજેનેખોલેરે;
'ખાકી' વાત તેને શુદ્ધ માગીરે, જેને લગ્ની સાહેબશું
લાગીરે. ૭

પદ. ૨૬. છવીસમું.

રાગ. ગરબો.

મેળે મળો મુનિજી આજ ભાવેરે, જુઓ 'આ'
નરનાથ આવેરે.
સ્વામીશુભ સંદેશો કાવેરે, મારા મુનિજી મેળે આવેરે.
મેળે મળો૦ (ટેક.)
તંમ કાજે હમ આવીયા, કલકો યુગ યુગ સાર;
મમ્‌ અંત્તરમાં તમ્‌ રહ્યા, થાવા એકાકારરે.

સ્નેહ સાચે સાહેબજી બોલેરે,
નિર્ખી નિર્ખી મસ્તાન થઇ ડોલેરે;
શાહા આપે તે પ્રેમે કાવેરે,
મેળે મળો મુનિજી આજ ભાવેરે. ૧

અમ્ તનથી તમ સૃજિયા, પ્રાણતણો અમ્ ભાગ;
તમ તાપે અમ્ લર્જિયા, મળવાનો આ લાગરે.
જૂઓ લીધા તે ધ્રુજી ને ખોલેરે,
પ્રેમે પોષી પિયુજી એમ બોલેરે;
પ્રેમે ભક્તિને જેમ લાગફાવેરે,
મેળે મળો મુનિજી આજ ભાવેરે. ૨

અગ્નિમાં આમ આવીયા, સંગ પ્રેહલાદ મમ્ બાલ;
જલ થલથી તે વરિયા, નવ આવવા દીધી આલરે.
પ્રાણસમા એ બાલ મમ્ ભાવેરે,
ભાવેભીના જે મમ્ શ્રણે આવેરે,
એવા સંદેશા સદ્ગોર લાવેરે,
મેળે મળો મુનિજી આજ ભાવેરે. ૩

હરિચંદ્રને હરાવતાં, મિત્ર ઋષી રહ્યા હાર;
ચંડાલ ગ્રહ જળ લાવતાં, અમ શિર લેતા ભારરે.
પગે પગે તેને સંગે પળિયારે,
રાખી હૃદયમાં તેને મળિયારે;

એવા સંતો તે શબ્દે આવેરે,
મેળે મળો મુનિજી આજ ભાવેરે. ૪

સતી સભામાં લાવીયા, વસ્તર હરવા કાજ;
રક્ષા કારણ આવીયા, રાખી તે લીધી લાજરે.
આત્મ સમ એ પુત્રી ભાવેરે,
એને આંચ ઉની કેમ આવેરે ?
એવે ભાવે શાહોજી બોલાવેરે;
મેળે મળો મુનિજી આજ ભાવેરે. ૫

ત્રીકમને તરછોડિયો, ભિમ્મક રાજકુમાર;
અટકે જઇ અટકાવીયો, એ લેવા તે હાર કુમારરે.
સાથે સાથે તે શીશ મેલાવ્યારે,
થઈ દુ:ખી દુ:ખે દુભાયારે;
એથી કરોડી બાર સાથ આવેરે,
મેળે મળો મુનિજી આજ ભાવેરે. ૬

ચિન નગરનો પાટવી, દુ:ખીયો દિન અપાર;
ત્રાશ પિતાનો સાટવી, આપ્યો અમ શિર ભારરે.
સાંસે સાંસે તે સંગ તેનો લીધોરે,
મુખી અન્નત નો કરી લીધોરે;
'ખાકી' સદ્દગોર ત્યાં તે બોલાવેરે,
મેળે મળો મુનિજી આજ ભાવેરે. ૭

પદ. ૨૭. સત્તાવીસમું.

સ્તુતી (રાગ) ધનાશ્રી,

ધન્ય ધન્ય સત્ય હમારો ધર્મ,
ધારીલો એજ જીવન કર્મ. ધન્ય ધન્ય. (ટેક,)
પ્રણવ મંત્રએ, વૈદિક જંત્રએ, દેવતણો એ મર્મ;
હૃદય ઘોસથી ગગન ગજાઓ, જય જય મમધર્મ.
ધન્ય ધન્ય૦ ૨
લિયે કરૂણાએ, શાહે શરૂણાએ, રાખવા નિજ મર્મ;
પૂરણ પ્રેમથી જય જય જાચો, 'ખાકી'એનિજધર્મ.
ધન્ય ધન્ય૦ ૨

ॐ

હઝરત પીર સદ્‌ગોર શ્રી ઇમામશાહના જન્મનો ટૂંક વૃતાન્ત.

હઝરત પીર શમશાન (તબ્રેજી) સાહેબ તેમણે પંજાબ તા. મુલ્તાનનાં ઉચ્ચ શેહેરમાં ત્યાંના બાદશાહનો બાળ જીવાડી સૂર્ય ઉતાર્યો હતો, તેમનાં પવિત્ર નુર (પુત્ર) બે હતા. (૧) હઝરત ઇમામ નર શ્રી કાસમશાહ સાહેબ, (૨) હઝરત પીર શ્રી સદ્‌ગોર બ્રહ્મા નશીરદીન સાહેબ. હઝરત પીર શ્રી સદ્‌ગોર બ્રહ્મા હઝરત પીર સાહેબના પવિત્ર પુત્ર (નુર) શ્રી સદ્‌ગોર બ્રહ્મા હઝરત પીર સાહેબ દીન (શાહાબોદ્દીન) સાહેબ, તેમનાં પવિત્ર પુત્ર (નુર) શ્રી સદ્‌ગોર બ્રહ્મા હઝરત પીર શ્રી સુદરદીન સાહેબ તેમનાં પવિત્ર પુત્ર (નુર) શ્રી સદ્‌ગોર બ્રહ્મા હઝરત પીર શ્રી કબીરદીન સાહેબ, એ સાહેબોનાં રોજા પંજાબની હદમાં પખીલી, ઉચ્ચ, મુલ્તાનાદિ વિગેરેમાં તેઓ શ્રીની વૌંશ જનોનાં કબજા વહિવટમાં છે, તેમની જમાતો તે વિગેરે દેશોમાં છે. એ વૌંશ બનીફાતમાં (હરિવૌંશ) એ વૌંશમાં જ ગોર અને નર આવે છે, ને છેવટ સુધી આવવાનો વાયદો પણ છે. શ્રીનર પ્રગટ હોય છે ત્યારે કે જ્યારે પોતે પોતાને સ્થાને એટલે પ્રગટ ગાદીએ બિરાજતા હોય છે, તે ત્યારે પુરેપુરી શોળ

કળાથી હોય છે. જુઓ નાનું સત્ય વચન* તે વિનાનો અન્ય કદી ઢંગ કરી શાહ કેહવરાવે તો તે દહીંત કાળિંગાનો ચેલો જાણવો. તેમજ સેહગોર બ્રહ્મા સદ્દગોરજી પણ જ્યારે ગાદીએ બિરાજે છે ત્યારે તેઓશ્રીને પણ બાર× કલા પ્રતક્ષ પ્રગટ કરવી પડે છે. શ્રીગોર અને શ્રીનર એ બન્ને નુર એક જ છે. કોઈ કોઈ વખત એકઠા પણ થઇ જાએ છે. ઘણી વખત નોખા રહે છે, એ જ્યારે એકઠા થાએ છે ત્યારે શ્રી સદ્દગોરજીનાં જામાંમાં હોય છે, પ્રગટ થાએ છે ત્યારે પણ સદ્દગોરજીનાં ઘરે નરદેહ ધારણ કરી પ્રગટ થઈ રહે છે. એ પ્રથા અનાદી કાળની છે. તેમ હરિવૈંાંશ વિના બીજે કદી પણ ગયા નથી ને જશે પણ નહિ. તેથી જ હરિવૈંાંશ વિના અન્યની પૂજા અને સેવા કરવી એ મહાદોષ છે. તેમ હરિવૈંશી વિના અન્ય ઇત્તર મનુષ્ય પોતાને શાહ, નુર ઇમામ, ગોર, પીર, પુજ્ય, આચાર્ય કે મહંત કહેવરાવતો હોય! તો તે દુષ્ટ અને ચંડાળ એટલે કાલિંગાનો ચેલો જાણવો. હરિવૈંાં-શમાં પણ ૧૬ કે બાર, કળાવાલો જ પુરૂષ નર કે સેહગોર બ્રહ્મા કહેવાય છે, અન્ય નહિ.

એવૌંશ શ્રી ખુદાવંત ઇમામ કલીનાં નાથ શ્રી વિષ્ણુ નારાયણ ભગવાન શ્રી અલી. નાં શ્રી ખુદાવંત ઇમામ હુશ્યેન,

---

* નરની સોળ કળા એ પ્રતોમાંથી જેમને તેમ **"સત્યપંથી આજ્ઞાપત્ર"** નામની બુકમાં આપવામાં આવેલ છે. તેમાં ખુલાસાવાર આપેલ છે તે જોઈ લેવી.

× ગોરની બાર કળા તે **"સત્ય પદ બોધીની"** નામની બુકમાં આપેલ છે તે જોઈ લેવી.

પ્રે. ૧૦

ના શ્રી ખુદાવંત ઇમામ ઝયનુલ્આબદિન, ના શ્રી ખુદાવંદ મહમ્મદ બાકર, ના શ્રી ખુદાવંત ઇમામ જાફરોસાદિક-ના શ્રી ખુદાવંદ ઇમામ ઇસ્માઈલ સાહેબ. ‘ઇમામ ઇસ્માઈલિ (સ૦) સલમિયા ભણી સંજોગોનુકુલ બોધાર્થે પધારેલ, તે સમયનો લાભ લેઈ માયાવી જનો એકઠા થઇ કુશીયે કાઝમને પોતાનાં ઇમામ ઠેરવી લીધા પણ તે મને સત્યપંથનાં પીરોએ તજી દીધેલ હોવાથી સત્પંથીઓને તેઓની વૌંશ સુદ્ધાં તાજ્ય છે.

શ્રી ઇમામ ખુદાવંદ શ્રી ઈસ્માઇલની વૌંશમાં શ્રી નુર સદ્ગોર પીર શ્રી સદ્ગોર બ્રહ્મા સલાઓદ્દીન સાહેબ થયા. જેમનો રોજો ગિઝનીમાં છે, તેમનાં દીકરા શ્રી શમ્મશો તબ્રેજી સાહેબ. તે વૌંશમાં હઝરત પીર શ્રી સદ્ગોર બ્રહ્મા હશન કબીર દીન સાહેબને ઘેર તેમનાં પવિત્ર પુત્ર નુર સદ્ગોર બ્રહ્મા શ્રી પીર હઝરત સૈયદ ઇમામોદિન સાહેબ હિજરીસેને ૮૪૪. વિ. સં. ૧૫૯૬. ઈસ્વીસન ૧૪૪૦ માં સફર માસની તા. ૨૭ તારીખ, વાર સોમે, ઉચ્ચ શહેરમાં રાતના શમે જન્મ પામ્યા* તે શમે આકાશમાંથી નુર (તેજ=પ્રકાશ) શ્રી પીર કબીરદ્દીન સાહેબનાં ઘર ઉપર શ્રીજીનાં જન્મ સ્થાન સુધી આવ્યું. તેનો પ્રકાશ અજવાલું (પચાસ–પચાસ ૫૦–૫૦) મૈલ સુધી પ્રશરી ગયું હતું. તે જોઈ તેટલી વસ્તીવાળા સર્વ જન સમુહ સમજ્યા હતા, કે આ બીજીવારે સૂર્ય ઊગ્યો. તેમ જ પવિત્રતાઈ વિષે પણ એમ જ હતું કે જેમ અન્ય બાળકો અવતરે છે તેવો મળ વિગેરે કાંઈ પણ નહોતું. નાલ કાપેલ, અને સુન્નત કરે, અને બીજી તમામ

---

* અન્ય સ્થળ શ્રીજીનો જન્મ સંવત ૧૫૦૦ માં થએલો લખેલ છે.

શારિરિક ગંદકીથી પવિત્ર હતા, એટલે ખાશ પવિત્ર (માસુમ) બ્રહ્મ રૂપ ઈમામ જ હતા.

શ્રી ઈમામ શાહબાવાએ પાંચ કે નવ વરસની વયમાં જોગિયો સ.થે વાદ વિવાદ કર્યો હતો.

ગુજરાત તરફ શ્રી પિતાજીની આથાએ પધારેલા તે સમે શ્રીજીની (૯) નવ વરસની આયુષ્ય હતી. શાહ દરગાહે જઈ નરની કળા લેઇ પીરાણે આવી કાશી બતાવી. સવા-મણ જનોઇયો ઉતરાવેલી. રોજો એમનો પીરાણામાં છે. તે રોજાદિની સેવા એ જ પંથનાં સેવકો પૈકીનો જેને વૈશજનો કાકા બનાવે છે તે કરે છે. અને એ કાકાઓ પણ શ્રી સદ્દગોર પીર ઇમામશાહના વૈંશના હિતાર્થે જ હોય છે.

સેવા કારભાર જે કાકાને સોંપવામાં આવે છે, તે કાકા જમાતમાં ફરીને શ્રી સદ્દગોર બ્રહ્મા તથા શ્રી નારાયણ વિષ્ણુ એટલે ઈમામગોરની દશાંશની રકમ ઉઘરાવવા, કાર-ખાના (દરબાર) ની દેખરેખ રાખવા, સૈયદો (વૈંશજનો) ના વખતો વખતનાં હકો, દસ્તુરો, વિગેરે આપવા અને તેમના રક્ષણના ઉપયોગમાં ખર્ચ કરવા, જમાતો વિગેરેની ખાતર બરદાસ કરવા અને સદાવ્રત આપવા સારૂ હોય છે. હાલમાં કાકા* લક્ષ્મણ છે.

શ્રી સદ્દગોર બ્રહ્મા હઝરત પીર ઇમામશાહ સાહેબે રોજાનો પાયો પોતે સંવત વિ૰ ૧૫૨૪ હિ૰ સ૰ ૮૭૩ માં નાખ્યો હતો. અમ્મર લોકની લિલા વિ૰ સંવત ૧૫૮૫. હિ૰ સ૰ ૯૩૫. ઈ૰ સન ૧૫૨૮ માં રમજાન માસની

* આ ચોપડી છપાઇ ત્યારે હતા. હાલ કાકા રામજી છે.

તારીખ '૨૫' મીના દિવસે સ્વિકારી હતી. આયુષ્ય પંચોતેર (૭૫) વર્ષની હતી.*

પીરાણા તે અમદાવાદથી દક્ષિણે પાંચ (૫) ગાઉ ગંગા સાબર નદીના ઉગમણે કાંઠે એક ગાઉ (૧), વૈરાટ દક્ષિણે (ધોલકાથી ઉત્તરે સાત ગાઉ (૭), નર્મદા નદિથી ઉત્તરે સોળ જોજન (૧૬–૬૪ ચોસઠ ગાઉ) છે. જેને હીમપુર, ઈમામપુર, નિષ્કલંકીનું ધામ, છેલ્લો અખાડો પણ કહે છે.

શ્રી સદ્ગોર બ્રહ્મા હઝરત પીર ઈમામશાહનો ઉરશ સવાલ (ઈદના) મહિનાની તારીખ પાંચ (૫) અને છઠી (૬) એ થાએ છે.

---

* બીજે મરણ સંવત ૧૫૬૫ માં બતાવી, વય શ્રીજીની ૬૫ા વરસની બતાવી છે.

ખંભાત રાજ્યના આઠ આનાનો ઈસ્ટાંપ ૫૦૭૭૮૩ સને ૧૯૩૧	આ નકલની શબ્દ ફીના રૂા. ૦—૮—૩ શબ્દ ૩૪૪ મુકાબલ ફીના રૂા. ૦—૨—૦ મળી કુલ રૂા. ૦—૧૦—૩ રજુ કર્યો તે જમા લઈ નકલ આપી. તા. ૩૧—૧૨—૧૯૩૧

ન્યાયાધીશ મુ. નં. ૧૯૫, ૧૯૭૧ કે તા. ૨૦—૧—૨૦ આ કાગલ અરજ કરનાર સૈયદ બાવાસાહેબ અહમદઅલીએ રજુ કર્યો. આ ૪૧૪ ના તરજુમાની નકલ લેવા રજુ કર્યો. તા. ૧૫—૧૨—૩૧.

ન્યાયાધીશ
કોર્ટ, સંસ્થાન
ખંભાત

(સહી) અંગ્રેજીમાં સહી
(સહી) અંગ્રેજીમાં
આ. ૪૧૪
ઈ. ઈ.
ન્યાયાધીશ

(૭૮૬) તરજુમા ફીનો રૂા. ૧ ચાર્જ કર્યો છે.

પેહેલા હઝરત મરહુમ મગફુર સુજાઅતે દસ્તગાહ
સઆદતજ નકાબત પનાહ પીર સહાબ
મીર સૈયદ કમીરૂદ્દીન કુફર શીકન અને
એ તા. ૯૭ માહે જમાદી ઉસસાનીને દિવસે. બીજા હઝરત પીર સાહેબ મીરાં સૈયદ ઇમામોદ્દીન કુફરેશિકન અને એ તા. ૨૭ માહે રમજાન અને ૯૩૫ ને દિવસે, અને તેમના ધણીઆણી નામે બીબી અજાએબ ખાતુન, એ તારીખ ૧૪ માહે જમાદીઅલ ઉલાને દિવસે, અને શાહો પીર મીરાં સૈયદ

મહોમ્મદ અને એ તા ૨૧ માહે રજબ સને ૯૭૪ને દિવસે, અને તેની ધણીઆણી નામે બીબી બુઝુરગ, અને એ તારીખ ૨૮ જમાદિઉલ અવ્વલ સને ૯૭૪ ને દિવસે, અને મજકુર હઝરત મીર સૈયદ મોહમ્મદથી નીચેની તફસીલ મુજબ સત્તર ૧૭ ફરજન્દો થયા. તે પૈકી પનદર (૧૫) ફરજન્દો, મજકુર નામે બીબી બુઝુર્ગથી જન્મ્યા, એ નીચે મુજબ દીકરાની તફસીલ, ૧ સૈયદખાન મોહમ્મદ તેની ઉંમર દશ દિવસ, ૨ સૈયદ જીવન મજઝુબેહાલ, તેની ઉંમર વીસ વરસ ૩ સૈયદ શહાબુદ્દીન તેની ઉંમર એક વરસને છ મહિના ૪ સૈયદ શેર તેની ઉંમર છત્રીસ (૩૬) વરસ અને છ (૬) મહિના ૫ સૈયદ શહાબોદ્દીન તેમની ઓગણત્રીસ ૨૯ વરસ. ૬ સૈયદ મુસ્તુફા તેની ઉંમર પાંત્રીસ ૩૫ વરસ. ૭ સૈયદ મેઝુ તેની ઉંમર ૩૧ એકત્રીસ વરસ, અને ૮ સૈયદ ગની અને દિકરીયો નામે ૧ રાજી કેશા તેની ઉંમર એક વરસ, ને પાંચ મહિના અને નામે ૨ મહાજુ. તેની ઉંમર દશ મહિના, અને ૩ નામે રાજી સકીના. તેની ઉંમર (....) અને નામ. ૪ રાજી આલમ કલાન દશ વરસ. અને નામે. ૫ રાજી ફતેહ, તેની ઉંમર પાંચ વરસ. અને નામે ૬ રાજી રાજેદોલત, તેની ઉંમર ચાર વરસ, અને નામે ૭ રાજી આલમ.

આ બે છોકરા ચાકરડીઓથી જન્મ્યા એના નામો નીચે મુજબ. ૧ સૈયદખાન, અને તેની ઉંમર સાઠ વરસ, તેની માં બાઇ પ્રેમા, અને સૈયદઅલી, તેની ઉમર અઠ્ઠાવિસ વરસ, અને તેની માં બાઈ જમાલબાઇ કુલ મજકુર સત્તર (૧૭) ફરઝંદો અને મજકુર સૈયદ જીવનતે તારીખ ૧૬ મી મોહો-

રમને દિવસે, અને સૈયદશેર ને તારીખ ૨૧ રમજાનુલ મુબારક સને ૯૬૮ ને દિવસે, અને સૈયદ શહાબુદ્દીન તે તા. ૧૯ માહે રજબ સને ૯૭૭ ના દિવસે અને સૈયદ મુસ્તુફા તે માહે સાબાન સને ૯૮૩ ને દિવસે, અને સૈયદ મંઝુ તે તા. ૧ લી જમાદીસાની સને ૯૭૮ નાં દિવસે. અને મજકુર સૈયદઅલી તે તા. ૨૪ રબ્બીઉસસાની સને ૯૬૫ ને દિવસે, અને સૈયદ ગની તે તા. ૨૮ માહે જમાદિઉલ અવ્વલ સને ને દિવસે.

તરજુમો કરનાર જી. ડી. શેખની અંગ્રેજીમાં સહી, પરસિયન ટીચર
(સહી) ન. ક. આલા યુસુફ વા. આલાનુરૂલ્લાહ

(સહી) મુ. ક. — રજુ તા. ૧૫-૧૨-૧૯૩૧

ખરી નકલ — (સહી)

(સહી) અંગ્રેજીમાં — તૈયાર તા. ૨૭-૧૨-૧૯૩૧

ન્યાયાધીશ — (સહી)

કોરટનો સીક્કો

ખંભાત ન્યાયાધીશ

સંસ્થા

દફતરનો આંકડો બરાબર વંચાતો નથી. (ઈ. ઈ.)

સને ૧૯૩૧ ખંભાત રાજ્યનો આઠ આનાનો ઈસ્ટાંપ નંબર ૬૭૧૨	આ નકલની શબ્દફીના રૂા. ૦—૪—૬ શબ્દ ૧૩૧ મુકાબલ ફી ના રૂા. ૦—૧—૦ મળી કુલ રૂા. ૦—૫—૬ રજુ કર્યા તે જમા લઈ નકલ આપી. તા. ૩૧—૧૨—૧૯૩૧

ન્યાયાધીસ મુ. નં ૧૯૫/૧૯૭૧
ફે. તા. ૨૦—૧—૨૦ આ કાગલ અરજદાર સૈયદ બાવાસાહેબ અહમદઅલીએ તરજુમાની આ. ૪૧૯ ની ખરી નકલ લેવા રજુ કર્યો.
તા. ૧૫—૧૨—૧૯૩૧

ચીટનીસ
(અંગ્રેજીમાં સહી)

નકલ અસલ મુજબ છે. તરજુમા ફીના રૂા. ૧) ચાર્જ લેવામાં આવ્યો છે.

ન્યાયાધીસ સંસ્થા ખંભાતની કોરટનો સીક્કો	મહોર	જી. ડી. એસ. (અંગ્રેજીમાં સહી) આંક ૪૧૯ (ઈ. ઈ.)

અંગ્રેજીમાં સહી
ન્યાયાધીશ

નકલ

નસીબદાર વજીર એતેમદખાન અને શેખ અને સદર મોહોમ્મદ અકરમ મુહિદનની મહોરવળો તા. ૨૧ માહે સાબાન સને ૩૭ જુલુસેવાલાની કરાર મુજબનો પરવાનો લખવામાં આવ્યો કે શાહ ઇમામોદિનનો નુરાની રોજો જે અમદાવાદના હવેલી પ્રગણાના અમલમાં આવેલા કરમતા

ગામમાં છે તેની તોલિઅત્ (SUPERINTENDENCY) અને સજ્જાદે નસીનીના (વારસ તરીકે ગાદીએ બેસવાનું કામ) નુ કામ સૈયદ મોહમ્મદ અશરફ વલદે સૈયદ મુરતજાને નામે મુકરર હતું. અને મજકુર માણસના ગુજર્યા પછી મરહુમ શેખ ગુલામમહિઉદ્દીન અને મરહુમ સૈયદ નીજામુદીન હશન અમદાવાદના સુબાના અગાઉનના સદરોની મહોરોવાલા પરવાના મુજબ સૈયદ મોહમ્મદ અશરફ ગુજરી ગએલાનાં દીકરા સૈયદ નશરૂલ્લાને નામે મુકરર કરવામાં આવેલું. આ વખતે પણ મકુજર રોજાની તોલિયત ને સજ્જાદે નસીનીનું કામ અગાઉના દસ્તુર મુજબ મજકુર સૈયદ નસરૂલ્લાહને નામે મુકરર કરવામાં આવ્યું. લખેલા કામો કરવામાં મામુલ મુજબ વરતવું જોઇએ. તા. સદર સને મજકુર.

તરજુમો કરનાર જી. ડી. શેખની અંગ્રેજીમાં સહી. પરશન ટીચર ન. ક. આલાયુસુફવા આલા નુરૂલ્લાહ.

સુ. ક. ખરી નકલ

ન્યાયાધીશ સંસ્થા ખંભાતની કોરટનો શીક્કો

ન્યાયાધીશ

મજકુર મહમદ અશરફ (એટલે શ્રી શાહો અશરફશાહ) બાવાના પવિત્ર પુત્ર ગાદી વારસ સૈયદ અબ્બાસમીઆં સાહેબ, ને શ્રી શાહોજીની મજકુર જગ્યાએ બાદશાહે તેમને સત્પંથનાં ગાદીવારસ તરીકે રાજ્યની સંમતીએ મુકરર કર્યા. તે બાબતનો પ્રમાણપત્ર.

અસલ પ્રમાણે

રસુલિલ્લાહની શરીઅતના સેવક મુફતી ગુલામરસુલ ૧૧૬૧ હીજરી

મર્હુમ જવાંમર્દખાન બાબીની મહોરવાલો પરવાનો, આ જાહેરાતથી જાગીરદારો, હવેલી સરકાર અને અમદાબાદના સુબા સાહેબનાં તમામ માણસોના જાણવામાં આવે કે, જ્યારે ખુદાનો મેળાપ જેમણે પ્રાપ્ત કર્યો હોય, એવાઓમાં શ્રેષ્ઠ પુરૂષ (હ. સૈયદ ઈમામોદીન તેમની કબર પવિત્ર રહો)ના રોઝાની ગાદી ઉપર બેસવાનો હક્ક અને રોજાનો વહિવટ કરવાનું કામ સૈયદ અબ્બાસી વલદે સૈયદ મહંમદ અશરફને મુખ્ય અમલદારની મોહોર સાથે જુના રિવાજ મુજબ સોંપવામાં આવ્યું છે, ત્યારે મજકુર ખિદમતના દસ્તુર મુજબ ઉપર કહેલા સૈયદ સાહેબને તે જગ્યા ઉપર કાયમ રાખીને તેમને સજ્જાદા નશિન (ગાદી ઉપર બેસનાર) ગણી તેને બધા લવાજમ અને હક્કો તેમના ભોગવટા માટે સોંપી દેવામાં આવે છે, અને તેમની યોગ્ય સલાહ અને શબ્દો વિરૂદ્ધ જવું ન જોઈએ. હાલમાં જ તાકીદ સમજીને લખ્યા મુજબ અમલ કરવો. તા. ૧૯ માહે જમાદિયુલ અવ્વલ સને ૧૧૬૧ હીજરી.

સંદલોની યાદી

૧ હજરત પીર કબીરોદિનની સંદલ માહે જમાદી-લુસ્સાની તારીખ ૧૭ મીયે છે. પીરાણા મુકામે પણ કરે છે.

૨ હજરત પીર ઈમામોદિનની સંદલ માહે રમજાનની તારીખ ૨૫ મીયે છે. પીરાણા મુકામે.

૩ હજરત શાહો નરઅલી મહમ્મદશાહની સંદલ માહે રજ્જબની તારીખ ૨૧ મીયે છે. પીરાણા મુકામે.

૪ હજરત પીર સહાબોદિનની સંદલ માહે રજ્જબની તારીખ ૧૯ મીયે છે. પીરાણા મુકામે.

૫ હજરત શાહો જલાલશાહની સંદલ માહે રજબની તારીખ ૧૫ મીયે છે. પીરાણા મુકામે.

૬ સૈયદ પીર મુસ્તુફાની સંદલ માહે સાબાનની તારીખ ૨૬ મીયે છે. પીરાણા મુકામે.

૭ હજરત સૈયદ નુરસાહ બાવાની સંદલ માહે જીલકાદની તારીખ ૧૫ મીયે છે. પીરાણા મુકામે.

૮ હજરત પીર શાહો અસરફશાહ બાવાની સંદલ માહે જીલહજની તારીખ ૧૩ મીયે છે. ધોલકા મુકામે.

૯ હજરત કાસમશાહની સંદલ માહે જીલહજની તારીખ ૧ લીયે અમદાવાદ મુકામે.

૧૦ હજરત બાવા ફજ્જુની સંદલ માહે શાબાનની તારીખ ૧૭ મીયે છે. કોચરબ અમદાવાદ મુકામે.

૧૧ વલનશાહ બાવાની સંદલ માહે શાબાનની તારીખ ૨૭ મીયે છે. પીરાણા મુકામે.

૧૨ પૂ. શ્રી. "ખાકી" સાહેબનું સંદલ તા. ૧૧ મી મોહરમ.

સત્પંથ પ્રેમિયોને,

સત્પંથનો પ્રેમ હોય ? સત્પંથની વૃદ્ધિ ઇચ્છતા હોવ ! તો પ્રથમ તમારે સત્પંથની ક્રિયાઓ પાળવા તત્પર થવું જ જોઇએ. સાવ સ્વાદ તજી સદ્ગોર આધીન રહેવા હિમ્મતવાન રહેવું પડે. આમ જગતમાં સંડોવાઇ મનગમતી મોજો માણી સત્પંથી નહી રહી શકાય. (દિન દુનિયાકી મિલ્તી ધાતા ? તો એદિન દો કર કોઈનાં જાતા.)

જો જગતનાં ફંદમાં રચ્યા પચ્યા રહેશો તો તમે કદી પણ સત્પંથી હતા એવું જદ્ગોર કદી પણ કબુલ નહિ કરે. સત્પંથનું પ્રથમ પગથિયું શરિર શુદ્ધિનું કાર્ય, લાઈ સુતક સાચવવાનાં સ્નાનનાં પ્રયોગો વિધી યુક્ત કરવાનાં, તે સાથે જ હૃદય શુદ્ધિ સારૂ માદક પદાર્થો ત્યાગવાના છે, તેમાં લશણ, ડુંગળી, હીંગ, તમાકુ, અફીણ, ગાંજો, ભાંગ, તાડી, દારૂ, માંજમ, ચડશ મૌશાદિ સર્વ પદાર્થોથી વેગળા રહેવાનું, એથી જ તમો સત્પંથ પાળવા હિમ્મતવાન થાશો.

જ્યાં સુધી મન તમારૂં માદક પદાર્થોના સેવનથી નિર્બળ રહેલું હશે ત્યાં સુધી સત્પંથની ક્રિયાઓ પાળતા કંટાળો આવવાનો જ. જ્યારે માદક પદાર્થોનો ત્યાગ સંપુરણ રીતથી કરશો ત્યારે જ પુરેપુરા બે વરસ વિત્યા બાદ મન તમારૂં બળવાન થાતું જાશે, ને સત્પંથના વિવેકો ક્રિયાઓ પાળવા હિમ્મતવાન થાશે, તમોને દશાંશ પુરી આપવા કંટાળો નહિ આવે, વર્ત (શુક્રવારી બીજનું) કરતાં મુજ-

વણ નહિ પડે. ચારે વખત જે કરવાનાં, જેને સતપંથની બંદગી કે સંધ્યા કહો તેના સમય નહિ ચુકાએ. નિત્ય ઘટ પાટની વિધીમાં ગયા વિના, અને અમૃત પિધા વિના નહી જ ચાલે. ધ્યાન પણ શુદ્ધ સાત્વિક બુદ્ધિએથી શ્રી નિષ્કલંકી નારાયણનું જ તમોને પ્રાપ્ત થાશે. એ સર્વ કાર્ય પુરેપુરા કરાય છે, તેને જ સતપંથ કહે છે, ને તે કરનારો જ સતપંથી છે, "કહે શુણે કછુ અરથના સીજે, પાળે જીવડા છુટે" એ ફર્માન સદ્દગોરનું ધ્યાનમાં રાખવાનું છે.

જ્યાં તમો શુદ્ધ સતપંથી થયા કે જગત તમારૂં અનુકરણ કરી તમારે પગલે ચાલશે. અહીં (કોમીવાદ નાત, જાત, બાર, વેહેર કાંઈ જોવાનું) નથી ફક્ત સાત્વિક પવિત્ર વ્યવહારે જ સતપંથી થવાએ છે. જ્યારે સર્વત્ર સતપંથ, સતપંથ પતાતો જોવાશે ત્યારે જ અન્નંતનો સંગ પુરો થયેલો જાણવો.

સાથે સાથે એ પણ જાગવા જોગ છે કે, જેઓ સતપંથ વિધિ યુક્ત પાળતા બનેલા જ્ઞાની સતપંથી ને અંદ્ધા શ્રદ્ધા નહિ જ રહે, ઢોંગીને ધુતારાઓથી નહિ છેતરાએ, અને તેઓનાં ફંદમાં નહિ જ પડે. એટલે જેઓ સતપંથ નથી પાળતા, સતપંથનો ક્રિયાઓ નથી સાચવી પાળી શકતા ને મિથ્યા ઢોંગને આડંબર કરી પોતે પુજ્ય થવાના રોગ કરે છે તેઓને "એ" કદી પણ સતપંથી નહી લેખે, ને તેને કદી પણ નહિ માને. ઉલ્ટો મિથ્યાવાદી ઢોંગી કહી તજી દેશે. જેથી કરી તેવા ઢોંગીયો સતપંથિયોની નિંદાએ લાગશે, પણ સદ્દગોરનાં વચનાનુસાર વર્તનારા સદ્દગોર આશ્રિત સતપંથિયો એ કદી પણ તેવાઓથી બીહવાનું

નથી, તે અવશ્ય યાદ રાખવું, ને તેવાઓને કોઈપણ પ્રકારથી કાંઈપણ દેવું નહિ.

ક્રિયા ભ્રષ્ટ સત્પંથનો દ્રોહી કહેવાય, કારણ જો સદ્‌ગોરની વાણી ઉપર તેઓની શ્રદ્ધા હોત તો તેઓ કેમ તે પ્રમાણેનાં ચાલે ? શ્રદ્ધાહીન હોવાથી તેઓ સદ્‌ગોરના દ્રોહી લેખાએ, સદ્‌ગોરનો દ્રોહિ જ ચંડાળ હોય છે. તે ચંડાળોને આપી પોષવાથી તેઓ સત્પંથનું નાશ કરે છે, તેથી તેઓને આપનારાઓ પણ સત્પંથીનું નાશ કરનારા લેખાએ, જેથી કરી સત્પંથીયો તો તેઓનો સંગ પણ નહી કરે.

અવશ્ય 'એ' જાણવા જોગને માનવા જોગે હોવાથી હે શ્રી સદ્‌ગોર ! સર્વ સત્પંથિયોના લક્ષમાં રહે તેવી સર્વને તમારી પ્રેરણા કરજો. તથાસ્તુ (આમીન)

લી. શુભેચ્છક.
" ખાકી "

લેખકના બે બોલ

જેસા બાઉ બંધ હે, તેસા આ સંસાર;
આવતા આવે જોરમાં, જાતા ના લાગે વાર. (સત્યવેણી.)

મારા ચતુર વાચકો, મારા હકમાં એવી આશીષ કરજો, જે ઈચ્છાએ આ વર્ણન છપાવી બાહાર પાડયું છે, તે સાહેબને પ્રતાપે ફળીભૂત થાઓ.

સાચે થેસો સાચશું, ખેલ ગયે મેદાન;
કુડાશાહના પામીયા, ફોગટ ફિરા નાદાન. (સત્યવેણી.)

સત્યમેવ જયતે

બોલો શ્રી ઈમામશાહ બાવાની જય.

સમાપ્ત

સતપંથી સાહિત્ય પ્રકાશનોની યાદી

નામ	કિંમત
(૧) સતપંથી યજ્ઞવિધી	રૂ. ૩-૮-૦
(૨) સતપંથી આજ્ઞાપત્ર	રૂ. ૩-૮-૦
(૩) સતપંથ ચેતામણી	રૂ. ૧-૦-૦
(૪) શ્રી ઇમામશાહ બાવાની મોટી ચેતામણી	રૂ. ૧-૮-૦
(૫) ચિત્તવરણી	રૂ. ૧-૦-૦
(૬) મનહર જ્ઞાન	રૂ. ૧-૦-૦
(૭) યોગવાણી	રૂ. ૧-૦-૦
(૮) શ્રી ઇમામશાહ બાવાના પરછા	રૂ. ૦-૪-૦
(૯) કલીતારક મંત્ર	રૂ. ૦-૫-૦
(૧૦) શ્રી નિષ્કલંકી નારાયણની ભાળ	રૂ. ૦-૫-૦
(૧૧) નાયાકાકાનો સંવાદ	રૂ. ૧-૦-૦
(૧૨) ગોરવાણીના જ્ઞાન	છપાય છે.
(૧૩) સતપંથનો ઇતિહાસ	”

અમારૂં પ્રાઇસલીસ્ટ વાંચવાથી વધુ માહિતી મળશે.

realpatidar.com

realpatidar.com

realpatidar.com